ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષઃ ૨૭ || અંકઃ ૮ || ઓગસ્ટ ૨૦૨૫ || સળંગ અંક : ૬૪૬

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



कर्मण्येवाधिकारस्ते।


**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.ecvm.net

# ડૉ. કુમારપાળ દેસાઈને એનાયત થયેલો 'જૈના ગ્લોબલ એવોર્ડ-૨૦૨૫'






અમેરિકાના અને કેનેડાનાં ૭૨ જેટલાં સેન્ટર અને સંઘોનું પ્રતિનિધિત્વ કરતી અને ભારત બહારની જૈનધર્મની સૌથી મોટી અમેરિકાની'જૈના' સંસ્થાનું શિકાગોમાં દ્વિવાર્ષિક સંમેલન યોજાયું. ૧૯૮૧માં સ્થપાયેલી બે લાખ સભ્યો ધરાવતી આ સંસ્થાએ પ્રથમવાર જૈન ધર્મ દર્શનનો વૈશ્વિક પ્રભાવ સર્જનારી વ્યક્તિઓને 'જૈના ગ્લોબલ એવોર્ડ-૨૦૨૫' આપવાનું જાહેર કર્યું.

જેમાં જાણીતા સાહિત્યકાર, પત્રકાર અને જૈનદર્શનના ચિંતક ડૉ. કુમારપાળ દેસાઈને એમના વૈશ્વિક કક્ષાએ જૈનધર્મ, દર્શન, ઈતિહાસ અને જૈન જીવનશૈલીના પ્રસાર માટે 'જૈના ગ્લોબલ એવોર્ડ ૨૦૨૫' એનાયત કરવામાં આવ્યો છે.

ગુજરાતી, હિન્દી, અને અંગ્રેજીમાં ૭૦ થી વધુ પુસ્તકો અને ત્રણ હજારથી વધુ લેખો લખનાર ડૉ. કુમારપાળ દેસાઈના વિશ્વવ્યાપી કાર્યને માટે આ એવોર્ડ અપાયો છે. વ્યાપક જનસમૂહમાં પ્રવચનો દ્વારા, ઓનલાઈન માહિતી દ્વારા અને અખબાર તથા સામયિકોના માધ્યમથી તેમજ કથાશ્રેણી દ્વાર જૈન ધર્મની વિશેષતાઓને વિશ્વમાં વ્યાપક સંદર્ભ સાથે રજૂ કરી છે.

વિશ્વભરનાં ચારેય ખંડોમાં જૈન ધર્મ વિશેનાં પ્રવચનો આપવાની સાથોસાથ ભારતીય સંસ્કૃતિ અને ગુજરાતી સાહિત્ય વિશે વક્તવ્ય આપનાર ડૉ. કુમારપાળ દેસાઈને આ પૂર્વે અટલ બિહારી બાજપેયીના હસ્તે 'જૈન રત્ન'નો એવોર્ડ પ્રાપ્ત થયો હતો. એ પછી 'જૈન વિભૂષણ' તથા ઈંગ્લેન્ડમાં 'હેમચંદ્રાચાર્ય એવોર્ડ' અને 'અહિંસા એવોર્ડ', ૨૦૨૩મા 'જૈના એમ્બેસેડર એવોર્ડ' એનાયત થયા છે.

આ દેશ-વિદેશના કાર્યો માટે ઈન્સ્ટિટયૂટ ઓફ જૈનાલોજી, ભારતના ચેરમેન તરીકે કાર્યરત પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની સાથોસાથ ઈંગ્લેન્ડની ઈન્સ્ટિટ્યુટ ઓફ જૈનોલોજીનું નેતૃત્વ કરનાર શ્રી નેમુ ચંદરયાને પણ 'જૈના ગ્લોબલ એવોર્ડ ૨૦૨૫' પ્રાપ્ત થયો છે.

વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ઑગસ્ટ-૨૦૨૫
વર્ષ : ૨૭ અંક : ૮
સળંગ અંક : ૬૪૬

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ : ૧૯૪૫



**તંત્રી**
ઉર્વીશ છાયા
**પરામર્શન**
ભગીરથ બ્રહ્મભટ્ટ
**સંપાદક મંડળ**
આર. કે. માંડલિયા ● મનીષા રાઠોડ
ભીખાભાઈ દેસાઈ ● રાજીવ પટેલ
**પ્રકાશક**
ડૉ. એસ. જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦
●
**મુદ્રક**
સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

**પ્રમુખ**
શ્રી પ્રયાસ્વીનભાઈ બી. પટેલ
**ઉપપ્રમુખ**
શ્રી મનીષભાઈ એસ.પટેલ
**અધ્યક્ષ**
શ્રી ભીખુભાઈ બી. પટેલ
**માનદ્ મંત્રી**
ડૉ.એસ.જી.પટેલ
**માનદ્ સહમંત્રીઓ**
શ્રી મેહુલ ડી. પટેલ
શ્રી રમેશ સી. તલાટી શ્રી વિશાલ એચ. પટેલ

**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણસંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિતકલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેકનોલોજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કોલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ● ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.

અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-
વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર www.vvidyanagar. ecvm. net પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

મન, વાણી ને હાથથી, કરીએ સારાં કામ
એવી બુદ્ધિ દો અને, પાળો બાળ તમામ.


|| પ્રાથમ્ય || નિવૃત્તિ કે રીટાયરમેન્ટ ......................૩
**મૂ.લે.ચંદ્રકાંત બક્ષી સંકલન : એસ.જી.પટેલ**
|| આપણો વૈભવ અને વારસો || ....................૫
**પદ્ય-વિભાગ :**
**કવિ દલપતરામ, સંત મેકરણ, સંત કબીર**
|| નવાં કાવ્યો || ........................................૬
**આર.પી.પટેલ, હાર્દિક વ્યાસ, પી.એમ. પરમાર**
|| આપણો વૈભવ અને વારસો || ...................૭
**ગદ્ય-વિભાગ :** રગ-રગમાં ભારતીયતા ભરી છે.
**વિનોબા ભાવે**
|| ગદ્ય વિશેષ || ધુમાડાના બાચકા, ફલશ્રુતિ ............૮
**ઉમાશંકર જોશી**
|| લઘુકથા || ગોધૂલિ વેળા ...........................૯
**સુનીતા ઈક્ષ્તકુમાર**
|| લલિત નિબંધ || વરસાદી અવસરનાં ફૂલ .........૧૦
**ભરત જાદવ**
|| અહેવાલ || વૅકેશનમાં વાંચન-અધ્યયન શિબિર......૧૨
**ડંકેશ ઓઝા**
|| લાઘવિકા || કેફિયત.................................૧૪
**પ્રજ્ઞા એમ. ધારૈયા**
|| અભ્યાસ-લેખ || ભારતીય સ્વતંત્રતા આંદોલનમાં સરલાબેન ત્રિવેદી અને સુભદ્રાબેન શ્રોફનું યોગદાન....૧૫
**કિશન ચાવડા**
|| ગ્રંથયાત્રા || જેલમાં લખાયેલું એક અનોખું નાટક...૨૦
**દીપક મહેતા**
|| અનુવાદ || ઐતિહાસિક નવલકથાઓનું સમાજ જાગૃતિમાં યોગદાન....................................................૨૨
**મૂ.લે.એસ.એલ.ભૈરપ્પાજી, અનુ.મહેન્દ્ર નાયી**
|| યાત્રા || જીવનમાં વિવિધ યાત્રાઓનો મહિમા.....૨૮
**ભરત અંજારિયા**
|| નવલિકા || ટાવર ક્લોક ...........................૨૯
**મનીષા રાઠોડ**
|| વ્યક્તિ-વિશેષ || નોખા નારલીકર: વેધશાળાની બહાર સક્રિય રહેલા 'વિજ્ઞાનધર્મી કર્મશીલ' ......................૩૩
**દીપક જોષી**
|| ચિંતન કણિકા || Shakespear Quote.........૩૬
**આર. કે. માંડલિયા**
|| સાંપ્રત || વૈશ્વિક વસ્તીના પ્રવાહો, પડકારો અને સંભાવનાઓ..............................................૩૮
**ભાનુ એમ. પરમાર**
|| વિદ્યાવૃત્ત || ...........૧૧, ૧૩, ૧૯, ૩૫, ૩૭, ૪૦



ISSN 0976-9609

|| પ્રાથમ્ય ||

## નિવૃત્તિ કે રીટાયરમેન્ટ

**મૂળ લેખક : ચંદ્રકાંત બક્ષી / સંકલન : એસ.જી.પટેલ**

મોટો જજ કે મોટો જનરલ મેનેજર કે મોટો પુલિસ અફસર કે મોટો એક્ઝિક્યુટીવ નિવૃત્ત થાય છે, અને ઘણીવાર શા માટે તરત ગુજરી જાય છે?

'યેસ સર' જીવનભર સાંભળ્યું છે, પછી સામાન્ય નાગરિક થઈ શકાતું નથી !

જીવનભર ટેબલ પરનો બેલ દબાવીને સેવાઓ લીધી છે, પછી પોસ્ટઑફિસમાં ટિકિટ કે મનીઓર્ડરની કતારમાં ઊભા રહેવાતું નથી !

મોટા માણસને નાના થતાં આવડતું નથી !

૩૦૦-૩૫૦ ચોરસ ફિટની કેબિનમાંથી બહાર નીકળીને, જો ફૂટપાથ ઉપર આવીને એક રૂપિયાની મગફળી ખરીદીને ફાકતાં ફાકતાં ચાલી શકો, તો તમારે આ દુનિયામાં કોઈથી ડરવાનું નથી, પણ એ લગભગ અશક્ય છે !

શૉફરે ચલાવેલી મોટરકાર મૂકીને, બસમાં ફૂટબોર્ડ પર દબાઈને અંદર ઘૂસી જવાની શરમ ન હોય તો, તમે દુનિયા જીતી લીધી છે !

નિવૃત્તિ પણ આવું જ સિન્ડ્રોમ છે !

તમે મોટામાંથી નાના બની જાઓ છો, પછી એકલા બનતા જાઓ છો !

એ રસ્તાઓ જે કારના ચડાવેલા કાચમાંથી જોયા હતા, એ હવે પાસેથી વધારે અપરિચિત લાગે છે !

પહેલાં લોકો પાસે આવતાં ડરતા હતા, હવે લોકો દૂર જઈને હસી રહ્યા છે. તમે સ્વેચ્છાઓ એકલા પડી ગયા નથી, દુનિયાએ તમને એકલા કરી મૂક્યા છે. નિવૃત્તિ પૂર્ણતઃ એકલતાનો પ્રથમ અહેસાસ છે !

કઈ ઉંમર હોય છે, નિવૃત્તિની ? નક્કી નથી !

પણ જો તમે ૫૬ના છો, તો હવે ૫૪ના થવાના નથી ! તમે ૬૩ના છો, તો હવે ૬૧મું વર્ષ બહુ પાછળ ચાલ્યું ગયું છે ! હવે ૬૧નો નહીં, ૬૧ની ગતકાલીન કસકનો નહીં, ૬૫ની અનાગતકાલીન ચિંતાનો વિચાર કરો !

રિટાયરના ગર્ભમાં ટાયર (થાકવું) ધબકી રહ્યું છે !

હું એકલો નહીં જમી શકું, હું એકલો નહીં સૂઈ શકું. તમારે જ તમારી પથારી કરવાની છે, તમારે જ તમારો ચાનો કપ અને ચાની તપેલી ધોઈ નાખવાની છે !

શરીર કમજોર પડતું જાય છે, બીજા પર અવલંબન વધતું જાય છે, સમયભાન ઘટી જાય છે !

તમારી પ્રોફેશનલ આઈડેન્ટિટી સિવાય, પ્રતિષ્ઠા કે શાખ સિવાય તમારી પાસે શું હતું ?

હવે ચાબુક તમારા હાથમાં નથી. હવે તમે જે ચાબુક વાપરતા હતા એમાંથી જ લગામ બનાવીને તમને જ દાંતમાં પહેરાવી દીધી છે (જો દાંત રહી ગયા હોય તો !)

હવે તમારી પ્રતિષ્ઠા મહત્ત્વની નથી, તમારી ઉપયોગિતા મહત્ત્વની છે !

કહેવાય છે કે નિવૃત્ત માણસ માટે ઘર પણ મનપસંદ રહેતું નથી !

એક મિત્રે કહ્યું હતું, એક સંસ્કૃત શ્લોક ઉદ્ધૃત કરીને, કે વૃદ્ધ માણસે ઘરમાં અતિથિની જેમ રહેવું....! તો આદર રહે છે, સ્વીકાર થાય છે. માણસ સહજ થઈ જાય છે !

નિવૃત્ત માણસે ગંભીરતાથી પ્રથમ વિચાર કરવો પડે છે, હવે કેટલાં વર્ષોની જિંદગી બાકી રહી ? ૧૦ વર્ષ બાકી રહ્યાં ? તો એને ૧૫ વર્ષ કરવાં પડશે !

બીજી વાત, બાકીની વધેલી જિંદગી (લેફ્ટઓવર લાઈફ)નું શું કરવું છે ? ટી.વી. જોવું છે, પૌત્ર-પૌત્રીઓ સામે રમવું છે. જે દુનિયા જોવાની ઈચ્છા હતી, પણ જોઈ શકાઈ નથી, કારણ કે સમય કે સગવડ ન હતાં, એ દુનિયા જોવી છે !

સિગરેટ, શરાબ, શોખ બધું જ ધીરે ધીરે છોડવું પડશે, નહીં તો પ્રકૃતિ એવો ફટકો મારશે કે આપોઆપ છૂટી જશે !

સંતાનો માટે કેટલા રૂપિયા મૂકી જવા છે, એ દરેક સફળ નિવૃત્તિકારે વિચારવું જ પડે છે. પૈસા સંભાળવા, સાચવવા, સંવૃદ્ધિ કરવી એ એક એક ઉપર ઉત્તર નિર્ભર કરે છે !

ઊછળતી જવાની ને અઢળક પૈસા, એ એક વિનાશક સ્ફોટક ફોર્મ્યુલા છે ! તમારા મૃત્યુ પછી સંતાનોની ગાળો ખાતા રહેવાનો શ્રેષ્ઠ માર્ગ છે !

નિવૃત્તિ પછી હિન્દુસ્તાનમાં ડિવોર્સ થતા નથી, પણ બન્નેમાંથી એકનો દેહાંત થઈ શકે છે ! ગુજરાતી કહેવત છે કે ભીંત અને કરો સાથે ન પડે ! મોટી દીવાલ ભીંત છે, નાની દીવાલ કરો છે, અને બન્ને એકબીજાને સહારે ઊભા છે. બન્ને સાથે પડવાના નથી, એક પડશે અને બીજાએ એકલા જ ઊભા રહેવાનું છે. લગ્નજીવન પણ આજ છે. પતિ-પત્ની સાથે મરતાં નથી, એક મરી જાય છે, બીજાએ જીવતા રહેવાનું છે અને નિવૃત્તિ પછીનો, પત્ની વિનાનો પુરુષ જીવનની અસહ્યતાને બરાબર અનુભવીને સમજે છે. નિવૃત્તિ પુરુષનું 'વૈધન્ય' બની જાય છે !

નિવૃત્તિ જીવનને રિ-સ્ટ્રકચર કરવાનું નામ છે. હવે ઈચ્છા પ્રમાણે પ્રાપ્તિ નથી, અને એ નથી માટે ઉત્તેજિત થઈને ઘર્ષણ કરવાનું નથી ! ધન હોવા છતાં સેવા મળે જ એ આવશ્યક નથી. બન્ને મુઠ્ઠીઓ ખુલ્લી થતી જાય છે, પણ આ અસહાય અવસ્થા નથી !

મુંબઈના પોલીસ અધ્યક્ષ ગફુરે હમણાં એક ઇન્ટરવ્યૂમાં સૂચક વાત કરી હતી. વિદેશોમાં વૃદ્ધો સશક્ત સમર્થ રહી શકે છે, સ્વસ્થ હોય છે, શરીર સરસ રાખી શકે છે, પણ આપણા વૃદ્ધો શા માટે લથડી જાય છે ? ગફુરનો તર્ક એવો હતો કે વિદેશી વૃદ્ધો પોતે જ પોતાનું કામ કરતાં રહે છે, એટલે એમના શરીરો ચુસ્ત રહે છે ! જ્યારે આપણે ત્યાં સંયુકત પરિવારોને કારણે અને કૌટુંબિક પરંપરા પ્રમાણે પુત્ર, પુત્રવધૂ, પુત્રી, પૌત્રી, પૌત્ર દાદાજીને કોઈ કામ કરવા દેતા નથી, એટલે દાદાજી એક 'કાઉચ પોટેટો' (સોફા પર બેઠેલું બટાટું) બની જાય છે ! બધા જ દાદાજીનું કામ કરવા તત્પર હોય છે અને દાદાજીએ કોઈ જ શારીરિક કામ કરવાનું હોતું નથી, માટે એમની તબિયત રુગ્ણ થતી જાય છે. !

લેટેસ્ટ કપડાં પહેરવાં, કે એકલા બહારગામ પ્રવાસ કરવો કે જિંદગીની મજાઓ કરવી, એ આપણા દેશી દાદાજીના કિસ્મતમાં નથી !

પશ્ચિમમાં એકલતા અથવા ન્યુક્લિઅર ફેમિલી (માત્ર પિતા-માતા સંતાનોનો પરિવાર)ને લીધે વૃદ્ધોને શરીર સાચવવું જ પડે છે ! નિવૃત્તિમાં સરસ સ્વાસ્થ્ય અત્યંત મહત્ત્વનો આધાર છે !

નિવૃત્તિ અને વૃદ્ધત્વ અવિભાજ્ય છે. ! તમે નિવૃત્તિ સ્વીકારો કે ન સ્વીકારો, નિવૃત્તિ તમારો, તમારા શરીરનો તમારા સંબંધોનો, તમારા પરિવેશનો કબજો લઈ લે છે ! દિવસમાં ૮, ૧૦, ૧૪ કલાક જે લોકો સાથે કામ કર્યું છે, એ લોકોના નામો પણ યાદ કરવા પડે, એ દિવસો આવી ચૂક્યા છે, અને એ વૃદ્ધત્વનું પ્રથમ ચરણ છે !

હવે ડોરબેલ ઓછી વાગે છે, હવે ટેલિફોન ઓછા આવે છે, હવે જે મળે છે એ પ્રથમ તમારી તબિયત પૂછે છે !

હવે તમારે નક્કી કરવાનું છે. કે તમારી નિવૃત્તિની દિશા કઈ છેઃ સ્પિરિચ્યુઅલની (આધ્યાત્મિક) કે મટિરિયાલિસ્ટીકની (ભૌતિકતા) ?

---

(૬૦ વર્ષની કે તેથી વધુ વયના લોકો માટે... ઓછામાં ઓછે પાંચ વખત આ લેખ વાંચવો જરૂરી છે !)

---


માનદ્ મંત્રી

ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર

ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦

E-mail : sgpatel1948@gmail.com




ISSN 0976-9609

## || વૈભવ-વારસો : પદ્ય વિભાગ ||

### ઓ ઈશ્વર ભજીએ તને

**કવિ દલપતરામ**

ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ
ગુણ તારાં નિત ગાઇએ, થાય અમારાં કામ.
હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ
ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજો માફ.
પ્રભુ એટલું આપજો, કુટુંબ પોષણ થાય
ભૂખ્યા કોઇ સૂએ નહીં, સાધુ સંત સમાય.
અતિથિ ઝાંખો નવ પડે, આશ્રિત ના દુભાય
જે આવે અમ આંગણે, આશિષ દેતો જાય.
સ્વભાવ એવો આપજો, સૌ ઇચ્છે અમ હિત
શત્રુ ઇચ્છે મિત્રતા, પડોશી ઇચ્છે પ્રીત.
વિચાર વાણી વર્તને, સૌનો પામું પ્રેમ
સગાં સ્નેહી કે શત્રુનું, ઇચ્છું કુશળક્ષેમ.
આસપાસ આકાશમાં, હૈયામાં આવાસ
ઘાસ ચાસની પાસમાં, વિશ્વપતિનો વાસ.
ભોંયમાં પેસી ભોંયરે, કરીએ છાની વાત
ઘડીએ મનમાં ઘાટ તે, જાણે જગનો તાત.
ખાલી જગ્યા ખોળીએ, કણી મૂકવા કાજ
ક્યાંયે જગકર્તા વિના, ઠાલુ ના મળે ઠામ.
જોવા આપી આંખડી, સાંભળવાને કાન
જીભ બનાવી બોલવા, ભલું કર્યું ભગવાન.
ઓ ઈશ્વર તું એક છે, સર્જ્યો તે સંસાર
પૃથ્વી પાણી પર્વતો, તેં કીધા તૈયાર.
તારા સારા શોભતા, સૂરજ ને વળી સોમ
તે તો સઘળા તે રચ્યા, જબરું તારું જોમ.
અમને આપ્યાં જ્ઞાન ગુણ, તેનો તું દાતાર
બોલે પાપી પ્રાણીઓ, એ તારો ઉપકાર.
કાપ કલેશ કંકાસ ને, કાપ પાપ પરિતાપ
કાપ કુમતિ કરુણા કીજે, કાપ કષ્ટ સુખ આપ.
ઓ ઈશ્વર તમને નમું, માંગુ જોડી હાથ
આપો સારા ગુણ અને, સુખમાં રાખો સાથ.
મન વાણી ને હાથથી, કરીએ સારાં કામ
એવી બુદ્ધિ દો અને, પાળો બાળ તમામ.

(શ્રી દલપતરામની આ કવિતા જેટલી વાર વાંચીએ એટલી વાર ભગવાન ઉપર આપણો અહોભાવ વધતો જ જાય છે.

### વરસે ધરતી

**ડાડા મેકરણ**

વરસે ધરતી, ભીંજે આસમાન,
સવરી વાણીરપૂરા પરમાણ.
બારે બારે બછડા, સોરે સોરે ગાઈ,
દોતે ગોરખનાથ રેન વિવાઈ. - વરસે
નવી નવી હાટડી, માંહી જૂનાં જૂનાં નાણાં,
પારખુ પારખો, પારખી લ્યો નાણાં. - વરસે
મારો મારો નીદરા, જગાડી લ્યો ભમરા,
હમીરસ પીવે તાકું જખ મારે જમરા. - વરસે
ગુરુમુખ વચન, ગગન ઘર રહેણા,
બોલ્યા શ્રીમેકા પ્રેમ પુરાણા, વરસે ધરતી, ભીંજે આસમાન.

કચ્છી સંત ડાડા મેકરણની ગુજરાતી - કચ્છી છાંટવાળી અવળવાણી સાંભળવા મળે છે. વરસે ધરતી, ભીંજે આસમાન સામાન્ય રીતે આકાશમાંથી વરસાદ વરસે ને ધરતી ભીંજાય છે પણ અહીં ઊલટું છે. ધરતી વરસે છે ને આકાશ ભીંજાય છે. એટલે કે ધરતીમાં રહેલું પાણી વરાળ થઈને આકાશમાં જાય ને તે આકાશને ભીંજવે છે. પરંતુ અહીં સાધનાની દૃષ્ટિએ વિચારીએ તો મૂલાધારમાં - પૃથ્વી ચક્રમાં રહેલી કુંડલિની શક્તિનો પ્રવાહ ઊંચે આકાશમાં બ્રહ્મરન્ધ્રમાં વહી રહ્યો છે અને જે આનંદની હેલી ઊભરાય ત્યારે ધરતી વર્ષે ને આસમાન ભીંજાય છે તેમ કહી શકાય.

### જરા તુમ દેખોને લોકો રે...

**સંત કબીર**

જરા તુમ દેખોને લોકો રે.. નાવ મેં નદીયાં ડૂબ જાય...
ઘડા ન ડૂબે ઘડી ન ડૂબે, હસ્તિ મિલ મિલ નહાય,
કોટ કાંગરે પાની ચઢિયાં, કીડીયાં પ્યાસી જાય.
એક અચંબા હમને દેખા, કુવે મેં લગ રહી આગ,
કાદવ કીચડ જલ ગયા ઔર મછિયાં હો ગઈ સાફ.
સાસુ કુમારી વહુ અમલ મેં, નણંદ સુવાવડ ખાય;
દેખન વાલી કો પૂત જનમિયા,પડોશન હાલો લો લો ગાય.
કહત કબીર સુનો ભાઈ સાધો ! ઊલટા ભેદ દેખાય,
યહી ભેદ કા કરે નિવેરા તો, જન્મ મરણ મિટ જાય.
જરા તુમ દેખોને લોકો રે, નાવ મેં નદીયાં ડૂબ જાય.

કબીર સાહેબ કહે છે કે - ઊંડી નદીઓનાં જળમાં નાવડાં ડૂબે એ તો જગત આખું જાણે છે પણ મેં તો એક એવું નાવડું જોયું કે તેમાં અસંખ્ય નદીઓ ડૂબી ગઈ. આ અવળવાણીનો અર્થ એ થાય કે ધ્યાનરૂપી નાવડામાં અનેકવિધ વૃત્તિઓ રૂપી નદીઓ ડૂબી જાય છે. વળી મોહ રૂપી ઊંધા મુખવાળા ઘડા અને મમતારૂપી ઊંધા મુખવાળી ડોલ ડૂબતી નથી, પવિત્ર, શુદ્ધ અને સ્થિર મનરૂપી હાથી ખૂબ પ્રેમથી નહાય છે.

## ।। નવાં કાવ્યો ।।

### સંબંધોના બ્રીજ...!

**આર.પી.પટેલ**

આજે નદી પરનો
બ્રીજ તૂટ્યો!
સમય જતાં એની
વેદના સંવેદના
બધું ભૂલી જવાશે !
ને, કાલે નવો
બ્રીજે ય બનશે !
પરંતુ...
લાગણીના પ્રવાહ પર
બંધાયેલ કેટલાય
સંબંધોના બ્રીજ
સ્વાર્થ ને ગેરસમજના
ભારણને કારણે
રોજરોજ તૂટતા જાય છે !
એનું શું?!
હવે, કોઇક
એવો ઇજનેર મળે
જે મજબૂત બ્રીજ બાંધે !
ને, સમજણપૂર્વક
સંવાદ સમરસતા થકી
માણસ-માણસને
સંબંધના સેતુબંધે સાંધે !!

(મો) ૯૮૨૫૮૫૦૩૪૮, યુ.એસ.એ.



### વીંટી સરી ગઈ છે ....

**હાર્દિક વ્યાસ**

ઘણી ઘટના અધૂરી છે, ઘણી સમજણ થીજી ગઈ છે.
મને એકાંતમાં છોડી ફરજ આગળ વધી ગઈ છે.
ઘણા આકાર અવળા છે, ઘણા કલ્પન છે અસ્થાને,
ઘણાયેશ્યો ચીતરવા સ્વયં પીંછી નડી ગઈ છે !
ઘણા નાટક ભજવ્યા છે, ઘણા સંવાદ સાંભળ્યા,
ઘણાયે વેશ ધરવામાં ઘણી રાતો વીતી ગઈ છે !
ઘણી મોંઘી જણસ અમને મળી છે સાવ સસ્તામાં,
ઘણીયે પ્રાપ્ત કરવામાં સદી આખી વીતી થઈ છે !
નથી કઈ એમ ને એમ જ પ્રતીક્ષા પાન મહોર્યું છે,
ઘણીયે આંગળીમાંથી અહીં વીંટી સરી ગઈ છે !
કરું છું લાખ યત્નો હું એના સમરૂપ થાવાને,
અજાણી એક આકૃતિ ફરી મનમાં વસી ગઈ છે !
ઘણીયે ઝાંઝરી ઝંખે થવા શણગાર પગ માટે,
ચરણ એવા છે જેના માનમાં પૃથ્વી નમી ગઈ છે !
ઘણીયે મૂર્તિઓ છે સાવ પથ્થરની પ્રતિમાઓ,
ઘણાયે ટાંકણામાંથી નવી સૃષ્ટિ જડી ગઈ છે...!

વૃંદાવન પાર્ક-૩, એસ.ટી.ડિવિઝન સામે,
રામેશ્વર મહાદેવ મંદિર વાળી શેરી, લાઠી રોડ,
અમરેલી-૩૬૫૬૦૧ (મો) ૯૮૨૫૪ ૧૫૬૯૫

### હાઈકુ

**પી.એમ.પરમાર**

૧. પિખાયા માળા,
અંતરિયાળ વાટે !
યાયાવરોનાં...

૨. અનંત યાત્રા,
અમર નથી કોઈ,
જીવન યાત્રા

૩. કાળ છે કાળ,
મહાવિકરાળ એ,
ક્યાં ઉગારો ?!

૪. દેશ વિદેશ
હેલી હેત પ્રિતની
વિરમી ગઈ ?!

૫. સાબર તીરે,
દિવડા રામ થયા !
અંધાર ઘેરે !!

નિવૃત્ત અધ્યાપક, સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર, તા.જિ.આણંદ


ISSN 0976-9609

## ।। વૈભવ-વારસો : ગદ્ય વિભાગ ।।

## રગ-રગમાં ભારતીયતા ભરી છે

વિનોબા ભાવે

આપણા ઋષિઓ અને મહર્ષિઓએ આખા ભારતને એક બનાવવા માટે યુક્તિ શોધી કાઢી. 'ભારત વર્ષ પુણ્યભૂમિ છે.' એમ કહીને એમણે લોકોને યાત્રા કરવાની પ્રેરણા આપી. કાશી મોટું તીર્થસ્થાન છે, રામેશ્વર પુણ્યધામ છે, એમ કહીને લોકોને તીર્થાટનની પ્રેરણા આપી. તે જમાનામાં આવવા-જવાનાં સારાં સાધનો હતાં નહીં, યાત્રા કરવામાં ઘણું કષ્ટ પડતું; તેમ છતાં લોકો યાત્રા કરતા, આવી તીર્થયાત્રાઓના મૂળમાં ઉદ્દેશ ભારત દર્શનનો જ રહેતો. ઋષિઓના મનમાં રાષ્ટ્રીય એકતાનો ઉદ્દેશ હતો.

કાશીમાં ગંગાતટ ઉપર રહેનારો તડપે છે કે કાશીની ગંગાની કાવડ ભરીને ક્યારે રામેશ્વરને ચઢાવું ? જાણે કાશી અને રામેશ્વર એના મકાનનું આંગણું અને પાછલો વાડો ન હોય ! વાસ્તવમાં બંને વચ્ચે પંદરસો માઈલનું અંતર છે, પરંતુ આપણા શ્રેષ્ઠ ઋષિઓએ આપણને એવો વૈભવ આપ્યો છે કે રામેશ્વરના સમુદ્રનું જળ કાશી-વિશ્વેશ્વરના મસ્તક ઉપર ક્યારે ચઢાવું ? કેટલી વ્યાપક અને પવિત્ર ભાવના છે આ !

૧૨૦૦ વરસ પહેલાં શંકરાચાર્ય દક્ષિણમાંથી યાત્રા કરતા કરતા છેક શ્રીનગર ગયા હતા અને ત્યાં પહાડ ઉપર ભગવાન શંકરની સ્થાપના કરી હતી. શંકરાચાર્યે બિલકુલ જુવાનીમાં પગપાળા યાત્રા કરી અને કેરલથી નીકળીને કાશ્મીર પહોંચ્યા. મલબારનો એક છોકરો, ભારતના ઠેઠ દક્ષિણ છેડાનો એક છોકરો, તે જમાનામાં કાશ્મીર સુધી પગે ચાલતો ચાલતો આવ્યો.

શંકરાચાર્યે સમાધિ પણ હિમાલયમાં જ લીધી. કેદારનાથમાં શંકરની સમાધિ છે. વળી, કેદારનાથના મંદિરમાં આજ સુધી એવી પરંપરા ચાલી આવે છે કે ત્યાંનો મુખ્ય પુજારી કેરલનો નંબૂદ્રી બ્રાહ્મણ જ હોય. શંકરાચાર્યે ચાર દિશામાં ચાર આશ્રમ સ્થાપ્યા - દ્વારિકા, જગન્નાથપુરી, બદ્રીકિદાર અને શૃંગેરી હજાર-હજાર માઈલનું અંતર આ મઠો વચ્ચે હતું. એ મઠોવાળાઓને એકબીજાને મળવું હોય તોયે વરસ-બે વરસ પગપાળા યાત્રા કરવી પડતી ! મને એમ લાગ્યું છે કે શંકરાચાર્યમાં સમસ્ત ભારતીયતા મૂર્તિમંત થઈ ગઈ હતી.

આપણો ભારત દેશ મોટો છે, મહાન છે; પરંતુ આ મહાનતા એમની એમ નથી આવી ગઈ, તેની પાછળ દીર્ઘ કાળની વિચારપૂર્વકની મહેનત છે, સાધના છે. તેના પરિણામ સ્વરૂપ આવી એક મહાન સંસ્કૃતિ ઊભી થઈ છે. આ પ્રાચીન સંસ્કૃતિનો સંદેશ આ દેશના એક ખૂણાથી બીજા ખૂણા સુધી પહોંચાડવામાં આવ્યો છે. જ્યારે આજના જેવાં સંદેશા વ્યવહારનાં કોઈ સાધનો નહોતાં, ત્યારે આવડું મોટું રાષ્ટ્રીય એકતાનું જે કામ થયું છે. તે અદ્ભુત જ છે !

અનેકાનેક ભેદ હોવા છતાં આપણા પૂર્વજોએ એક રાષ્ટ્રની ભાવના આપણા ચિત્તમાં એવી તો બેસાડી દીધી છે, તેના માટે એવી એવી પરંપરા ઊભી કરી દીધી છે કે આશ્ચર્ય જ થાય છે ! તમિલનાડુ, કર્ણાટક કે મહારાષ્ટ્રનો માણસ સ્નાન માટે કાવેરી, તુંગભદ્રા કે ગોદાવરી જશે તોયે કહેશે કે, હું ગંગા-સ્નાન માટે જાઉં છું ! આ રીતે આપણા પૂર્વજોએ આપણી રગ-રગમાં ભારતીયા ભરી દીધી છે.

આવી એકતા એમનેમ ઊભી નથી થઈ ગઈ. અનેક સંતપુરુષો આ દેશની ધરતીને પગપાળા ખૂંદી વળ્યા છે, અને એમણે જ આ દેશને એક બનાવ્યો છે. ભારતના એક એક સંત-શિરોમણિ અહીં વરસો સુધી ઘૂમતા રહ્યા. શંકરાચાર્ય ૧૫ વરસ, રામાનુજ ૧૨ થી ૧૪ વરસ, વલ્લભાચાર્ય ૧૮ વરસ, શંકરદેવ ૧૨ વરસ, નામદેવ ૧૩-૧૪ વરસ, નાનક ૧૮ થી ૨૦

વરસ અને કબીર ૨૫ થી ૩૦ વરસ સુધી પગપાળા ફર્યા. આવો ઉજ્જવળ ઈતિહાસ આ ભારતીય સંસ્કૃતિ પાછળ છે.

હજારો વરસોના પ્રયત્ન બાદ માણસનો સદ્-અસદ્ વિવેક કેળવાયો છે, કેટલીક નિષ્ઠાઓ પાકી થઈ છે. ઉચિત-અનુચિતનો ખ્યાલ સ્થિર થયો છે. માણસની આ જે ઉચિત-અનુચિતની ભાવના બની છે, તે કોઈ રાજા-મહારાજાએ નથી બનાવી, સંતોએ બનાવી છે. આ સંત-મહાપુરુષો જો ન હોત, તો આપણે જાનવર જ રહી જાત, અહીંનું લોકમાનસ સંતો દ્વારા કેળવાયું છે.

રવીન્દ્રનાથ ઠાકુરે ગાયું, ભારતેર મહામાનવેર સાગરતીરે ! ભારત એક મહામાનવ-સમુદ્ર છે. જેમ સમુદ્રમાં ચારેકોરથી નદીઓ આવીને મળે છે, તેમ આ દેશમાં લોકો આવીને અહીંના માનવસાગરમાં સમાઈ ગયા છે. આપણે હવે આ સમાજને એકરસ બનાવવાનો છે. એકરસ સમાજ હશે, તે ષડ્રસયુક્ત સમાજ હશે. ભિન્ન-ભિન્ન જમાતોના ગુણોને કાયમ રાખીને એમને સહુને આપણે એકરસ કરવા પડશે. સંગીતકારની માફક સાત સૂરોને મેળવીને એક સુંદર સુસંવાદી 'ભારત-રાગ' આપણે નિપજાવવાનો છે.

---

અરધી સદીની વાચનયાત્રામાંથી સાભાર
(ભારતીય સંસ્કૃતિ પુસ્તક ૨૦૦૩)

---

## ।। ગદ્ય વિશેષ ।।

### ધુમાડાના બાચકા

દુષ્ટ બળોની રમણા ચાલી રહી છે. લાંચરુશ્વત, કાળાં બજાર, જાહેર નાણાંની ગોલમાલ - એ તો હવે કોઠે પડી ગયાં છે. પણ આ દુષ્ટ બળોના રાસ કરતાંયે વધુ અસ્વસ્થ કરનાર વસ્તુ તો જાણે બધું બરાબર ચાલતું હોય એમ દેશમાં જે સમારંભ ઉજવાઈ રહ્યા છે એ છે. જરી નજર કરતાં, અગત્યના માણસો ભારે અગત્યના એક સમારંભમાં હાજરી આપી. બીજામાં જઈ રહેલા જોવા મળશે. પ્રજાને રંજાડતા બહારવટિયા ભૂપતને ભલે પકડી શકાતો ન હોય, સોમનાથ મેઈલના એન્જિનમાં રાજપ્રમુખે ગાર્ડના પહેરવેશમાં નાળિયેર વધેરી લીલી ઝંડી ફરકાવીને પ્રજાના ભાગ્યની લાઈન-ક્લીયર કરી આપી છે - પછી શું છે ? દેશનાં અધભૂખ્યાં કોટિકોટિ હાડપિંજરોનો જીર્ણોદ્ધાર જરૂર કરીશું, પણ સોમનાથના જીર્ણોદ્ધારનો અવસર જવા દેવાય ? બધી રીતની બરકત હોય એમ પ્રજા પણ સ્ટેડિયમમાં સિનેમાનાં નટ-નટીઓ પાસે ક્રિકેટ ખેલાવી આનંદમાં ધુમાડાના બાચકા ભરતી જોવા મળે છે.

**- ઉમાશંકર જોશી**

---

### ફલશ્રુતિ

સાહિત્ય અને કેળવણીના ક્ષેત્રની કામગીરીની છેવટની ફલશ્રુતિ તે જીવનને સમૃદ્ધ કરવું, લોકશાહીને સાંસ્કૃતિક રીતે પગભર બનાવવી, એ નથી શું ? દેશની વસ્તીના ૨૦ ટકા લોકો હરિજનો અને આદિવાસીઓ છે. તેમાં પછાત જાતિના લોકોને ઉમેરીએ તો કુલ ૭૦ ટકા વસ્તી થાય. ૭૦ ટકા લોકો ન-ઈચ્છવા-જેવી સ્થિતિમાં જીવન ગુજારતા હોય, તે સંજોગોમાં કોઈ લોકશાહી સાંસ્કૃતિક, આર્થિક કે સામાજિક રીતે પગભર થઈ શકે નહિ.

**- ઉમાશંકર જોશી**

અરધી સદીની વાચનયાત્રામાંથી સાભાર


ISSN 0976-9609

## ।। લઘુકથા ।।

### ગોધૂલિ વેળા

**સુનીતા ઈક્ષ્તકુમાર**

વિદેશથી દીકરી આવી અને ઘર હર્યુભર્યું થયું. દીકરો વર્ષોથી બહારગામ. ઘરમાં અમે હુતો-હુતી હોઈએ. દીકરીની ઢીંગલીને રમાડવા એનો મામો રજા મૂકી ઘરે આવી જતો. મારી દીકરી એની માને એકેય કામ કરવા જ ન દે. એટલે અમે બેઉ આખો દાડો દોહિત્રી સાથે જ રચ્યાંપચ્યાં હોઈએ. જમનાના ચહેરે ત્યારે જે આનંદ રમતો હોય એ જોઈ, બાળકોનાં કોઠે ગજબ ટાઢક પહોંચતી એ હું પામી શકતો. મારાં બાળકો એની લાગણીભૂખી માને બહુ સારી રીતે ઓળખે. જમના બાળકોની ગેરહાજરીમાં નતનવાં કાર્યોમાં વ્યસ્ત રહે, જેથી એણે માલીપા સંતાડેલું દર્દ ડોકિયું ન કરી જાય !

અમારા ઘરનાં ઝાંપેથી રોજે ગાયોનું ધણ નીસરે. ઢીંગલી પરદેશમાં આવું કશું ન ભાળે એટલે ગોધણ જોઈ ઠેકડે ઠેકડા મારે. આ જોઈ જમનાના ચહેરે રાજીપો પ્રસરતો. હું જમનાને ખુશ થતી જોતો હોઉં ત્યારે જો ગગાની નજર મારા પર પડે તો ત્વરાથી હું મારી નજર જમના પરથી હટાવી લેતો. રખેને ગગો બાપની નજરની માલીપા ઝાંકી લે તો ?

એકવાર ઢીંગલીએ કટાણે ગોધણ જોવાની જીદ પકડી. જમના એને મનાવવા ખોળામાં લઈ હિંડોળે 'ગોવાળ અને ગોધણ'ની વાર્તા કહેવા બેઠી. ઢીંગલી જિજ્ઞાસાવશ વચ્ચે વચ્ચે એની કાલાઘેલી ભાષામાં પ્રશ્નો પૂછે જતી'તી.

જમના ગોધણની વાર્તા કે'તી વેળા એવી તો ગર્તામાં ખોવાણી'તી કે મારો જીવ તાળવે ચોંટ્યો'તો !

રોજે ગોવાળ ગોધણને સીમ-વગડે ચરાવવા-ખવડાવવા લઈ જાય. આ સાંભળીને ગગી વળી સવાલ ધરે, મમ્ મમ્ કરવા ગોધણે બહાર કેમ જવું પડે ? મમ્ તો ઘરમાં હોય. મમ્મી ગાય બહાર જાય તો બેબી ગાય એકલી શું કરે ?

વળી, જમના વાર્તા આગળ ધપાવે, "સાંજ વેળાએ પોતાના બાળને છાતીએ ચાંપવા ગાય તો ધમધમતી ઘર ભણી દોટ મેલે." વળી નાનકી પૂછે, "હેં નાની ! ગોવાળ અંકલ તો પાછળ હોય તોયે ગાય જાતે કેવી રીતે પોતાનું ઘર શોધી લે ?"

હવે જમના જાણે બેબાકળી બની'તી. ઢીંગલીએ ન ધરેલા સવાલનો જવાબ વાળતાં સ્વગત બોલતી'તી : "જો બેટા ! બેબી ગાયને મમ્ મમ્ કરાવવા જ મમ્મી ગાય ચરવા જાય. પછી જ્યારે બેબી ગાય મોટી થઈ જાતે ચરવા લાગે ત્યારે મમ્મી ગાય ઘરડી થઈ, કોઢમાં એકલી અટૂલી બેઠી હોય. એનાં વાછરડાં મળવાય આવે. પણ હેં ગગી, ગોધૂલી વેળાએ જેમ રોજ મમ્મી કાઉ ઘરે આવી જતી એમ બેબી કાઉ પણ રોજ ઘરે આવી જાય એવું ન બને ?"

ડોકાબારીએથી છુપાઈને માની વાર્તા સાંભળતા ગગાને જોઈ જતાં મેં તરત વાતને બીજા પાટે ચડાવી.

દીકરીની વિદાય વેળાએ જ્યારે જમના રોઈ પડી ત્યારે દીકરો એની માને બાથમાં લઈ ઢીંગલીને કે'તો'તો, "હવે તું આવીશને ત્યારે મામાએ તને રમાડવા નહીં આવવું પડે. બોલ, કેમ ?" વળી, જમના હરખની મારી રોઈ પડી.

(લઘુકથા સંગ્રહ 'શબરીનાં બોર'માંથી સાભાર)

---

ભાવનગર

## ।। લલિત નિબંધ ।।

### વરસાદી અવસરનાં ફૂલ

**ભરત જાદવ**

ઘરના ખૂણે ખૂણે ખબર પહોંચે એ રીતે દેકારો કરતું ચોમાસું આંગણે આવી પૂગ્યું છે. વસંતની જેમ એ મૌન નથી, પણ તાજી વાચા ફૂટેલા શિશુની જેમ વાચાળ છે. એ કોઈના સ્વાગતનું મોહતાજ નથી, પણ સાવધાન રહેવા ચેતવતી તાકાત છે. એ ધરતીની ભીનાશ અને લીલાશ પોતાની સાથે તેડી લાવ્યું છ. એનાં શીતળ જળનો સ્પર્શ જેને પણ થાય, તે લીલુંછમ્મ ઊગી નીકળે છે. એ ઊગનારાઓને ફૂટશે, ખીલશે અને ટકશે કે કેમ ? તેની લગીરે ચિંતા હોતી નથી ! મારાં ઊભાં થઈ ગયેલાં રૂંવાડાં જોઈ લાગે છે કે ધરતી ભીતર પડેલાં બધાં જ બીજ ઊગીને પલળતાં-ફરફરતાં ચોમાસું માણવા ઉત્સુક છે. વરસાદ સાથેનું તેનું આગમન અને રોકાણ મને તેનો લીલો ચળકતો ખજાનો ખોલી આપે છે.

ચોમાસામાં નહાતાં વૃક્ષો પ્રત્યે મને ઈર્ષ્યા થાય છે. સાવ અનાવૃત અને ધ્યાનમગ્ન. વરસાદમાં એવાં તો લીન થઈ જાય છે કે વરસાદ વરસતો બંધ થઈ જાય તોયે તેઓ દેહ પણ લૂંછતાં નથી. એમાંય વળી પાંદડાંઓ ટીપાં એ રીતે સંગ્રહી રાખે, જાણે મધપૂડામાંથી ટપકતું મધ હોય ! હવા આવીને માગે તો જ ટીપાં આપે, પણ ચળકાટ તો પોતાની પાસે જ રાખે ! પંખીઓ માટે આ ઋતુ થોડી અકળાવનારી ખરી ! પણ તે છતાં તેઓ પણ આનંદ માણવાનું તો ચૂકતાં નથી.

મધ્યાહ્ને વ્યાપેલાં વાદળોના સામ્રાજ્યને જોવા સૂરજ આભ મધ્યે ઊભો રહી ગયો છે. તેનાં તેજ - કિરણો વાદળો પાછળ દબાઈ ગયાં છે. કાલિદાસના મેઘદૂતની જેમ એ કોઈ યક્ષ નથી કે મારે એ કાળાંડિબાંગ વાદળો સાથે ક્યાંય કોઈ સમાચાર મોકલવાના પણ નથી, છતાં ભીતરે એકલતાનો ચમકારો પીડા આપી જાય છે. એ પીડા સમજું તે પહેલાં વાયરા સાથે ઊડીને આવેલું પાંદડું મારા ગાલને અડકે છે ને હું રોમાંચિત થઈ ઊઠું છું.

મને લાગે છે કે ચોમાસું એ કાળપ્રવાહનું અદકેરું રૂપ છે. કાળ તો અખંડ છે, અનંત છે. આપણે જ તેને સંજ્ઞા, વિશેષણ અને સમાસમાં વિભાજિત કર્યો છે. તેમ છતાં તેનું આ રીતનું આગમન મને ભીતરે ભીનો અને લીલોછમ્મ કરી મૂકે છે. મારી ભીતર લાગણીનાં હળ મૌનનાં બીજ વાવે છે અને અચાનક ફૂલ જેવા શબ્દો ફૂટી નીકળે છે.

મને લાગે છે કે ચોમાસું આશ્વાસનની ઋતુ છે. ધરતીના ખોળે જીવતાં પડેલાં બધાં જ જીવો અને બીજને તે નવજીવન આપે છે. ધરતી હરખથી હરિયાળી થઈ જાય. પાણીભર્યાં તળાવો જોઈ આકાશ પોતે નીચે ન્હાવા આવી જાય. ચોમાસું જાણે ફૂલોની મોસમ ! કોઈ ફેશન ડિઝાઈનરે રંગોની એકરૂપતા જોવી હોય તો ચોમાસામાં ખીલતાં ફૂલો પાસેથી શીખવી રહી. લીલાંછમ્મ પાંદડાં વચ્ચે ભાગ્યે જ એવો રંગ બાકી હોય જે બંધબેસતો ન લાગે ! બાવળનાં પીળાં ફૂલો કાળી ધરતી પર પડ્યાં હોય તો જાણે કોઈ શ્યામવર્ણી સ્ત્રીએ પીળી ચૂંદડી ઓઢી હોય એવું નયનરમ્ય દશ્ય સર્જાય છે ! વાડને આલિંગી વાદળી, પીળાં, લાલ, શ્વેત, ગુલાબી એવાં અગણિત ફૂલો પ્રગટતાં હોય છે. ક્યાંક તો સારી ગુણવત્તાનાં પર્ફ્યુમને આંટા મારી દે એવી ગંધ પ્રસરી જતી હોય છે. શેઢા અને ખેતર, પાદર અને વગડો બધું જ ફૂલમય થઈ જાય ! ચોમાસું પોષક છે. તેમાં તીવ્ર ગતિ છે. જીવનની સંભાવના છે. માતાની જેમ પોષે છે, બાપની જેમ ઘડતર કરે છે, ભાઈની જેમ રમાડે છે, બહેન થઈ વહાલ કરે છે. પ્રેમી થઈ પ્રેમ કરે છે. ગુરુ થઈ સાધના શીખવે છે. તે ભલે અનાવૃત્ત છે, એકાંત તેને વહાલું છે. તે જ્યારે પણ આવે છે, એકાંત આપોઆપ સર્જી લે છે. તેમાં જીવનનો ઉન્મેષ છે. ધરતીનો પોપડો ઝાલી પડેલાં બીજમાં કૂંપળો પાંગરે છે. વૃક્ષોનાં ઠૂંઠડાં ફૂટે છે ત્યારે એવું લાગે છે કે જાણે


ISSN 0976-9609

ધરતીના હાથમાં આંગળીઓ પાંગરી હોય ! સાધકોનો હિમાલય પ્રવાસ પણ વિરામ લે છે.

સ્વર્ગના દેવો ધરતીના દીકરાઓને માથે જવાબદારી મૂકી ચાર મહિના માટે પોઢી જાય છે. ધરતીના દીકરાઓ માથે વરસાદ ઝીલે અને પગ તળે કાદવ ખૂંદતા જઈ ખેતરોમાં દાણા વાવી નવી ફસલનું અનુષ્ઠાન કરે છે. ચોમાસું નદીઓના પૂર અને વાંસળીના સૂરની લહાણી કરે છે. તહેવારોનો દરવાજો ખોલી આપે છે. જીવનના ઉમંગમાં ઉમેરો કરે છે. ગીતોનો ફાલ આપે છે. લોકરિવાજોનું સન્માન કરે છે.

ચોમાસું મારી ભીતર મારાં હરિયાળાં ખેતરો તેડી લાવે છે. મહુડા અને આંબાની મજબૂત ડાળીઓ પર મારી વાંચન બેઠક મને રોમાંચિત કરી મૂકે છે. મારા હાથમાં પુસ્તક છે, પણ હું તેનાં કરતાં વિશેષ મકાઈભર્યા ખેતરો વાંચું છું. મારી ઉપરની ડાળીએ બેઠેલા સૂડાઓનું ટોળું ઊડી ન જાય તેથી હું જડવત્ થઈ જાઉં છું. કોયલનો ટહુકો મારા રોમ-રોમ પુલકિત કરી મૂકે છે. હું પોતે વળતી સીટી મારી બેસું છું. મારી નજર નીચેથી પસાર થતા શેઢા પર ઊગેલાં ઘાની વચ્ચેનાં ઝીણાં રંગબેરંગી ફૂલોને સ્પર્શીને તાજગી અનુભવે છે. માથે ઘાસના ભારા ઊંચકીને ઝાડ નીચેથી પસાર થતી સ્ત્રીઓના સંવાદો સાંભળી હું ખુશ થઈ જાઉં છું. હું અહીં વધુ સમય બેસી શકું એમ નથી. મારે પણ ઢોરો માટે ઘાસ વાઢવાનું છે. હું મારી કમરમાં ખોસેલું દાતરડું કાઢી ખેતરમાં પ્રવેશ કરું છું. મારા હાથમાં દાંતરડું જોઈને પણ મકાઈનાં પાંદડાંને ભય લાગતો નથી. ઊલટાનાં તેનાં લાંબા પાંદડા મને વળગી પડે છે. હું પણ તેમને પંપાળતો ત્યાં જ ઊભો રહી જાઉં છું. એટલામાં જ મારી ભીતરની હેતની સરવાણી વરસી જાય છે. હું પણ લીલોછમ્મ થઈ જાઉં છું. હું જોઉં છું કે આભમાં વાદળો ઘેરાયાં છે. કદાચ વરસી પણ પડે. હું હસી પડું છું. ભીતર હસવાનાં એ મારાં વીતેલાં કારણો, મને પાછાં આવી મળો !!

'પલાશના પુષ્પો' સંગ્રહમાંથી સાભાર

## ।। વિદ્યાવૃત્ત ।।

### સી.વી.એમ.હાયર સેકન્ડરી હૉમ સાયન્સ

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત સી.વી.એમ.હાયર સેકન્ડરી હૉમ સાયન્સ શાળામાં તા. ૨૭-૬-૨૫ ના રોજ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ યોજાઈ ગયો. જેમાં મુખ્ય મહેમાનશ્રી રૂબીબેન રાજપુત (નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી આણંદ) તથા શ્રી પીયૂષભાઈ ચાવડા (સી.આર.સી.કો.સારસા), શ્રી દિપકભાઈ સાહેબ (સી.આર.સી.કો.વિદ્યાનગર), શ્રી મહેન્દ્રભાઈ પટેલ, (સ્પે.ઓફિસર ઓન ડ્યુટી, ચારૂતર વિદ્યામંડળ) તેમજ અન્ય મહેમાનો હાજર હતા.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી ત્યારબાદ મહેમાનોનું શાબ્દિક અને પુસ્તક અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું. ધોરણ-૧૧ માં વિદ્યારંભ માટે પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓનું મહાનુભાવો દ્વારા હાર્દિક સ્વાગત કરી શાળામાં પ્રવેશ અપાયો. તેમજ તેમને યુનિફોર્મ અને પુસ્તકોનું વિતરણ કરી મોં મીઠું કરાવવામાં આવ્યું. ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષામાં પ્રથમ આવનાર ત્રણ તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું. તેમજ મંચસ્થ મહાનુભાવો દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું.

કાર્યક્રમની આભારવિધિ શાળાના શિક્ષિકા નયનાબહેને કરી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈન્ચાર્જ આચાર્યા શ્રીમતી ડોલીબેન મોહેના માર્ગદર્શન હેઠળ શાળાની વિદ્યાર્થિનીઓ અને શિક્ષક શ્રી વિનોદભાઈ પરમારે કર્યું હતું.

## ।। અહેવાલ ।।

### વેકેશનમાં વાંચન-અધ્યયન શિબિર

ડંકેશ ઓઝા

આમ તો પ્રતિ વર્ષની માફક કાશ્મીરની શાળાઓમાં બાળકો સાથેની સદ્‌ભાવ પ્રવૃત્તિ અર્થે અને ગામોમાં લોકસંપર્ક માટે આ દિવસોમાં જવાનું નક્કી થઈ ગયેલું જનાર ટીમ માટે પૂર્વ તૈયારીરૂપે જે અભિમૂખતા શિબિર યોજાય અને પહેલગામની આતંકવાદી ઘટના બની. છેલ્લી ઘડીએ કાશ્મીર પ્રવાસ મોકૂફ રાખવાની ફરજ પડી.

સંજય-તુલાનું 'વિશ્વગામ' એટલે કોઈને કોઈ વિષયે ચાલતી રહેતી શિબિરો, વિષય બદલાય, થોડા આવનારા બદલાય, પણ શિબિરનો દોર સાતત્યપૂર્ણ રીતે ચાલતો રહેવાનો. એટલે સંજયે આ દિવસોમાં બે શિબિરો ગોઠવી કાઢી.

૧.શિક્ષણની અધ્યયન શિબિર શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ ખાતે તા. ૨૨ થી ૨૭ મી મે, ૨૦૨૫ અને (૨) શાંતિ અને અહિંસાના વિષયે નંદીગ્રામ, વાંકલ, વલસાડ ખાતે તા. ૧ થી ૬ જૂન ૨૦૨૫ દરમ્યાન આયોજન હતું. સો એક જેટલાં અંગ્રેજી-હિન્દી-ગુજરાતીમાં લખાયેલાં પસંદગીના પુસ્તકોના સાંનિધ્યમાં રહેવાનું અને પોતાને ગમતાં પુસ્તકોનું દરરોજ છ થી સાત કલાક અધ્યયન કરવાનું અને રાતે ભોજન પછીના સમયે એ અંગે સંવાદ કરવાનો.

પ્રત્યેક અધ્યયન શિબિરમાં ૧૮ થી ૨૦ લોકો જોડાયા. એમાં પ્રાથમિક શાળાના શિક્ષક ભાઈ-બહેનો મુખ્ય હતાં. તો વળી સંશોધન છાત્રો પણ હતા. અધ્યાપક અને વિદ્યાર્થીઓ પણ હતા. અમારા જેવા કોઈક વરિષ્ઠજનો પણ હતાં.

મારા સ્વભાવ મુજબ મને આ બાબતે ઘણા પ્રશ્નો હતા. વાંચવાથી શું થાય ? સમૂહમાં વાંચવાથી કંઈ નવું થાય ? વાંચવું એ માટે તો એકાંત જોઈએ, આ તો સમૂહવાંચન. યોગ્ય ગણાય કે ન ગણાય ? જે વાંચવા ટેવાયેલા છે એ વાંચે એનાથી શો ફેર પડે ? જે વાંચવા ટેવાયેલા જ નથી એમને જ ભેગા ન કરવા જોઈએ વગેરે વગેરે.

કબૂલ કરવું જોઈએ કે બન્ને વાંચન શિબિર એ અર્થમાં સફળ રહી કે, વાંચનારા, ઓછું વાંચનારા, નહિ વાંચનારા બધાએ સાથે બેસીને દિવસની ત્રણથી વધુ કલાકની બે બેઠકોમાં નિરાંતે, એકાગ્ર બનીને, રસપૂર્વક સમૂહવાંચન કર્યું. વાંચનનો આનંદ બધાએ એકે કર્યો. અંગ્રેજી-હિન્દી-ગુજરાત પુસ્તકો પસંદગીના એરણે હતાં.

વેરાવળ ખાતે 'વિશ્વગ્રામ'ના પૂર્વ શિબિરાર્થીનું કુટુંબ તેમાં જોડાયું. ચિરાગ પટેલ તો જિલ્લાકક્ષાએ ન્યાયાધીશ છે એ, એમનાં પત્ની અને બે દીકરીઓ જેમાંથી એક બારમાં ધોરણમાં ભણે છે તે એન્જલ અને બીજી પાંચમામાં ભણતી ધીમહિ પણ સમયબદ્ધ રીતે આનંદથી સહભાગી બન્યાં.

વેરાવળ ખાતે લોકભારતીના વિશાલ ભાદાણી શિબિરાર્થીઓ સાથે સંવાદ કરવા પધાર્યા. આધુનિક શિક્ષણ અને ન્યૂરો ટેકનૉલૉજી દુનિયામાં કયાં પહોંચ્યાં છે, કેવુંક કામ કરે છે, એની ઘણી વિગતો એમના વક્તવ્યમાંથી જાણવા મળી. વિદ્યાપીઠની કેળવણી જો અલગ હોય, આગવી હોય, તો એની કચેરી સીલીકોન વેલીમાં હોવી જોઈએ જેથી બધાંને તેની ખબર પડે એમ તેમનું કહેવું હતું. નંદીગ્રામ ખાતે હિમાંશી શેલત અને શરીફા વીજળીવાળા સંવાદ કરવા પધાર્યાં. વિદ્યાનગરના મહેન્દ્ર ચોટલિયાએ શાંતિનો વિચાર શાસ્ત્રીય અને તાત્ત્વિક રીતે ચર્ચ્યો. સાહિત્યની સરહદો વિસ્તરીને સમાજના પ્રશ્નોને પણ આવરી લે ત્યાં સુધી વિસ્તરવી જોઈએ પણ એવું હરહંમેશ બનતું નથી. ધર્મના ધોરણે થયેલા દેશના વિભાજને કેવી મોટી સમસ્યાઓ ખડી કરી દીધી જેનો મોટા નેતાઓને અંદાજ સુદ્ધાં ન હતો. એવા મુદ્દા સંવાદમાં બરાબર ઉપસી આવ્યા.


ISSN 0976-9609

શિબિરનું ટાઈમ ટેબલ જોઈએ તો સવારના ૯ થી ૯.૩૦ વાગ્યાના નાસ્તા પછી તરત શરૂ થતું વાંચન લગભગ ૧.૦૦ સુધી ચાલતું. ભોજન વિરામ પછીની ૩.૦૦ વાગ્યાની ચા પછી શરૂ થતું વાંચજ સાંજના ૬.૦૦ સુધી ચાલતું. રાત્રિ ભોજન પછીની બેઠકમાં વાચકો વાંચનના અનુભવો પોતે જે પુસ્તક વાંચે છે તેની સાથે જોડીને રજૂ કરતા. આ બેઠક રાત્રે દસ વાગે પૂરી થતી. વાંચન અને ચર્ચા – સંવાદથી શિબિરાર્થીઓ કદી કંટાળ્યા નહિ પણ તાજગી અનુભવવા લાગ્યા જેમાં મારા શરૂઆતના પ્રશ્નો લગભગ ઓગળી જ ગયા. ઘટતા જતા વાચનના આ સમયમાં પુસ્તક વાંચનની પ્રક્રિયા પોતે જ શાંતિ અને અહિંસાના પ્રતીકની રીતે ઊભરી આવી. આ શિક્ષણ કંઈ નાની સૂની વાત નથી.

વાંચનની મજા એ છે કે એ દરમ્યાન તમારું વિચારતંત્ર ઝંકૃત થતું હોય છે. સમાન્તરે તે સક્રિય બનતું હોય છે. પુસ્તકનો વિચાર તે સાથે ચિત્તમાં ધીરે ધીરે ઉતરતો હોય છે. પરિણામે કંઈક નવીન પ્રાપ્તિનો અહેસાસ થતો હોય છે. આ આખી પ્રક્રિયા સૂક્ષ્મ રીતે આનંદદાયક પૂરવાર થતી રહે છે. મોબાઈલ આ દરમ્યાન ઓછામાં ઓછો અવરોધક બન્યો એ પણ નોંધવા યોગ્ય બાબત ગણાય. વચ્ચે વચ્ચે સ્હેજ પગ છૂટા કરવા કોઈ કોઈ ઉઠીને વચ્ચે મુકેલાં પુસ્તકોને ફરી ફરી જોવાનો પ્રયત્ન કરતું તો વળી શિબિરાર્થીઓ કેવા મગ્ન થઈને વાંચે છે એના ફોટા મોબાઈલમાં ઝીલીને પાછું પોતાના સ્થાને બેસી જતું. આ બધી બેઠકો દરમ્યાન એક પણ વાર એવું કશું ન બન્યું. જ્યારે કોઈને બીજાએ ટોકવા પડે એવું થયું હોય. સામૂહિક શિસ્ત અને એનો સહજ સ્વીકાર થયો જેને હું મોટી સફળતા ગણું છું.

પ્રત્યેક બેઠકની શરૂઆતમાં કોઈ એકાદ ગીત ગાય એવો લ્હાવો પણ મળતો રહ્યો વેરાવળમાં કરુણાએ એ સંભળાવ્યું. અને નંદીગ્રામમાં અશ્વિન આનંદાણીએ એ લાભ આપ્યો. વાંચન તરફની રૂચિ ઘટતીસ જતી હોવાના ફરિયાદી માહોલમાં એક સમૂહ નિરાંતે વાંચે છે, તરબતર થાય છે એને પૃથ્વી પરની નાની ઘટના ન ગણાવી જોઈએ. એવી અનુભૂતિ સર્વને થઈ.

કેળવણી, શાંતિ અને અહિંસાને ઉજાગર કરતાં પુસ્તકોની ઊંચી અને ઊંડી વાત હવે સમાજ સુધી પહોંચશે.

૬, સ્વાગત સીટી, મુ.પો. અડાલજ-૩૮૨૪૨૧,
(મો) ૯૭૨૫૦૨૮૨૭૪

## ।। વિદ્યાવૃત્ત ।।

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં પ્રિ.વિજયકુમાર સુથારના માર્ગદર્શન હેઠળ એન.એસ.એસ. અભિમુખતા કાર્યક્રમ બે સેશનમાં યોજાયો હતો. પ્રથમ સેશનમાં સી.વી.એમ.યુનિ.ના એન.એસ.એસ. કૉ.ઓર્ડિનેટર તથા એન.વી.પટેલ કૉલેજના અંગ્રેજી વિભાગના અધ્યક્ષ ડૉ.કાર્તિક જગતાપ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહયા અને નવાગંતુક સ્વયંસેવકોને રાષ્ટ્રીય સેવા યોજનામાં આવકાર્યા તેમજ એન.એસ. એસ.ની નિયમિત તથા ખાસ પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કર્યા હતા. દ્વિતીય સેશનમાં બી.જે.વી.એમ. કૉલેજના આસિ.પ્રોફેસર તથા એન.એસ.એસ. પોગ્રામ ઑફિસર ડૉ.અંકિતાબેન ઢોલારીયા એ નવાગંતુક સ્વયંસેવકોને પીપીટી પ્રેઝન્ટેશન દ્વારા એન.એસ.એસ.લોગોનો અર્થ, લક્ષ્ય, હેતુઓ અને સેવાકીય પ્રવૃતિઓ વિષે માહિતી આપી હતી. શાળાના એન.એસ.એસ. પ્રો.ઓ.શ્રી પ્રકાશચંદ્ર સોલંકી, આસિ.પ્રો.ઓ.કુ.હિનાબહેન ઢોલે, શ્રી એ.જે.પટેલ અને શ્રી એ.સી.ભોઈ દ્વારા અભિમુખતા કાર્યક્રમનું સુંદર આયોજન કરાયું હતું.

## ।। લાઘવિકા ।।

**કેફિયત**

**પ્રજ્ઞા એમ. ધારૈયા**

"હા. પથ્થર મેં જ માર્યો હતો."

સાવ કંતાઇ ગયેલા શરીર વાળી, માંડ માંડ ઊભી રહી શકતી એ સ્ત્રી બોલી.

"પણ શું કામ માર્યો હતો?" મહિલા પોલીસ ઇન્સ્પેક્ટરે સવાલ કર્યો.

"સાહેબ, લાંબી વાત છે."

ઇન્સ્પેક્ટરે બેસવા ઇશારો કર્યો.

"મા બાપથી ક્યારે અલગ પડી ગઈ એ મને યાદ નથી. પણ એ જ કોઠામાં હું નાની મોટી થઈ."

ભૂતકાળના પડ ઉકેલતા એ સ્ત્રી બોલી.

"નથ ઉતારવી એટલે શું એ તમે સમજોને ? તે એ દિવસ હતો. વજનદાર નથને કારણે મારું નાક દુઃખી રહ્યું હતું."

તે થોડું અટકી.

સહૃદયી ઇન્સ્પેક્ટરે પાણી મંગાવ્યું.

"સાહેબ, એ સાંજે કીંમતી ગાડીઓની લાઈન લાગી હતી. બોલી થઇ. એક ભદ્દો આધેડ પુરુષ મોખરે આવ્યો."

કંઈક અટકી એ આગળ બોલી.

"પછી મને એક દીકરી થઈ. જોકે તે મારી પાસે ક્યારેય રહી નહીં."

"મારી યુવાની ઓસરી ગઈ અને મને કોઠાની બહાર કાઢી નાખવામાં આવી. પણ મને ક્યાં જગ્યા મળે ? એ જ શેરીમાં હું દિવસો કાઢવા લાગી."

"તે દિવસે મારી દીકરીની નથ ઉતારવાની હતી એવી ખબર પડી. એટલે બોલી બોલાતી હતી તે વખતે હું કોઠા પાસે જઈને ઊભી રહી કે દીકરીને જોઉં તો ખરી. અને... અને .....

એ જ પુરુષ મોખરે થયો જેણે મારી નથ ઉતારી હતી. અને મેં મોટો પાણકો ઉપાડી તેના માથે ઝીંકી દીધો."

"પણ...." ! ઇન્સ્પેક્ટર સમજવા મથી રહ્યા.

"હા સાહેબ,મેં મારી દીકરીને સગા બાપથી બચાવી છે."

---

૩૦૧, ઈન્દ્રપ્રસ્થ એપાર્ટમેન્ટ, વૃંદાવન પાર્ક ૨,
એસ.ટી ડિવિઝન સામે, લાઠી રોડ,
અમરેલી. (મો) ૯૪૨૯૬૮૬૭૭૬.

---

"I'm selfish, impatient and a little insecure. I make mistakes,
I am out of control and at times hard to handle.
But if you can't handle me at my worst,
then you sure as hell don't deserve me at my best."

**- Marilyn Monroe**



ISSN 0976-9609

|| અભ્યાસ ||

# ભારતીય સ્વતંત્રતા આંદોલનમાં સરલાબેન ત્રિવેદી અને સુભદ્રાબેન શ્રોફનું યોગદાન

કિશન ચાવડા

દેશ તો આઝાદ થાતાં થઈ ગયો, તે શું કર્યું?
દેશ જો બરબાદ થાતાં રહી ગયો,
એ પુણ્ય આગળ આવીને કોનું રહ્યું?
**– ઉમાશંકર જોશી**

આજે આપણા ભારત દેશને આઝાદ થયે ૭૭ વર્ષ પૂર્ણ થઈ ચૂક્યાં છે. આઝાદીની આ લડતમાં રાષ્ટ્રના પૂર્વથી-પશ્ચિમ અને ઉત્તરથી માંડી દક્ષિણ સુધીના નાના-મોટા અનેક લોકોનું અમૂલ્ય અને અવિસ્મરણીય યોગદાન રહ્યું છે. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગાંધીજીની જો કોઈ મહત્વની રચનાત્મક ભૂમિકા રહી હોય તો તે એ છે કે એમણે સ્ત્રીઓમાં રહેલી સુષુપ્ત શક્તિને જાગૃત કરી. અગાઉ આઝાદીની ચળવળમાં થોડાંક ભણેલા-ગણેલા બૌદ્ધિક લોકો જ ભાગ લેતાં હતાં, પરંતુ ગાંધીજીની આઝાદીની અહિંસક ચળવળના આ આંદોલનનો પ્રભાવ ભારતીય નારીઓ પર પડ્યો, તેથી દેશની નારીઓ પણ સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઉત્સાહભેર જોડાઈ. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જેટલું પુરુષોનું યોગદાન છે તેટલું જ સ્ત્રીઓનું સમર્પણ જોવા મળે છે. ભારતીય નારીઓનું આઝાદી માટે અપાયેલું આ અતુલ્યદાન ઝાંખું ન પડી જાય તે માટે એની નોંધ લેવી આવશ્યક છે, તેથી અત્રે વાત પ્રસ્તુત છે ગુજરાતની બે આવી જ સન્નારીઓ સરલાબેન ત્રિવેદી અને સુભદ્રાબેન શ્રોફની આઝાદીની લડતમાં ભજવાયેલી મહત્વની ભૂમિકા વિશે.

## જીવન પરિચય : સરલાબેન ત્રિવેદી અને સુભદ્રાબેન શ્રોફ

સરલાબેન ત્રિવેદીનો જન્મ ઈ. સ. ૧૯૦૯માં ભાવનગરમાં થયો હતો તેમના પિતાનું નામ ગોવિંદભાઈ તથા માતાનું નામ શિવકુંવર હતું. સરલાબેનના પિતા તે સમયના ભાવનગરના રાજ જ્યોતિષી હતા, તેથી તેમની આર્થિક સ્થિતિ સારી હતી, પરિણામે સરલાબેનનું પિયરનું જીવન સારી રીતે વીત્યું. સરલાબેને સાત ધોરણ સુધીનું શિક્ષણ મેળવ્યું હતું. સરલાબેનની સગાઈ ગારિયાધારના રાજગોર બ્રાહ્મણ શંભુશંકર ત્રિવેદી સાથે થઈ હતી. શંભુશંકર અમદાવાદમાં લલ્લુભાઈ શેઠની મિલમાં મેનેજર હતા પણ પછીથી તેઓ ગાંધીજીના સાબરમતી આશ્રમમાં જોડાઈને આશ્રમ જીવન શરૂ કરે છે. સુખ - સુવિધામાં ઉછરેલાં સરલાબેનને આશ્રમ જીવનમાં તકલીફ પડશે, એ વિચારથી શંભુશંકરે સરલાબેનને સગાઈ તોડી નાખવા જણાવ્યું હતું, પરંતુ સરલાબેન પોતે ‘રોટલો અને મીઠું ખાશે’ તેવો દૃઢ નિશ્ચય કરી શંભુશંકર સાથે કદમથી કદમ મિલાવીને ચાલવાનું વચન આપે છે, તેથી ૧૨ વર્ષની વયે સરલાબેનના લગ્ન શંભુશંકર ત્રિવેદી સાથે થયાં. આમ તો સરલાબેનનું સાચું નામ હીરાબેન હતું પરંતુ પોતાના સરળ અને નિખાલસ સ્વભાવને કારણે પતિ તથા સાસરીયાવાળાઓએ તેમને હીરાબેનમાંથી સરલાબેન બનાવી દીધાં હતા. હીરા અને સરલા બંને નામના ગુણો તેઓ ધરાવતા હતા.

સુભદ્રાબેન શ્રોફનો જન્મ ઈ.સ.૧૯૧૫માં સૌરાષ્ટ્રના જેતલસર ગામે થયો હતો. પિતા ચીમનલાલ શ્રોફ વડોદરાના કલા ભવનના પ્રિન્સિપાલ હતા. સુભદ્રાબેનના શિક્ષણનો આરંભ વડોદરામાં થયો. ઈ.સ.૧૯૩૧માં મહારાણી હાઈસ્કૂલમાંથી મેટ્રિક પાસ થયાં. ઈ.સ.૧૯૩૬માં તેઓ મુખ્ય વિષય અંગ્રેજી સાથે અનુસ્નાતક થયાં. પછી તરત જ તેઓ નડિઆદની વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં જોડાયા. ઈ.સ.૧૯૩૭માં તેઓ આ સંસ્થાના નાયબ આચાર્ય બને છે તેઓ ઈ.સ.૧૯૪૨ સુધી આ પદે રહે છે.

## આઝાદીની લડતમાં સરલાબેન ત્રિવેદીની ભૂમિકા

નારી એ શક્તિનું સ્વરૂપ છે અને એ શક્તિની પ્રતીતિ આપણને સ્વાતંત્ર્ય સંગ્રામમાં અવારનવાર થતી રહી છે. સરલાબેનના પતિ શંભુશંકર

ત્રિવેદી ગાંધીજીની આગેવાની હેઠળ ચાલતી સ્વાતંત્ર્ય લડતના એક અગ્રગણ્ય સેનાની હતા. તેથી તેમના દરેક કાર્યમાં સરલાબેને સહકાર આપ્યો, પતિ માટે સરલાબેને ઘણા ત્યાગ પણ કર્યા. તેમના પતિ ફક્ત હાથે દળેલું જમતા તેથી સરલાબેને ઘંટી ઉપર દળવાનું શરૂ કર્યું. દળવાની આદત ન હોવાને કારણે હાથમાં ફોલ્લા પડતા, લોહી નીકળતું તેમ છતાં તે પતિને દળેલું જ જમાડતા. પતિ ખાદીના વસ્ત્રો પહેરતા તેથી કુમળી વયના સરલાબેને જાડા ખાદીના સાડલા પહેરવાનું શરૂ કર્યું. આમ, સરલાબેન પતિના દરેક કાર્યમાં ખભેથી ખભો મિલાવતા.

ઈ.સ.૧૯૩૯ની સવિનય કાનુન ભંગની લડત વખતે સૌરાષ્ટ્રમાં ધોલેરા તથા વિરમગામમાં મીઠાના સત્યાગ્રહો થયા હતા. વિરમગામના આ સત્યાગ્રહમાં બંને પતિ પત્નીએ હોંશભેર ભાગ લીધો. શંભુશંકરને તો સૌરાષ્ટ્રની એક બળવાન ટુકડીના સભ્ય તરીકે ધરાસણા સત્યાગ્રહમાં ભાગ લેવા મોકલાયા હતા. સરલાબેનની પણ વિરમગામ સત્યાગ્રહમાં વણી સ્ટેશને અન્યોની સાથે ધરપકડ કરાઈ હતી. પરંતુ બીજા કોઈ ઓળખે નહિ તેથી તેમણે તથા બીજા ત્રણ બહેનોએ લાજ કાઢી, કાંખમાં છોકરાં તેડ્યા હતાં, માથે સત્યાગ્રહની પ્રચાર પત્રિકાઓનું પોટલું હતું. અત્યંત થાકના કારણે, રાતવાસો સ્મશાનની છાપરી નીચે કર્યો. વહેલી સવારે ડાઘુઓ મડદું લઈ અંતિમ ક્રિયા માટે આવતાં હતાં, ત્યાં આ ચાર બહેનોને સફેદ વસ્ત્રોમાં જોઈ, બીકના માર્યાં તેઓને ચુડેલ માની મડદું મુકીને નાઠા, પાછળથી ઓળખાઈ જતાં તેમણે પોલીસનો ખૂબ ત્રાસ સહન કર્યો, ધરપકડ થઈ, પહેલાં સાબરમતી, ત્યારબાદ યરવડા અને છેલ્લે વીસાપુર જેલમાં તેમને મોકલવામાં આવ્યાં હતાં. આટઆટલાં અત્યાચાર સહન કરવા છતાં, સરલાબેને પોતાનાં દેશ અર્થે સેવાના કાર્યો કરવાનું ચાલું જ રાખ્યું.

સરલાબેન એક પછી એક સત્યાગ્રહોમાં સક્રિય ભાગ લેતાં થાય છે. ઈ.સ.૧૯૩૧ના સંધિકાળના ધ્રોળ તથા મોરબી સત્યાગ્રહમાં અને ઈ.સ.૧૯૩૮-૩૯ના રાજકોટ સત્યાગ્રહમાં પણ તેમણે પૂરા જોશથી ભાગ લીધો. સરલાબેનના પતિ શંભુશંકરની પ્રવૃત્તિઓથી પાલીતાણા રાજ્ય નારાજ હતું, તેથી બ્રિટિશ સરકાર તેમની ધરપકડ કરે છે. શંભુશંકર અને સરલાબેનની આઝાદીની લડત ગાંધીજીના આદર્શ પ્રમાણે અહિંસક હતી, તેથી શંભુશંકર ૭૦ દિવસના ઉપવાસ કરે છે, તેમના ટેકામાં સરલાબેન પણ ૧૩ દિવસના ઉપવાસ કરે છે. ૭૦ દિવસના ઉપવાસથી શંભુશંકરનું સ્વાસ્થ્ય લથડે છે, તેથી દિવસ રાતના ઉજાગરા વેઠી સરલાબેન પતિ શંભુશંકરને પાછા બેઠા કરે છે, અને એક ધર્મપત્નીનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે. એક બીજો પ્રસંગ એવો છે કે, પાલીતાણા રાજ્યના તાબા હેઠળના ગામ મોટા-ચારોડિયામાં ઈ.સ.૧૯૩૭-૩૮ના દુકાળ વચ્ચે, રાજ્ય દ્વારા દુકાળના કપરા સમયમાં મહેસુલમાં રાહત ન આપતા શંભુશંકર અને સરલાબેને સત્યાગ્રહ કર્યો. ૪૫ દિવસના ઉપવાસ પછી અંતે રાજ્યએ નમતું મૂકી સમાધાન કર્યું. અહીં આ દંપતીએ એકતાથી કોઈપણ કાર્ય પાર પાડી શકાય છે, એનું શ્રેષ્ઠ દૃષ્ટાંત પૂરું પાડ્યું.

રાજકોટ પાસે આવેલા લોધિકામાં એકવાર સરલાબેન અન્ય સ્વાતંત્ર્ય સૈનિકો સાથે ચોરા ઉપર બેસીને પ્રાર્થના કરતા હતા. તે ક્ષણે પોલીસ અધિકારી ઓએ આવીને સરલાબેનનો ચોટલો પકડીને તેમને નીચે પછાડ્યાં, તેથી ક્રોધમાં સરલાબેન, એ પોલીસ અધિકારીને કહે છે સ્ત્રી સાથે આવો વર્તાવ કરાય? શરમ નથી આવતી? તમારે કોઈ મા બહેન છે કે નહીં? અમે કોઈ ચોર ડાકુ નથી. ખબરદાર જો હાથ પકડ્યો છે તો![૧] પોતાનાં આવા કૃત્યથી પોલીસ અધિકારી છોભીલો પડી ગયો. પોલીસ ઑફિસરે સરલાબેન સાથે આવું અવિનયભર્યું વર્તન કર્યું હતું છતાં, સરલાબેન મનોમન દુઃખી થાય છે. તેઓ ગાંધીજીને પત્ર લખી જણાવે છે કે બાપુ આપણી લડત અહિંસક છે પણ પોલીસે મને ચોટલો ઝાલી પછાડી અને ઢસડી તેથી ગુસ્સામાં મેં પોલીસ ઉપર ક્રોધ કર્યો છે. આમ અહિંસાને વરેલી વ્યક્તિથી ક્રોધ થઈ ગયો


ISSN 0976-9609

છે તો મારે શું પ્રાયશ્ચિત કરવું? તે અંગે માર્ગદર્શન આપશો[૨] જવાબમાં ગાંધીજીએ જણાવેલું કે, તમારે પ્રાયશ્ચિત કરવાની જરૂર નથી બહેનોએ પોતાના રક્ષણ માટે આવી હિંમત કરવી જ જોઈએ[૩] 'ગાંધીજીના આવા પ્રેરક પ્રત્યુત્તરથી સરલાબેનને હિંમત મળે છે કે, પ્રત્યેક નારીમાં એટલી હિંમત તો હોવી જ જોઈએ કે, 'સ્વયંની સુરક્ષા સ્વયં જ કરે.'

રાણપુર વ્યક્તિગત સત્યાગ્રહમાં પણ ગાંધીજીએ આદેશ કર્યો હતો કે સરલાબેન પ્રથમ સત્યાગ્રહી બની કાયદાનો ભંગ કરશે. આ સમયે સરલાબેનના પતિ અને પુત્ર બંનેનું સ્વાસ્થ્ય ખરાબ હતું; છતાં સરલાબેન ગાંધીજીના વાક્યને બ્રહ્મવાક્ય ગણી સત્યાગ્રહ માટે ગયા, તેથી એમના સમાજની બધી સ્ત્રીઓએ એમને મહેંણા માર્યાં કે આ તે મા છે કે ડાકણ?[૨] સમાજ તથા પરિવારની આટ-આટલી મુશ્કેલીઓ વેઠવાં છતાં સરલાબેન તેમનાથી બને તેટલાં દેશના દરેક સ્વાતંત્ર્ય કાર્યમાં જોડાતાં રહ્યાં. તેમના પતિએ કુલ ૧૮ વર્ષનો જેલવાસ ભોગવ્યો હતો અને સરલાબેને ૭ વર્ષ ૯ મહિનાનો જેલવાસ ભોગવ્યો હતો. સરલાબેનની કુરબાની તથા ત્યાગ - સમર્પણની ભાવના આજની નારીશક્તિ માટે પ્રેરણારૂપ દૃષ્ટાંત છે.

સ્વતંત્રતાની લડતના કાર્ય સિવાય સરલાબેને દારૂબંધી, ખાદી (કાંતણ,વણાટ) વિદેશી વસ્તુઓનો બહિષ્કાર, હરિજન ઉદ્ધાર, શિક્ષણનો પ્રસાર, સામાજિક કુરિવાજોની નાબૂદી વગેરે ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી કરી. સરલાબેનને હરિજનો માટે ખૂબ પ્રીતિ હતી. હરિજનો માટે તેમણે ઘણાં સેવાકાર્યો કર્યાં, તેથી અન્ય સ્ત્રીઓ તેમને 'અછૂત' કહીને તિરસ્કારતી. જે ગરેડી ઉપર દોરડું નાખી સરલાબેન કુવામાંથી પાણી ભરતા તે ગરેડી ધોઈને પછી જ બીજા વર્ણની સ્ત્રીઓ પાણી ભરતી. આમ, પોતાના જીવનમાં આવા અનેક કષ્ટો વેઠીને પણ તેમણે સેવાના કામો કર્યે જ રાખ્યાં.

સરલાબેને સ્ત્રી કલ્યાણ અને મહિલા સશક્તિકરણની દિશામાં પણ ઘણાં કાર્યો કર્યાં. આઝાદી પછી પણ સરલાબેનની રચનાત્મક કાર્યોની પ્રવૃત્તિ ચાલુ જ રહી. ઈ.સ.૧૯૬૮માં સરલાબેનના પતિ શંભુશંકરનું અવસાન થાય છે, આથી થોડા સમય સુધી તેઓ શોકમગ્ન રહે છે. વાવડી ગામના લોકો તેમને આગ્રહ કરી પાછા ઊભા કરે છે અને નવાં-નવાં કાર્ય કરવા ઉત્સાહિત કરે છે. તેમને વાવડી ગામમાંથી તાલુકા પંચાયતની ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઊભા રાખે છે. સર્વસંમતિથી સરલાબેનને ગારિયાધાર તાલુકામાં ઉપપ્રમુખની કામગીરી સોંપવામાં આવે છે. સરલાબેને આ હોદ્દા ઉપર રહી ગામડામાં દવાખાના, બાલમંદિર તથા પુસ્તકાલયની સ્થાપના કરાવી. આમ, સરલાબેને તેમનું જીવન આઝાદીની લડતમાં અને જનસેવા અર્થે જ સમર્પિત કર્યું.

### કન્યા કેળવણીના ઉપાસક : સુભદ્રાબેન શ્રોફની સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભૂમિકા :

ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં દેશના અનેક નાના મોટા લોકોનું યોગદાન રહ્યું છે, તેમાં સુભદ્રાબેન શ્રોફ જેવા અલ્પખ્યાત પણ નોંધનીય કાર્યકર્તાઓનો સમાવેશ કરવો જ રહ્યો. રાજકીયક્ષેત્રે ભારતીય નારી-નો થયેલો પ્રવેશ ૨૦મી સદીના ભારતીય ઈતિહાસની એક અત્યંત અદ્‌ભૂત અને નોંધનીય ઘટના હતી. આ સમયના વાતાવરણમાં જ જાણે આઝાદી મેળવવાની તીવ્ર ભાવના અને ખુમારી હતી. પુરુષો ઉપરાંત સ્ત્રીઓ અને બાળકો પણ આ વાતાવરણથી બાકાત ન હતાં. સુભદ્રાબેન તેમના અભ્યાસકાળથી જ આઝાદીની લડતમાં ઉત્સાહભેર જોડાયાં હતાં. ગાંધીજી અને બીજા નેતાઓની પ્રતિબંધિત ભાષણોથી છપાયેલી પત્રિકાઓ વહેંચવી, નજીકના ગામડાઓમાં જઈ પરદેશી માલની હોળીઓ કરવી તેમજ ખાદી અપનાવવા માટેનો પ્રચાર-પ્રસાર તેઓ કરતાં હતા, તે દરમિયાન તેમને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આ દિવસોમાં સુભદ્રાબેન શાળામાં સતત ગેરહાજર રહેતા, અભ્યાસ કરતાં રાષ્ટ્રપ્રેમને મહત્વ આપતાં તેઓએ શાળા છોડી દીધી!

સુભદ્રાબેન નડિઆદના વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં જોડાયા હતા. આ દરમિયાન આઝાદી માટે દેશમાં હિંદ છોડો લડત સક્રિય હતી. સુભદ્રાબેનને આ લડતમાં ભાગ લેવો હતો, પરંતુ 'હિંદ છોડો' લડતમાં જો તેઓ જોડાય, તો સંસ્થાને મુશ્કેલીઓ પડે, તેથી તેમણે સંસ્થામાંથી રાજીનામું આપી દીધું અને સ્વાતંત્ર્ય સેનાનીઓની ટુકડીઓમાં જોડાયા. સુભદ્રાબેનનો દેશ પ્રત્યે આવો પ્રેમ જોઈને વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં કામ કરતાં બીજા બહેનો પણ 'હિંદ છોડો' લડતમાં સહભાગી બન્યા હતા. સુભદ્રાબેન ખેડા જિલ્લાના નાના ગામોમાં ભાષણ દ્વારા લડતનો પ્રચાર કરતાં પકડાયા અને તેમને ત્રણ માસની કારાવાસની સજા થઈ, તેઓની સાથે સુમતિબેન વૈદ્ય, યશોદાબેન, લીલાબેન પટેલ પણ હતા. જેલમાં ભક્તિબા અને ઈન્દુબેન શેઠ જેવી અનુભવી ક્રાંતિકારી સ્ત્રીઓ દ્વારા જાતજાતની વાતો થતી, જેમાં અહિંસક લડતની, દેશના નેતાઓની, ગાંધીજીના સિદ્ધાંતોની, આઝાદીના વિવિધ કાર્યોની વેગેરે વાતોથી જેલમાં પણ સત્યાગ્રહી બહેનોનું  ઘડતર થતું.

જેલવાસ દરમિયાન સુભદ્રાબેનના માતાના માંદગીના સમાચાર આવે છે, આવા સંજોગોમાં તે સમયે પેરોલ પર છૂટવા માટેની સંમતિ મળે તેમ હતી પરંતુ, જે રાજસત્તા સામે વિદ્રોહની જંગ માંડી હોય તેની સામે શા માટે ઝુકવું? જો સુભદ્રાબેનને છૂટવું હોય તો બ્રિટીશ સરકારના નિયમ પ્રમાણે એમને એવી બાહેંધરી આપવી પડે કે તે હવે કોઈ પણ પ્રકારની ચળવળમાં ભાગ લેશે નહીં. આ વાત સુભદ્રાબેનને લગીરે મંજૂર ન હતી, તેથી જ્યારે સુભદ્રાબેન જેલમાં હતા ત્યારે જ તેમની માતાનું અવસાન થાય છે અને માતા-પુત્રીનું અંતિમ મિલન પણ શક્ય બનતું નથી! અહીં, સુભદ્રાબેનની રાષ્ટ્ર પ્રત્યેની ખરી અને દ્રઢ ભાવનાના દર્શન થાય છે.

સુભદ્રાબેને આઝાદીની લડતમાં તો સક્રિય ભૂમિકા ભજવી જ છે પણ સાથે સાથે તેમણે 'કન્યા કેળવણી' જેવા મહત્વના કાર્યથી સમાજની સ્ત્રીઓમાં જાગૃતતા લાવવાનું ભગીરથ કાર્ય કર્યું છે. વડોદરામાં એક પ્રસંગ દરમિયાન સુભદ્રાબેન અને સુમતિબેનને દરબાર ગોપાળદાસ, રાજકોટમાં કન્યા કેળવણી માટેની સંસ્થા શરૂ કરવાનું આમંત્રણ આપે છે, તેથી સુભદ્રાબેન અને સુમતિબેન રાજકોટ આવે છે. રાજકોટનો અજાણ્યો પ્રદેશ, કોઈ ઓળખાણ નહીં, નાણા તો પાસે હતા જ નહીં. સંસ્થા સંચાલનનો ખાસ અનુભવ નહીં, આવી પ્રતિકૂળ પરિસ્થિતિ હોવા છતાં બંને બહેનોએ આ પડકાર સ્વીકારી દરબાર સાહેબના આમંત્રણને માન આપી રાજકોટને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું.

રચનાત્મક કાર્યક્રમોના ૧૮ કાર્યક્રમો પૈકી એક કાર્યક્રમ સ્ત્રી ઉન્નતીનો હતો, આ પાયાનું એક કામ સુભદ્રાબેને શરૂ કર્યું. કન્યા કેળવણીના કાર્યને સુભદ્રાબેને પોતાનો જીવનમંત્ર બનાવ્યો. સુભદ્રાબેનને ઈ.સ. ૧૯૬૫માં ગુજરાત રાજ્યનો શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ મળ્યો હતો. આમ, ૨૦મી સદીમાં રાજકીય જાગૃતિ સાથે સામાજિક-શૈક્ષણિક જાગૃતિનો નવોન્મેષ જાગ્યો, તેનું એક ઉત્તમ દૃષ્ટાંત સુભદ્રાબેન છે.

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાતના લોકોનું પ્રદાન ગૌરવપ્રદ છે. ગુજરાતે સ્વરાજ પછી શરૂ કરેલા આઝાદી અર્થેના પ્રયાસો, તેની આઝાદી અર્થેની પ્રવૃતિ અને પ્રદાન શોભા વધારનારા તથા તેને સાર્થક કરનારા છે. સરલાબેન ત્રિવેદી અને સુભદ્રાબેન શ્રોફ જેવી સન્નારીઓની ભારતની આઝાદી માટે જે સક્રિય ભૂમિકા રહી છે, તેનું ઋણ આપણે અલ્પ શબ્દોથી નહીં જ ચૂકવી શકીએ, પરંતુ તેઓના ખંતભર્યા અને નિષ્ઠાપૂર્વકના કાર્યોથી પ્રેરણા લઈ, અંગત રીતે દેશની બને શકે એટલી સેવા કરવા અગ્રેસર થવું જોઈએ.

**સંદર્ભસૂચિ :**

(૧) સંપાદક કોરાટ ડૉ. પી. જી. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પાયાના કાર્યકરોનું પ્રદાન. પ્રકાશન ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર. પ્રથમ આવૃતિ ૧૯૯૯.

(૨) દવે, રાજુલ. મહેરામણનાં મોતી. પ્રકાશન પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ. પ્રથમ આવૃતિ ૧૯૯૩.


ISSN 0976-9609

(૩) દેસાઈ શાંતિલાલ મ., રાષ્ટ્રનો સ્વાતંત્ર સંગ્રામ અને ગુજરાત. પ્રકાશન યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ, સાતમી આવૃત્તિ ૨૦૨૧.

(૪) સંપાદકો પંડ્યા રોહિત પી. પંડ્યા જિગીષ એમ. રાષ્ટ્રના મુક્તિ સંગ્રામમાં અને નવસર્જનમાં ગુજરાતની નારી. પ્રકાશન સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, પ્રથમ આવૃત્તિ ૨૦૦૭.

(૫) દેસાઈ ડૉ. મહેબૂબ. આઝાદીના પગરવ. પ્રકાશન પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૦૦.

ક્વાર્ટર નં. ટી-૧૬, યુનિવર્સિટી સ્ટાફ કૉલોની,
વલ્લભ વિદ્યાનગર, આણંદ-૩૮૮૧૨૦
મો. નં. ૯૩૨૭૦૬૯૭૪૮
Email:15kishanchavda@gmail.com

## ।। વિદ્યાવૃત્ત ।।

**ગો. જો. શારદા મંદિરમાં કન્યા કેળવણી મહોત્સવ તથા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ :** ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ગો. જો. શારદા મંદિરમાં આજ રોજ કન્યા કેળવણી મહોત્સવ તથા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત ધોરણ-૬ અને ધોરણ-૯માં નવીન પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓના પ્રવેશોત્સવમાં ઉપસ્થિત ગુજરાત રાજ્યના સચિવશ્રી આર્દ્રાબેન અગ્રવાલ IAS ઓફિસર સામાન્ય વહીવટ અધિકારી ગાંધીનગર તેમજ આણંદ જિલ્લા નાયબ કલેક્ટર શ્રીમતી મીતાબેન ડોડિયા તેમજ CVM ના OSD મહેન્દ્રભાઈ પટેલ સરની અધ્યક્ષતામાં યોજાયો હતો.

IAS ઓફિસર આર્દ્રાબેન અગ્રવાલે વિદ્યાર્થિનીઓને જીવનમાં સખત પરિશ્રમ તેમજ દૃઢ સંકલ્પથી પોતાના ધ્યેય સુધી પહોંચવા માટેની વાત પોતાના જીવનના સત્ય ઘટનાના પ્રસંગો દ્વારા વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરી હતી કે પરીક્ષામાં નાપાસ થાઓ તો પણ હતાશ થવાને બદલે સખત પરિશ્રમ તેમજ દૃઢ સંકલ્પથી તેમજ માતા પિતાના અને પ્રભુના આશીર્વાદથી તમે તમારા ગોલ સુધી પહોંચી શકો છો તે વાત કરી હતી અને વિદ્યાર્થીઓને મોટીવેટ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન યુગ્મા શર્માના નેતૃત્વ હેઠળ માહી શાહ તેમ જ નિર્વી અમીન દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ આભાર વિધિ શાળાના ઇન્ચાર્જ આચાર્યશ્રી યામિનીબેન દ્વારા કરવામાં આવી હતી.

**કન્યા કેળવણી મહોત્સવ તથા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત વાલી મિટિંગ** : ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો. જો. શારદા મંદિરમાં કન્યા કેળવણી મહોત્સવ તથા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત ધોરણ-૬ અને ધોરણ-૯માં નવીન પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓના પ્રવેશોત્સવમાં વાલીમંડળના સભ્યો તથા વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શાળાના માધ્યમિક વિભાગના મદદનીશ શિક્ષક યુગ્મા શર્માએ શાળાના નિયમો, શિસ્તપાલન, પરીક્ષાલક્ષી માહિતી તથા સરકારી યોજનાઓ વિશેની સવિશેષ માહિતી આપી વાલીમિટિંગ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

**મેડિકલ ચેકઅપ :** ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ગો. જો. શારદા મંદિર માં તારીખ ૦૩/૦૭/૨૦૨૫ને ગુરૂવારના રોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિદ્યાનગર (RBSK) તરફથી ડૉક્ટર હાર્દિકભાઈ ગઢવી તેમજ તેમની ટીમ દ્વારા પ્રાથમિક તેમજ માધ્યમિક વિભાગની ધોરણ- ૬ થી ૯ ની વિદ્યાર્થિનીઓનો મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યું તેમજ ધોરણ-૧૦ની ૨૪૦ વિદ્યાર્થિની બહેનોને TD (DIPTHERIYA) ની વેક્સિન પણ મૂકવામાં આવી હતી. ધોરણ- ૬ થી ૯ની 800 વિદ્યાર્થિની બહેનોએ મેડિકલ ચેકઅપનો લાભ લીધેલ છે. શાળાના ઈન્ચાર્જ આચાર્યશ્રી યામિનીબેન પટેલ દ્વારા મેડિકલ ટીમનો આભાર માનવામાં આવ્યો હતો.

**।। ગ્રંથયાત્રા ।।**

## જેલમાં લખાયેલું એક અનોખું નાટક

**દીપક મહેતા**

અઢાર-ઓગણીસ વરસનો એક ટીનએજર છોકરો. નાશિકની જેલમાં પુરાયો છે. ના, હોં ! કાળા-ધોળા કરીને જેલમાં નહોતો ગયો એ. ગાંધીજીની રાહબરી નીચેની દાંડી કૂચમાં ભાગ લીધેલો એટલે ત્રણ મહિનાની જેલની સજા થયેલી. જેલની દિવાલ ખાસ્સી ઊંચી. બહારની દુનિયા તો દેખાય જ નહિ. પણ જેલની બહાર એક વડનું ઝાડ. એ પણ કાંઈ આખું દેખાય નહિ. પણ એ હતું ખાસ્સું ઊંચું, એટલે તેની ડાળીઓનો જાણે કે એક ટુકડો પેલા યુવાન કેદીને જોવા મળતો. એ જોતાં એનું મન થોડાં વર્ષો પાછળ ચાલ્યું જાય. એનું વતન તો ભાવનગર, પણ એક-બે વરસ જૂનાગઢની સ્કૂલમાં ભણેલો. ત્યારે મજેવડી દરવાજે એક ખાસ્સો મોટો વડ. એની ડાળીઓ પર દોસ્તારો સાથે ઝૂલેલો, ધીંગામસ્તી કરેલા. એ બધું યાદ આવે. રાજકીય કેદી હતો એટલે લખવા-વાંચવાની છૂટ હતી. જેલર પાસે કલમ ને કાગળ માંગ્યા, અને જાણે ઝોડ વળગ્યું હોય તેમ માંડ્યો લખવા. લખ્યા પછી જેલમાંના સાથીઓ આગળ વાંચી ગયો. બધાને ગમ્યું. જેલમાંથી બહાર આવ્યો તે પછી ૧૯૩૧માં ચોપડી રૂપે છપાવ્યું એ લખાણ. એ ચોપડી હતી એક નાટકની. એનું નામ 'વડલો.' અને તેનો યુવાન લેખક તે કૃષ્ણલાલ શ્રીધરાણી. ૧૯૧૧ના સપ્ટેમ્બરની ૧૬મી તારીખે તેમનો જન્મ. આવતી કાલે એ વાતને ૧૦૨ વર્ષ પૂરાં થશે. જૂનાગઢના અભ્યાસનાં વર્ષ બાદ કરતાં ભાવનગરની દક્ષિણામૂર્તિમાં અને પછી ગૂજરાત વિદ્યાપીઠમાં ભણેલા. આવો છોકરડો પહેલી વાર નાટક લખતો હોય ત્યારે ઘણુંખરું બીજા કોઈ મોટેરા નાટકકારનું અનુકરણ નહિ, તોય અનુસરણ કરે. પણ 'વડલો'ને થોડુંઘણું પણ મળતું આવે તેવું બીજું કોઈ નાટક આપણી ભાષામાં તો ત્યાં સુધીમાં લખાયું નહોતું આજે પણ લખાયું નથી. ભારતની મરાઠી-બંગાળી જેવી બીજી ભાષાઓના સાહિત્યનો, અંગ્રેજી કે યુરોપીય સાહિત્યનો, એ વખતે શ્રીધરાણીને પરિચય હતો કે નહિ હતો તો કેટલો ? તે આપણે જાણતા નથી. પણ બીજી ભાષાઓમાં પણ એ વખતે આવું નાટક મળવું મુશ્કેલ. જેલમાં બેઠેલા કેદી માટે તો લગભગ અસંભવ. એટલે લેખકે બીજા કોઈને નહિ પણ પોતાની જાતને પૂછી પૂછીને આ નાટક લખ્યું છે. નાટકમાં પાત્રો તો ઘણાં છે, પણ માણસો તો ગણ્યાગાંઠ્યા જ છે. ભથવારી, એનો પતિ ગોવાળિયો, નિશાળના તોફાની છોકરાઓ અને એમને મારવા દોડતા આવતા માસ્તરને બાદ કરતાં આ નાટકની સૃષ્ટિમાં માણસો જોવા નથી મળતા. તો પછી નાટકમાં પાત્રો તરીકે આવે છે કોણ? પહેલવહેલો, નાટકનો નાયક વડલો. હા, વડનું ઝાડ. અને ખલનાયક કહી શકાય એવો ઝંઝાવાત. સૂત્રધાર છે કૂકડો. ધીરોદાત્ત નાયકનું ખલનાયકને હાથે મોત થાય છે. એટલે જ કદાચ લેખકે આ નાટકને 'શોક પર્યવસાયી' નાટક તરીકે ઓળખાવ્યું છે. ચંદ્રવદન મહેતાએ એમની લાક્ષણિક શૈલીમાં કહ્યું છે "કહે. કવિ છે. એને ફાવે તેમ કહે. શેનો શોક - શેની ગ્લાનિ - વડલો વાયુએ વિંઝાઈ ગયો એનો ? દરેક માણસ મરે છે. એથી આજના અર્થમાં દરેકની ટ્રેજેડી નથી થતી. વડલો લાંબુ જીવે છે પણ આખરે તો ભલભલાનાં મૂળિયાં ઊખડી જવાનાં છે. પણ વડલો ધીરગંભીર સમભાવશાળી સંવેદનશીલ કૃતિનાયક છે." નાટકનો અંત પણ નિરાશાપ્રેરક નથી. જુઓ ઝરણીના આ શબ્દો "વડદાદાનો દેહ પડ્યો છે, પણ પ્રાણ તો હજી અણનમ છે. અને જે ઝંઝાવાતે વડદાદાના મહાન જીવનનો અંત આણ્યો છે તે જ ઝંઝાવાતે વડદાદાના અસંખ્ય ટેટાઓ ગાઉઓના ગાઉ સુધી પ્રસારી દીધા છે. એ ટેટાઓમાંથી વડદાદા જેવા બીજા અસંખ્ય વડલાઓ ફૂટી નીકળશે." 'પુનરપિ જનનમ્, પુનરપિ મરણમ્...' એ શંકરાચાર્યના શબ્દો યાદ આવી જાય એમ છે.


ISSN 0976-9609

અમાનવીય પાત્રોને આગવું વ્યક્તિત્ત્વ આપવું મુશ્કેલ. પણ અહીં લેખકે એ મુશ્કેલ કામ કરી બતાવ્યું છે. અહીં જે પાત્રો જોવા મળે છે તે છે કોયલ, પોપટ, કાગડો, કાબર, મેના, મોરલો, રાજહંસ, બપૈયો, સૂડો જેવાં પંખીઓ, કમલિની, સૂર્યમુખી, ચંપો, જેવાં ફૂલો, ભાદરવાનો ભીંડો, આકાશી શુક્ર, ચંદ્ર, દેવયાની, મંગળ, ગુરુ, શ્રવણ; અને કિરણ, ઝરણી, ઝાકળ, સમીર, વાદળાંઓ, વીજળી, જેવાં પ્રાકૃતિક તત્ત્વો. ભલે લાંબુ, પણ વડલો છે પાછું એકાંકી. અને કોઈ પણ એકાંકીમાં આટલાં બધાં પાત્રો હોય તો દરેકને આગવું વ્યક્તિત્ત્વ આપવું મુશ્કેલ. અહીં પણ નથી અપાયું. પણ વડ, ઝંઝાવાત, કમલિની, ભીંડો, ઝરણી, જેવાં કેટલાંક પાત્રોને પોતીકું કહી શકાય તેવું વ્યક્તિત્ત્વ લેખકે સફળતાપૂર્વક આપ્યું છે. બધાં પાત્રોમાં શિરમોર જેવું તો છે ભથવારીનું પાત્ર. ચંદ્રવદનભાઈએ સાચું જ કહ્યું છે "આ કલ્પના નીતરની કૃતિમાં નાટ્યતત્ત્વથી ભર્યું ભર્યું પાત્ર તો એક જ છે, અને તે પણ હૃદયંગમ છે. કોણ એ વારુ, પારખી શકો છો ? રસપ્રવાહમાં વણાયા-તણાયા હશો તો તરત અંતરથી હોઠે આવશે ગોધણ ધણીની ભથવારી." આ ભથવારી જે ગીત ગાય છે તેના પર ચંદ્રવદનભાઈ એટલા તો આફરીન થઈ ગયેલા કે પોતાનું નાટક 'રમકડાંની દુકાન' પોતે ભજવતા ત્યારે આ ગીત ઉછીનું લઈને બીજા અંકને છેડે તેનો રાસ જમાવતા. લખે છે "રમકડાંની દુકાન કદીક ક્યાંક ભજવાય છે, પણ ભથવારીના એ ગીત વિના દુકાનની બરકત દીપી નીકળતી નથી."

માત્ર એક આ ગીત જ નહિ, નાટકમાં આવતાં ઘણાં બધાં ગીતો તેનું આગવું આકર્ષણ અને આભૂષણ બની રહે છે. શ્રીધરાણીને કવિ તરીકે ભાવકોના મનમાં વસાવવા-ઠસાવવામાં પણ આ ગીતોનો ફાળો નાનોસૂનો નથી. આરંભે અને અંતે આવતું કૂકડાનું 'અમે તો સુરજના છડીદાર,' હંસગાન 'દરિયાના બેટથી ઊડ્યા અમે તો, હિમાળા ડુંગર જાવાં જી!,' તારાઓનું ગીત 'સંધ્યા આવી પૂરે કોડિયાં, આભ અટારી શણગારે', કેટલાં ગણાવવાં. અને પાછાં બધાં ગીતો એવાં છે કે નાટયગીત તરીકે એકદમ બંધ બેસતાં, અને સ્વતંત્ર ગીત તરીકે, કવિતા તરીકે પણ ઊભાં રહી શકે એવાં. ટોટલ થિયેટરની વિભાવનાથી એ વખતે લેખક પરિચિત હશે કે નહિ એની તો ખબર નથી, પણ ભજવાય ત્યારે આ નાટક ટોટલ થિયેટરનો અનુભવ કરાવે એવું છે. મરાઠીનાં કે બીજી ભાષાઓનાં સફળ નાટકોની પાંચમી કાર્બન કોપી જેવાં નાટકો પર નભતી આજની આપણી ધંધાદારી રંગભૂમિ પર આજે કોઈ ન ભજવે, પણ 'પ્રયોગાત્મક'નો ફાંકો રાખનારા ઓએ ભજવી જોવા જેવું છે.

નાટક લખાયું ૧૯૩૦માં પહેલી વાર છપાયું ૧૯૩૧માં. પણ આજેય તાજું અને સોહ્યું લાગે છે. ૧૯૫૨માં 'સંસ્કૃતિ' માસિકમાં પ્રગટ થયેલ 'હું અને કવિતા' નામના લેખમાં ડૉ. શ્રીધરાણીએ કહ્યું છે "આમ તો વડલો એક નાટક છે, પણ મારે મન એ એક સૉનેટ સિક્વન્સ છે. ઉંમર વધતી જાય તેમ તેમ આપણે પહેલાં લખેલું સુધારવાનું મન થાય, પણ વડલો મારી એક એવી કૃતિ છે જેમાં એક કાનો ઉમેરવાનું મન નથી થતું. હું એને મારું એક ધન્ય ક્ષણનું દર્શન માનું છું. વડલોથી હું કૃતાર્થતા અનુભવું છું."

---

સૌજન્ય : ડો. રાજેન્દ્રસિંહ જાડેજા

---

"Success is peace of mind, which is a direct result of self-satisfaction in knowing you made the effort to become the best of which you are capable."

**- John Wooden**

॥ અનુવાદ ॥

## ઐતિહાસિક નવલકથાઓનું સમાજ જાગૃતિમાં યોગદાન

**મૂ.લે.ડૉ.એસ.એલ.ભૈરપ્પાજી, અનુ.ડૉ.મહેન્દ્ર નાયી**

કાશીના વિષયમાં પુસ્તક લખવાનો વિચાર મારા મનમાં કેવી રીતે આવ્યો? મારા મગજમાં એવો પ્રશ્ન આવ્યો કે કાશી, બનારસની પછી પણ જીવતું છે. આ પ્રકારે બનારસ પણ જીવિત છે. આ પ્રશ્ન હતો, જે મને મુશ્કેલીમાં મૂકી રહ્યો હતો. હું બનારસના ખૂણે-ખૂણામાં ગયો. બનારસમાં મારા એક મિત્ર છે, જે મને બધી જગાએ લઈ ગયા. તેમણે નષ્ટ કરવામાં આવેલ દરેક મંદિરનો ઇતિહાસ મને જણાવ્યો. કેટલાક મંદિરોનું પુનઃનિર્માણ થયેલું છે. ત્યારે મે બનારસનો ઇતિહાસ લખવાનો વિચાર મારી અંદર અનુભવ્યો. પરંતુ જ્યારે હું ગ્રંથાલયમાં ગયો અને બનારસ વિશે લખાયેલ પુસ્તકોને શોધવા લાગ્યો, ત્યારે હું મોટા-મોટા વિદ્વાનોથી પરિચિત થયો.

મેં વિચાર્યું કે હું બનારસનો ઇતિહાસ નહીં લખી શકું. કેમકે હું પ્રાથમિક ઈતિહાસકાર નથી. ઘણાં જ ઈતિહાસકારો છે. જે આ વિષયમાં જાણે છે. એટલે મારા મગજમાં જે ચાલી રહ્યું હતું તે હું કરું તેમાં ઔચિત્ય નથી. ત્યાર પછી મે મારી નવલકથા 'આવરણ' લખી. બનારસ આવરણનું કેન્દ્રબિંદુ છે. પરંતુ મારી નવલકથા અને ઈતિહાસમાં અંતર એ છે કે મે એમાં એ લખ્યું છે, કે બનારસના વિશ્વનાથ મંદિરનો કેવી રીતે ધ્વંસ કરવામાં આવ્યો અને આ ઐતિહાસિક દુર્ઘટનાને વિશે આપણાં વર્તમાનના, આપણાં આજના ઈતિહાસકારોનો કયો દષ્ટિકોણ છે? એટલે જ મેં જ્યારે ઐતિહાસિક નવલકથાના વિષયમાં વિચાર્યું ત્યારે અનુભવ્યું કે તે ઐતિહાસિક વર્ણન માત્ર નથી. મેં અભ્યાસ કર્યો કે ઈતિહાસકાર કેવી રીતે અને શું લખે છે. એ કઈ વસ્તુ છે જે ઈતિહાસકાર લખે છે? ઈતિહાસકાર વિશ્વનાથ મંદિરના ધ્વંસને કયા દષ્ટિકોણથી જુએ છે. આ વિષયમાં યુવાનોનો દષ્ટિકોણ, માર્ક્સવાદી દષ્ટિકોણ, સમાજશાસ્ત્રીય દષ્ટિકોણ અને વિભિન્ન પ્રકારના દષ્ટિકોણ છે. ઐતિહાસિક નવલકથાકારને આ બધા પર વિચાર કરવો પડે છે.

મેં તમારી સમક્ષ કલાનો ઇતિહાસ અને વાસ્તવિક માહિતીનો ઇતિહાસ બંનેના વર્તમાન દષ્ટિકોણ રજૂ કર્યા છે. આ ઐતિહાસિક નવલકથા લેખનની નવી ટૅકનિક છે. 'કાશી'ના વિષયમાં ઐતિહાસિક નવલકથા લખતી વખતે ૧૯૬૮ કે ૧૯૬૯માં મને એક અત્યંત અર્થપૂર્ણ અનુભવ થયો. એ સમયે હું દિલ્લીની એન.સી.ઈ.આર.ટી (N.C.E.R.T.-રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ)માં દર્શનશાસ્ત્રના પ્રવાચક (રીડર)ના પદ પર કાર્ય કરી રહ્યો હતો. શ્રીમતી ઇન્દિરા ગાંધી પ્રધાનમંત્રી હતા. એમણે આદેશ આપ્યો કે ભારતીય ભાષાઓમાં લખાયેલ બધા પાઠ્યપુસ્તકો, મુખ્યત્વે સાહિત્ય, સમાજશાસ્ત્ર તથા ઇતિહાસના પુસ્તકોનું પુનર્લેખન એ પ્રકારે કરવામાં આવે કે જેનાથી અલ્પ સંખ્યકોની ભાવનાને ઠેસ ન પહોચે. તેના માટે એમણે શ્રી.જી.પાર્થસારથિ જે રાજદૂત હતા.

તેમની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી. આજ નામની એક બીજી વ્યક્તિ પણ છે જે આ દિવસોમાં વર્તમાનપત્રમાં લખે છે અને ટી.વી (ટેલિવિઝન) પર પણ દેખાય છે. પરંતુ આ એ જી. પાર્થ સારથિ નથી. તે તો શાસક પરિવારથી ખૂબજ નજીકથી જોડાયેલા હતા. એમની અધ્યક્ષતામાં સમિતિની નિમણૂક કરવામાં આવી હતી.

એમાં પાંચ સભ્ય હતા. તેમાં એક સભ્ય મને બનાવવામાં આવ્યો. પહેલી બેઠકમાં શ્રી પાર્થસારથિ એ સમિતિની રચનાનો ઉદ્દેશ સ્પષ્ટ કર્યો. તે રાજદ્વારી પ્રતિષ્ઠિત રાજદૂત, મૃદુ ભાષી કૂટનીતિજ્ઞ હતા. બીજા બધા સભ્યો એ વાતથી સહમત હતા, જેને અધ્યક્ષે રજૂ કરી હતી. કારણ કે સભ્ય તરીકે નિમણૂક થવી એ પોતે જ એક કૃપા હતી. નિમણૂક પણ એ આશાથી જ થતી હોય છે, કે તમે પુનર્લેખનની ભલામણને સ્વીકારશો.

 ISSN 0976-9609

મેં એમને પૂછ્યું- સાહેબ, પાઠ્યપુસ્તકો પર બીજી વાર વિચાર કરવાનો ઉદ્દેશ્ય શું છે ? શું તેનો ઉદ્દેશ્ય ઐતિહાસિક સત્યતા કે વાસ્તવિક્તાઓને દબાવી દેવાનો છે કે વિદ્યાર્થીઓને સત્ય અને વાસ્તવિકતાથી પરિચિત કરવાનો છે ? તેમણે કહ્યું - શું તમે તમારી વાત ઉદાહરણ આપીને સમજાવશો? હું બનારસ જઈને જ આવ્યો હતો. મેં કહ્યું - સાહેબ, જો તમે બનારસ જાવ, તો ત્યાં વાસ્તવિક તથા કથિત વિશ્વનાથ મંદિર અસ્તિત્ત્વમાં છે. એ નાના ક્ષેત્રમાં ભક્તગણ પહોંચે છે, અને વિશ્વનાથનું પૂજન કરે છે. પરંતુ અસલી મંદિર પર તો ઔરંગઝેબ દ્વારા નિર્મિત પીડાદાયક પરંતુ પ્રભાવશાળી મસ્જિદ ઊભી છે. પોલીસ અને મુરીદો દ્વારા એની રક્ષા થઈ રહી છે.

આ ઐતિહાસિક તથ્ય છે. શું તમે ઈચ્છો છો કે આ ઇતિહાસના પુસ્તકોમાં પ્રસ્તુત કરવામાં આવે કે તમે એને હટાવવા ઇચ્છો છો. માની લો કે બાળકો આ વાસ્તવિકતાના સંબંધમાં કશું જ નથી ભણતા. પરંતુ જ્યારે તે મોટા થઈને બનારસ જશે અને આ વાસ્તવિક્તાનો અનુભવ કરશે ત્યારે શું એ નહીં વિચારે કે એમને જે ભણાવવામાં આવ્યું તે જૂઠું હતું. શું આપણે આપણાં ઇતિહાસના પાઠ્યપુસ્તકોમાં સાચી વાતને ભણાવવી ન જોઈએ.

એમણે સામે પ્રતિપ્રશ્ન કર્યો- ઇતિહાસનો ઉદ્દેશ્ય શું છે ? મેં કીધું - ઇતિહાસનો ઉદ્દેશ્ય કોઈ નથી જાણતું. ઇતિહાસ ભવિષ્યમાં કયા સ્વરૂપથી ગતિશીલ થશે, એના વિશે કોઈ જાણતું નથી. તે અનેક વાતો પર આધાર રાખે છે. જેમ કે ટૅકનૉલૉજીનો વિકાસ, માણસોના સ્વભાવનો વિકાસ, આપણાં કાયદાઓનો વિકાસ વગેરે.... પરંતુ એટલુ તો હું જાણું છું કે ઇતિહાસના અધ્યયનનું પ્રયોજન શું છે? ઇતિહાસના અભ્યાસનું પ્રયોજન એ છે કે આપણે આપણા પૂર્વજોની સત્યતા, મુખ્યત્વે એમની મહાનતા, એમના સદ્‌ગુણો અને પ્રભાવ વિશે જાણીએ.

આપણે એમની ખામીઓ તથા સદ્‌ગુણોથી શીખ લઈ શકીએ, આ ઉદ્દેશ છે. આ દૃષ્ટિથી ઉદાહરણો સહિત ઇતિહાસના પુસ્તકો લખાવા જોઈએ. આના પછી બેઠક સ્થગિત કરી દેવામાં આવી. મધ્યાહનના ભોજન પછી તે મને એક બાજુ લઈ ગયા. મારા ખભા પર હાથ મૂકીને બોલ્યા - તમે ખૂબ તેજસ્વી યુવક છો. (એ સમયે હું યુવક જ હતો) તેમણે આગળ કહ્યું - તમે તીક્ષ્ણ બુદ્ધિશાળી છો. તમને જાણ છે કે જ્યારે કોઈ જનસમૂહ કે દેશ પર શાસન કરવાનું હોય છે, એ સમયે બધા લોકોને સાથે-સાથે રાખવાની જવાબદારી શાસક પર આવી જાય છે. તે માટે આપણાં શિક્ષણે સાનુકૂળ માનસિકતા અને ગુણાત્મકતા તૈયાર કરવી જોઈએ.

મેં જવાબ આપ્યો- સાહેબ, એ સાચું છે કે બધા લોકોને એક સાથે રાખવા જોઈએ. પરંતુ, કોઈ વિચારના ઉમેરણ માટે તમે સત્યને દબાવી શકો નહીં. તેમણે પૂછ્યું - તમારો ઉદ્દેશ્ય શું છે? તેમના પ્રશ્નના જવાબમાં મેં કહ્યું - હિન્દુ સમાજની ખામીઓ પર વિચાર કરો. તમે બધા એક દબાણમાં કામ કરી રહ્યા છો. એ આપણી ભૂલ છે. જ્યારે આપણું સંવિધાન બન્યું અને એ આપણાં લોકો દ્વારા જ બનાવવામાં આવ્યું. તે ઉચિત સંવિધાન નિમાયેલા સભ્યો દ્વારા લિખિત સ્વરૂપમાં તૈયાર થયું. તેમાં કનૈયાલાલ મુનશી, સરદાર પટેલ, શાસ્ત્રીજી અને રાજેન્દ્ર પ્રસાદ જેવા વિદ્વાનોનો સમાવેશ થયેલો હતો અને એમણે સર્વ સંમતિથી નિશ્ચય કર્યો કે અસ્પૃશ્યતા એક ગુનો માનવામાં આવશે. જે અસ્પૃશ્યતા ભર્યો વ્યવહાર કરે એને જેલની સજા થશે, આ પ્રકારે આપણામાં પરિવર્તન આવ્યું.

આપણામાં પરિવર્તન આવ્યું કેમકે અસ્પૃશ્યતાની આલોચના થઈ. આ પ્રયાસ વિવેકાનંદ, રાજા રામમોહન રાય, આર્યસમાજ, પ્રાર્થના સમાજથી શરૂ થયો હતો. એના લીધે અનેક સામાજિક આંદોલનો થયા અને હવે તે આપણા સંવિધાન (બંધારણ)માં પણ આવી ગયું છે. હવે અસ્પૃશ્યતા દેશના કેટલાક વિસ્તારો, કેટલાક ગામમાં હોઈ શકે છે પરંતુ તે દંડનીય અપરાધ તો છે જ.

પરંતુ તે થયું કેવી રીતે? એટલા માટે કે એના પર ખુલ્લી અને સ્પષ્ટ ચર્ચા થઈ. આપણી ખામીઓ પર મુક્ત રીતે ચર્ચા થઈ અને આ જ વસ્તુ છે, જે આપણો ઇતિહાસ શીખવે છે. હવે તમે એને દબાવી રહ્યા છો જે ઔરંગઝેબે કર્યું છે. જેનાથી આપણાં બાળકો અને મુસ્લિમ બાળકો સાચી વાતને સમજી શકે. જે ઔરંગઝેબ દ્વારા કરાઇ હતી. તેથી આપણે ઐતિહાસિક તથ્યને સંતાડવાનું કામ ન કરવું જોઇએ. નહીં તો ઈતિહાસ ભણાવવાનો શું ઉદ્દેશ. રાજદૂત નિરુત્તર થઈ ગયા. મધ્યાહન ભોજન બાદ ફરી બેઠક શરૂ થઈ. રાજદૂતે કહ્યું કે આપણે દ્વિતીય ચરણમાં જઈએ. મેં કહ્યું - સાહેબ, મૂળભૂત પ્રશ્ન હજી ઉકેલાયો નથી. પહેલા આપણે પ્રાથમિક પ્રશ્નનો ઉકેલ લાવવો જોઇએ. તે જવાબ ના આપી શક્યા. ત્યારબાદ એમણે થોડી સારી-સારી વાતો કરી અને પછી એ દિવસની બેઠક સમાપ્ત થઈ ગઈ.

બીજા દિવસે બેઠક ન થઈ, અને એના પંદર દિવસ સુધી બેઠક ન થઈ. પંદર દિવસ પછી સમિતિની પુનઃરચના થઈ. મારા સ્થાને એક માર્ક્સવાદીને લેવામાં આવ્યા. ત્યાર પછી તે ઇતિહાસ, સમાજશાસ્ત્ર, અને સાહિત્યના પાઠ્યપુસ્તકો માટે પણ પુનર્વિચાર કરવા લાગ્યા.

મને એ પ્રશ્ન સતાવતો હતો કે ઇતિહાસ ભણાવવાનું પ્રયોજન શું છે? આવું કેમ છે કે આપણે ઈતિહાસને એક વિશેષ પ્રકારના લખાણ માટે ભારે દબાણ સાથે નથી લખી રહ્યા? ઇતિહાસ લેખનમાં જે સ્વતંત્રતા જોઈએ એ સ્વતંત્રતાની સાથે જ લેખક ઐતિહાસિક નવલકથા લખે છે. ઐતિહાસિક લેખન તરફ કમ સે કમ એમનો ઝુકાવ તો રહ્યો.

હું કન્નડ વિશે વાત કરી રહ્યો છું. સ્વતંત્રતા આંદોલનના દિવસોમાં આપણા ઈતિહાસકારો તથા ઐતિહાસિક નવલ કથાકારોએ જે ઇતિહાસ લખ્યો એમાં એમણે એ બધા લોકોને દેશભક્તના રૂપમાં ગૌરવ કર્યું. જે અંગ્રેજો વિરુદ્ધ લડ્યા હતા. પછી ભલે ને વ્યક્તિગત કારણોથી લડ્યા પણ શું તે ખરેખર વાસ્તવિક દેશભક્ત હતા? તમે સ્વદેશ ભક્તિને કઈ રીતે આલેખો છો?

સ્વદેશ ભક્તિ એક ભાવના છે. આપણને આપણાં દેશના ઈતિહાસથી પ્રેમ હોવો જોઈએ. આપણે આપણા દેશની ચારિત્ર્યિક વિશેષતાને પ્રેમ કરવો જોઈએ. નહિતર તમે દેશભક્ત નથી. દેશભક્તિને લીધે બીજી વાતો પણ જરૂરી છે. જેમ કે ભ્રષ્ટાચાર શૂન્યતા. દેશભક્ત ભ્રષ્ટાચારમાં નથી પડતો. બીજા લક્ષણ પણ છે. પરંતુ મુખ્યત્વે દેશભક્તના આ જ મુખ્ય લક્ષણ છે.

હવે પ્રશ્ન એ છે કે આપણે આવા લોકોનું કેવી રીતે મહિમા મંડન કરી શકીએ જે સામે લડ્યા. કર્ણાટકમાં વર્તમાનમાં આવું થયું છે. હું ૭-૮ વર્ષ પૂર્વે બનેલા એક મહત્ત્વપૂર્ણ પ્રસંગનું ઉદાહરણ રજૂ કરું. ત્યારે કર્ણાટકમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી. કોઈ પ્રસંગમાં શિક્ષણમંત્રીએ ટીપુ સુલતાન વિશે જે જૂના કર્ણાટકના સત્તાધારી રહ્યા હતા, ટિપ્પણી કરતાં કરતાં કહી દીધું કે તે કન્નડ દ્રોહી હતા. તે કન્નડ ભાષાનો દ્રોહી એટલા માટે હતો, કેમ કે ટીપુથી પહેલા કન્નડ ત્યાનાં રાજવહીવટની ભાષા હતી. જેવી ટીપુના હાથમાં સત્તા આવી તેણે કન્નડને હટાવી ફારસી રાજકાજની ભાષા બનાવી દીધી. તેણે કન્નડ ભાષીઓ પર ફારસી આરોપિત કરી દીધી તેથી તે કન્નડ દ્રોહી હતો. તે ઐતિહાસિક તથ્ય છે.

મંત્રી સાહેબે જે કીધું તે ઐતિહાસિક સત્ય હતું. પરંતુ પ્રસિદ્ધ નાટ્યકાર તેમજ ફિલ્મ અભિનેતા ગિરીશ કર્નાડ જે સ્થાપિત માર્ક્સવાદી છે, તે પોતાના ૪-૫ અનુયાયીઓ સાથે બેંગ્લોરમાં મહાત્મા ગાંધીની પ્રતિમા આગળ પહોંચ્યા, પત્રકારોને બોલાવ્યા અને કીધું- મંત્રીએ ટીપુની મજાક ઉડાવવા માટે માફી માંગવી જોઈએ અને પોતાના પદ પરથી રાજીનામું આપવું જોઈએ નહિતો હું આંદોલન શરૂ કરીશ. તે બધા રાજનીતિજ્ઞો જે ભાજપા વિરોધી હતાં તેમણે


ISSN 0976-9609

કહ્યું- મંત્રી મુર્દાબાદ, શંકરમૂર્તિ મુર્દાબાદ. મંત્રીનું એ જ નામ હતું.

મેં પણ ટીપુ પર નાટક લખ્યું છે, હું ટીપુ વિશે મંત્રીથી વધારે જાણું છું. એક વર્તમાનપત્રના સંપાદક મારી પાસે આવ્યા. કહે, સાહેબ શું તમે ટીપુ પર એક લેખ લખશો અને બતાવશો કે તે કન્નડ દ્રોહી હતો કે નહીં. મેં કીધું મને આ ઝંઝટમાં ના નાખશો. તમે જાણો છો કે હું રાજનીતિક વિવાદોમાં કોઈ રુચિ નથી રાખતો. એના પર તેણે પ્લેટોનું એક ઉદાહરણ રજૂ કર્યું. પ્લેટો તેના ગ્રંથ રિપબ્લિકમાં કહે છે કે જો વિદ્વાન માણસ રાજનીતિક ગતિવિધિઓમાં પ્રવેશ લેવાની મનાઈ કરશે તો તે, અભણ લોકોથી શાસિત થઈ દંડ પામશે.

એના પછી તે બોલ્યા. મેં આ ઉદાહરણ એટલા માટે તમારી સમક્ષ મૂક્યું કેમકે તમે દર્શનશાસ્ત્રના વ્યક્તિ છો. તમારે આ વિષય પર લખવું જ જોઈએ. મેં એમની પાસે એક અઠવાડિયાનો સમય માંગ્યો. મેં એક લેખ તૈયાર કર્યો. જેમાં સવિસ્તૃત તે બધુ લખ્યું, જે ટીપુએ કર્યું હતું. તે પણ લખ્યું જે ગિરીશ કર્નાડે પોતાના નાટકમાં ટીપુનું વર્ણન કરતાં લખ્યું હતું. મેં તેમના બીજા નાટક તુગલક વિશે પણ લખ્યું. તુગલક એક પ્રસંગમાં કહે છે - હું વિદ્વાન બ્રાહ્મણ અને વિદ્વાન મુસ્લિમને એ રીતે જોવા માગું છું કે હાથમાં હાથ મિલાવી, મિત્ર બની અને સાથે સાથે પ્રાર્થના કરે. મેં બંને વિશે લખ્યું. ટીપુ સુલતાનની યોજના નિર્મિત પ્રસંગો વિશે લખ્યું અને જણાવ્યુ કે તે કેટલું જૂઠું હતું.

શર્મા નામના એક વ્યક્તિ બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં પુસ્તકાલયના અધ્યક્ષ હતાં. એમણે અંગ્રેજીમાં એક પુસ્તક લખ્યું હતું - રિયલ ટી (અસલી ટીપુ) તે પુસ્તકનો તેમણે કન્નડમાં અનુવાદ કર્યો. એમણે કીધું કે આ નાટક અને તુગલક બંને અસત્ય પર આધારિત છે. મેં એ પુસ્તકમાંથી બધા ઉદાહરણ આપ્યા છે. સંપાદકે મારા લેખને પ્રથમ પૃષ્ઠ પર પ્રકાશિત કરીને પહેલા તો ગિરીશ કર્નાડને ટિપ્પણી કરવા કહ્યું. ગિરીશ કર્નાડએ મારા લેખ પર અતિશય ક્રોધિત થઈ તેમની પ્રતિક્રિયા આપી. તેણે મારા માટે અભદ્ર શબ્દો - ગાળ ભરી ભાષાનો પ્રયોગ કર્યો. પછી સંપાદકે કન્નડના બીજા લેખકોને આમંત્રિત કર્યા. એમણે ગિરીશ કર્નાડની પ્રતિક્રિયા પર આક્રોશ પ્રગટ કર્યો અને કહ્યું કે ભૈરપ્પાએ ટીપુ સુલતાન વિશે જે કહ્યું છે સત્ય છે. તે માત્ર કન્નડ દ્રોહી જ નહોતો, એણે લાખો કન્નડ તેમજ મલયાલમી લોકોને ધાક ધમકીથી ધર્મ પરિવર્તન કરાવ્યા. તે પ્રખર ધર્મ ઉન્માદી હતો. એમણે અત્યાધિક તથ્યોની સાથે આ પ્રતિક્રિયાઓ લખી. એનું પરિણામ એ થયું કે શિક્ષણમંત્રીની વિરુદ્ધ આંદોલનની ગિરીશ કર્નાડ તેમજ અન્યની ધમકી પૂર્ણ રીતે સમાપ્ત થઈ ગઈ.

મારું કહેવાતું તાત્પર્ય એ છે કે આ બધી વસ્તુઓએ મને 'આવરણ' નવલકથા લખવા માટે પ્રેરિત કર્યો. હું આ બધું એટલા માટે કહી રહ્યો છું, કેમ કે તમે જાણો છો કે ઐતિહાસિક નવલકથાઓ લખવાનું પ્રયોજન શું છે. એનું પ્રયોજન સમાજ - પરિવર્તન નથી. એનું પ્રયોજન છે, નવા રાજનીતિક વાતાવરણનું પ્રવર્તન અને સત્યની શોધ. કલ્પના, વાસ્તવિક કલ્પના અને વાસ્તવિક ચિંતનપ્રક્રિયામાં અંતર છે. આપણી જે બૌદ્ધિક પ્રવૃતિઓ છે, એને વિજ્ઞાનના રૂપમાં પ્રગટ થવા દો. એને દર્શનના રૂપમાં પ્રસ્તુત કરો. આપણો ઉદ્દેશ્ય છે સત્યની શોધ.

સાહિત્ય સત્યની શોધ કરે છે. સંગીત પણ સત્યની શોધ કરે છે. જેને અન્ય કળાઓ વ્યક્ત નથી કરી શક્તિ એટલે માનવ બુદ્ધિ તેમજ માનવ ચેતનાનો ઉદ્દેશ્ય સત્યની શોધ છે. સાહિત્યનો ઉદ્દેશ્ય પછી ભલે ને સાંપ્રત જીવનનો હોય કે ઐતિહાસિક જીવનનો ઉદ્દેશ્ય તો સત્યની શોધ જ છે.

આપણે રામાયણ તેમજ મહાભારતનું પ્રકરણ લઈએ. કોણ છે આ ભીમ? મહાભારતના પાત્ર આજે પણ કેમ લોકપ્રિય છે? આપણે મહાભારતને નથી

ભૂલી શકતા. એવું કેમ છે? દરેક ભારતીય ભાષામાં અને યુરોપીય ભાષામાં પણ એને ભૂલાવી નથી શકતા. કેમકે એ સત્ય છે. તે સત્ય છે, એટલે આજે પણ જીવિત છે. હું તમને એક ઘટનાનું ઉદાહરણ આપું, જેના પછી મેં 'પૂર્વા' નવલકથા લખી.

મેં એક ગ્રામીણ છોકરાને પૂછ્યું- તું ભીમ પાસે શું પ્રાર્થના કરે છે? તે શરમાઇ ગયો અને એણે જવાબ ન આપ્યો. ત્યારે પેલો વ્યક્તિ જે મને ત્યાં લઈ ગયો હતો અને મને માર્ગદર્શન આપી રહ્યો હતો, તે બોલ્યો આ દક્ષિણ ભારતથી આવ્યા છે, વિદ્વાન વ્યક્તિ છે. તારે એમના પ્રશ્નોનો જવાબ આપવો જોઇએ. તે ૧૬ વર્ષના અભણ છોકરાએ કહ્યું - જો કોઈ મારી પત્નીને કુદૃષ્ટિથી જુએ છે તો, હું ભીમને પ્રાર્થના કરીશ કે તે મને એ વ્યક્તિને દંડિત કરવાની શક્તિ આપે. ભીમે આજ કર્યું હતું. તો પછી અલગ મનોવિજ્ઞાન કેમ? જો કોઈ મારી પત્ની પર કુદૃષ્ટિ નાખે છે, તો એ વિશેનો આધુનિક યુરોપીય દૃષ્ટિકોણ અલગ છે. યુરોપવાસીઓનો દૃષ્ટિકોણ એ છે કે જો મારી પત્ની બીજા વ્યક્તિને પસંદ કરે છે, તો એને તલાક આપી અને બીજી પત્ની લાવી દઇશ. આ ભારતીય દૃષ્ટિ નથી. ભારતીય દૃષ્ટિકોણ આજે પણ એજ છે કે કોઈ મારી પત્ની પર કુદૃષ્ટિ નાખે છે તો હું એને મારી નાખીશ. દરેક જગ્યાએ આજ થઈ રહ્યું છે. શિક્ષિત લોકોમાં પણ આજ થઈ રહ્યું છે. પછી હું ભલે એમ.એસ.સી, પીએચ.ડી કઈ પણ કરી લઉં.

હવે વિચાર કરો કે ભીમનું સત્ય શું છે? તે એમના સત્યના કારણે જ આપણી સાથે રહ્યા છે. મહાભારતનાં બધા પાત્રો એમના સત્યને કારણે જ આપણી સાથે રહ્યા છે. આપણાં પારિવારિક કાર્ય-વ્યવહારમાં, પરિવારના આચાર-વિચારમાં સૌથી મોટાભાઈના રૂપમાં રામનો ખ્યાલ આપણાં જીવન પર રાજ કરી રહ્યો છે. મારું કહેવું એમ છે કે મહાનથી મહાન રચના સત્યની શોધ છે. સત્ય દરેક પ્રકારથી અને ગમે તે સ્થિતિમાં જીવિત રહે છે, તેથી જ વિજ્ઞાન હોય કે પછી સમાજવિજ્ઞાન કે મનોવિજ્ઞાન કે જે પણ હોય તે સત્યની શોધ જ છે. જે સત્ય છે તે સદૈવ શાશ્વત જીવનમૂલ્ય છે. પછી તે ઐતિહાસિક સત્ય હોય કે સાંપ્રત જીવનનું સત્ય, આપણે એજ સત્યની શોધ કરવી જોઈએ. આપણે ધ્યાન રાખવાનું છે કે ઐતિહાસિક નવલકથાના નામ પર આપણે કોઈ રાજનીતિક પક્ષમાં જતાં રહીએ. આપણાં સાહિત્યમાં માર્કસવાદનો પ્રવેશ થઈ ગયો છે. હકીકતમાં ૬૦-૭૦ વર્ષ પહેલા સુધી આપણા સાહિત્યને પોતાના માપદંડ હતા. રાજાના સિદ્ધાંત દ્વારા આપણો સાહિત્યિક સિદ્ધાંત પ્રચલિત હતો. તમે હિન્દીમાં ડૉ.નગેન્દ્ર તેમજ ડૉ. સિદ્ધાંતના સાહિત્ય સમીક્ષા ગ્રંથોના વિષયમાં જાણતા હશો. બધી ભારતીય ભાષાઓમાં સાહિત્યિક માપદંડ હતા. જે આપણે સંસ્કૃતમાથી ગ્રહણ કર્યા હતા.

હવે સાહિત્યમાં રાજા સિદ્ધાંતની કોઇ ચર્ચા નથી કરતું. આપણે લોકો રાજનીતિક મતવાદની ચર્ચા કરીએ છીએઆ મતવાદ માર્કસવાદીઓથી જ આવ્યો છે. આ મત પ્રથમ રશિયાથી આવ્યો. તે અનુસાર સાહિત્યનું પ્રયોજન સમાજને પરિવર્તન કરવાનું છે. પરંતુ, કયા પ્રકારે સમાજ- પરિવર્તન? જો તમને એ સ્પષ્ટ નથી તો તમે પરિવર્તન નથી લાવી શકતા. માર્ક્સવાદી વિચારધારા કે બીજા રાજનીતિક સિદ્ધાંત મુજબ પરિવર્તન માટે કાર્ય કરવાવાળા અન્ય વ્યક્તિ કે સમાજ સંસ્થાન છે. તે સાહિત્યકારને લીધે નથી. સાહિત્યકાર ગંભીર અને ઉચ્ચ મૂલ્યોની તરફ લક્ષિત રહે છે. ઉચ્ચ મૂલ્યોમાં સમાજ કલ્યાણ, દયા સમાવિષ્ટ રહે છે. તે મૂળભૂત મૂલ્યોની તરફ આપણે જઈએ અને એની શોધ કરીએ. રાજનીતિક મતવાદોની શોધમાં લાગવાની જરૂર નથી.

રાજનીતિક મત સિદ્ધાંત છોડો. તમે જીવનના ઉચ્ચ જીવનમૂલ્યોની શોધમાં નીકળો. તમે સમકાલીન તથ્યો પર લખો કે ઐતિહાસિક સત્યોના વિષયમાં, સમકાલીન જીવનનાં વિષયમાં લખવું સરળ છે કેમકે એમાં તમને અનુભવોમાંથી માહિતી મળી જાય છે. પરંતુ ઐતિહાસિક સત્યને લીધે તમારે જરૂરી સંશોધન


ISSN 0976-9609

કરવું પડે છે. પોતાની શોધ સાથે તમારે પાત્રો તેમજ સમાજજીવનને ચિત્રિત કરવું પડે. સ્થિતિ એ છે કે કેટલાક ઈતિહાસકારોએ એમના સ્વામીઓને પ્રસન્ન કરવા કેટલાક ચરિત્રોનું ખૂબ જ સિફતપૂર્વક ચિત્રણ કર્યું છે. તમે એ ચિત્રણને બદલી શકતા નથી, એ સ્થિતિ છે. ટીપુ શું હતો એ સ્પષ્ટ થઈ ચૂક્યું. એના સંબંધે તમામ પ્રમાણો તેમજ દસ્તાવેજ ઉપલબ્ધ છે. તે ધર્મ ઉન્માદી હતો. જેણે લોકોના ધર્મ પરિવર્તન કરાવ્યા. હત્યાઓ કરી, આપણને હાર આપી. જ્યારે અંગ્રેજોએ એને પરાજિત કર્યો ત્યારે એના સ્થાનીય લોકોએ અંગ્રેજોની મદદ કરી હતી તેથી તે પરાજિત થયો. હવે એક સમિતિ દ્વારા કેન્દ્ર સરકારે પાંચ પૂર્ણત મુસ્લિમ વિશ્વવિદ્યાલયોની સ્થાપનાનો નિર્ણય કર્યો છે. તમે એના વિશે સાંભળ્યુ હશે. આ કાર્ય સંબધિત મંત્રીનું નામ રામ છે અને તે કર્ણાટકના જ છે. તે કર્ણાટકમાં ટીપુ વિશ્વવિદ્યાલયની સ્થાપના કરવાના છે. ઘણા બુદ્ધિજીવીઓએ કહ્યું કે તે વિશ્વવિદ્યાલયનું નામ ટીપુ પર ના રાખશો. એમના વિરોધનો તર્ક એ છે કે પશ્ચિમમાં કોઈ ધર્મ પર કોઈ વિશ્વવિદ્યાલય નથી. બીજી ઘણીબધી વિશ્વવિદ્યાલયો છે, કે જેમાં બધાને એક સાથે ભણવાની વ્યવસ્થા છે. અલગ વિશ્વવિદ્યાલયની ક્યાં જરૂર છે? એનાથી અલગતાની માનસિકતા નિર્મિત થાય છે. વિશ્વવિદ્યાલયનું નામ ટીપુ પર હોવું જ ના જોઈએ કેમકે તે કટ્ટરપંથી ધાર્મિક હતો. કર્ણાટકના ઈતિહાસમાં તે કલંક છે. આ સંબંધે ઈતિહાસકાર આગળ છે. પરિસંવાદોના આયોજન વગેરે થયું.

હમણાં – હમણાં કેન્દ્રિય મંત્રી શ્રીરંગપટ્ટનમ આવ્યા હતા. તે વિશ્વવિદ્યાલય માટે ૨૦૦ એકર ભૂમિ ઇચ્છતા હતા. શ્રી રંગપટ્ટનમને શ્રી રંગનાથ સ્વામીનું સ્થાન માનવામાં આવે છે. ટીપુ સુલતાને એના પર કબ્જો જમાવી દીધો હતો. તેણે કહ્યું આ ભૂમિમાંથી વિશ્વવિદ્યાલય માટે સો એકર ભૂમિ આપી દો. ભાજપા સરકારે જમીન આપવાની ના પાડી. દીધી. હવે સરકાર બદલાઈ ગઈ છે. કોંગ્રેસ સરકાર આવી ગઈ. આઠ દિવસમાં જ એમણે કહ્યું સારું લઈ લો જમીન. અમે તમને ૨૦૦ એકર જમીન આપશું. હવે ત્યાં ટીપુ વિશ્વ વિદ્યાલય છે.

હું આ બધુ એટલા માટે કહી રહ્યો છું કે શું સત્યને માટે આપણી કોઈ ચિંતા છે? આ સંપ્રદાયિકતાનો પ્રશ્ન નથી. રાજનીતિજ્ઞોને સત્યની કોઈ ચિંતા છે? નથી. કમ સે કમ સાહિત્યકારોને સત્યના લીધે ચિંતા થવી જોઈએ. સાહિત્યકારોએ રાજનીતિક મતવાદના ચક્કરમાં ના પડવું જોઈએ. સરકારો આવશે, સરકારો જશે પરંતુ મહત્ત્વનું એ છે કે સાહિત્યકારોએ ફક્ત ને ફક્ત સત્ય માટે પ્રતિબદ્ધ રહેવું જોઈએ. જેમ એક વૈજ્ઞાનિક ફક્ત સત્યના લીધે પ્રતિબદ્ધ હોય છે. તેવી જ રીતે આપણે ફક્ત સત્યને માટે પ્રતિબદ્ધ છીએ અને એ દૃષ્ટિથી આપણે ઐતિહાસિક નવલકથાઓ અને અન્ય સાહિત્ય તરફ જોવું જોઈએ.

---

ગુજરાતી વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભવિદ્યાનગર (મો) ૯૪૨૯૪૧૫૩૬૧

---

**સામાન્ય માણસનું મહાન બનવું એ તો સામાન્ય છે પણ,**
**મહાન બન્યા પછી સામાન્ય બની રહેવું એ ખરેખર અઘરું છે !**

★ ★ ★

**લોકોની ટીકાથી તમારો માર્ગ ન બદલતા કારણ કે,**
**સફળતા શરમથી નહીં સાહસથી જ મળશે!**

|| યાત્રા ||

## જીવનમાં વિવિધ યાત્રાઓનો મહિમા

ભરત અંજારિયા

માનવ જીવનમાં વિવિધ પ્રકારની યાત્રાઓનો ખાસ મહિમા છે. આ જીવન પોતે જ એક યાત્રા છે. એક જન્મમાંથી બીજા જન્મની યાત્રા જીવ અનુભવે છે. માનવ જીવનમાં વિવિધ તહેવારો, ઉત્સવો કે પરંપરાની યાત્રાઓ જોવા મળે છે. જેમાંથી કેટલીક નીચે મુજબ છે.

**શોભાયાત્રા :** વિવિધ પ્રકારની કથાઓની પોથીયાત્રા કે શોભાયાત્રા યોજવામાં આવે છે. બેન્ડવાજાં સાથે કળશધારી કન્યાઓ અગ્રેસર હોય છે.

**રથયાત્રા :** અષાઢી બીજની રથયાત્રા જગન્નાથપુરી, અમદાવાદ તથા અન્ય શહેરોમાં વાજતે ગાજતે કાઢવામાં આવે છે.

**વરયાત્રા :** લગ્ન સમયે વરરાજા બગીમાં, કારમાં કે ઘોડા પર સવાર થઈને પરણવા જાય છે તે.

**પદયાત્રા :** વીરપુર, પંઢરપુર, અંબાજી, ચોટીલા, માતાના મઢ, ડાકોર તથા અન્ય તીર્થ સ્થળે લોકો પગપાળા ચાલીને જતા હોય છે. કીર્તન કરતાં કરતાં મોટી ધજા લઈને ચાલતા જાય છે.

**ગ્રંથયાત્રા :** કોઇ ધાર્મિક કે અન્ય પુસ્તકોની ગ્રંથયાત્રા સાહિત્ય મર્મીઓ માટે મહત્વની હોય છે.

**પાલખીયાત્રાઃ** ઇષ્ટદેવનો પાટોત્સવ હોય ત્યારે મૂર્તિની પાલખી યાત્રામાં શ્રદ્ધાળુઓ જોડાય છે.

**શ્રવણયાત્રા :** માતા-પિતાને કાવડમાં બેસાડીને લઈ જતા શ્રવણની યાત્રા શ્રવણયાત્રા કહેવાય છે.

**દાંડીયાત્રા :** મહાત્મા ગાંધીજીએ ૧૨મી માર્ચે મીઠાના સત્યાગ્રહ માટે દાંડી સુધી કરેલી યાત્રા ઐતિહાસિક ઘટના ગણાય છે.

**હવાઈયાત્રા :** પ્લેનમાં દેશ કે વિદેશમાં જવાની યાત્રા હવાઇ યાત્રા કહેવાય છે.

**જળયાત્રા :** સ્ટીમર મારફત દરિયાઈ માર્ગે થતી યાત્રા, જળ ઝીલણી એકાદશીએ શ્રીજીને જળયાત્રા કરાવવાનો ખાસ મહિમા છે.

**કુંભયાત્રા :** કોઇ મોટા યજ્ઞ સમયે કુંભમાં નદી કે તળાવ કે પવિત્ર જળ ભરીને લઈને જવાતા અનેક કુંભની યાત્રા.

**અંતિમયાત્રા :** જીવન પૂર્ણ થાય ત્યારે શરીરને લઈ જવાય છે. તેને અંતિમયાત્રા કહે છે.

**અન્ય યાત્રાઓ :** આ ઉપરાંત સંગમ સ્થાન, તીર્થ સ્થાનની યાત્રા ખાસ અગત્યની ગણાય છે. પર્વત, નદી કે સાગરની યાત્રા તથા મંદિરની યાત્રા કરીને લોકો ધન્યતા અનુભવે છે. પર્વત કે યાત્રા પરિક્રમા પણ યાત્રા ગણાય છે. આપણે ત્યાં યાત્રાને જાત્રા પણ કહે છે.

ગણપતિ વિસર્જન સમયે કે દુર્ગા પુજામાં માતાજીની મૂર્તિનાં વિસર્જન સમયે પણ યાત્રા યોજવામાં આવે છે. ભારતમાં પંજાબી, સીંધી કે જૈનધર્મમાં પણ યાત્રાનો મહિમા ઘણો છે. વિવિધ જન્મજયંતિઓ જેવી કે પરશુરામ, આંબેડકર, શિવરાત્રિ, રામનવમી, જન્માષ્ટમી કે સંવત્સરીના તહેવારોમાં પણ શોભાયાત્રા કે વરઘોડો કાઢવાની પ્રથા છે.

સામાન્ય રીતે લોકો યાત્રાએ જતાં પહેલાં તથા પછી વડીલોના આશીર્વાદ લે છે. યાત્રાની પ્રસાદી, ફોટા, ચુંદડી કે યાદગીરી સગાં સંબંધીઓને આપતા હોય છે. યાત્રામાં સાથે લઈ જવા ટિફિનમાં નાસ્તો કે જમવાનું પણ લેતા હોય છે. એકી સાથે અનેક લોકોની યાત્રા વધુ આનંદ આપતી હોય છે. યાત્રામાં જવાથી નવું જોવાનું તથા જાણવાનું મળે છે. સાથે પવિત્ર જળમાં કે સાગરમાં સ્નાન કરવાથી પાપો પણ નાશ પામે છે. આમ, જીવનમાં વિવિધ યાત્રાઓ થકી આપણું જીવન શુદ્ધ તથા પવિત્ર બને છે. આવો, આપણે પણ આપણી અનુકુળતા મુજબ યાત્રાનો લાભ લઈને જીવન ધન્ય બનાવીએ અને તે જ આજના સમયની માંગ છે.

આસોપાલવ, ઈન્કમટેક્ષ સોસાયટી,
શેરી નં. ૧, રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૭
(મો) ૯૪૨૬૪૧૭૮૫૪


ISSN 0976-9609

**॥ નવલિકા ॥**

## ટાવર ક્લોક

**મનીષા રાઠોડ**

એ દિવસે અમસ્તા જ હું રેલ્વે સ્ટેશન તરફ પગ છૂટો કરવા નીકળ્યો. શિયાળાની સાંજનો ગુલાબી પવન મારા ગાલ પર ગલગલિયા કરતો હતો. ટાવર ક્લોકમાં પાંચ ડંકા પડ્યા. મેં ઘડિયાળમાં જોયું અને ખાતરી કરી કે આ ટાવર હજૂપણ શહેરને સાચા સમયે જગાડે છે.

હું સાંજ સાથે વાતો કરતાં કરતાં ચાલી રહ્યો પણ એને જોઈને અચાનક મારા પગ બંધાઈ ગયા. એ પ્લૅટફૉર્મ નંબર ૧ પર ઊભી હતી. વારંવાર તેનું કાકડી જેવુ નાજુક કાંડું ફેરવીને ટાઇમ જોયા કરતી. તેની ગુલાબી રંગની કોટન કુર્તી પર પાઈનેપલ રંગનો સિફોન દુપટ્ટો લહેરાઈ રહ્યો હતો. એ દુપટ્ટો સરખો કરીને ઘડિયાળના કાંટા જોયા કરતી. પછી ધીરેથી લેધરના આછા નારંગી રંગના પર્સમાંથી પાણીની બોટલ કાઢીને બે ઘૂંટ પી લેતી. એના હોઠ પરથી સરકતી પાણીની બુંદો ગળા પર આવીને અટકતી. અને મારી નજર પણ. હું એને જોઈને શરમાઈ ગયો. મેં નજર નીચી કરી અને તે હવાની જેમ સરકીને ટ્રેનમાં બેસી ગઈ અને ભીડમાં ઓગળી ગઈ. મારી નજર એ દોડતી ટ્રેન પર સ્થિર થઈ ગઈ.

હવે તો ટાવરમાં પાંચ ડંકા વાગે એ પહેલા જ હું પ્લૅટફૉર્મ પર હાજર થઈ જતો. એ દોડતી પ્લૅટફૉર્મ પર આવીને ઊભી રહેતી. હું એની હરકતો અપલક જોયા કરતો. એને આ રીતે જોયા કરવું મને ખૂબ ગમતું. એ ક્યાથી આવતી અને ક્યાં જતી એ જાણવાની મે ક્યારેય કોશિશ નહોતી કરી. મને તો ફક્ત એને જોયા કરવું ગમતું. એની બાલિશ અદાઓ, એની ઓઢણીના રંગો, એની આંખો પર પહેરેલા બ્રાઉન ગોગલ્સ, હવામાં લહેરતા આછા સોનેરી વાળ અને સહેજ ઊંચી એડીના સેંડલ. એ હવા સાથે વાતો કરતી. એકાંત સાથે ગીત ગાતી. એકલી હતી પણ એકલવાઈ નહીં.

"હું શું કામ એને જોયા કરું છું? ક્યારેક એને ખબર પડશે તો?" એ ક્યારેક મારી તરફ જોતી ત્યારે હું પરસેવે રેબઝેબ થઈ જતો. તેની ટ્રેન આવે એ પહેલા જ હું ત્યાથી દૂર ભાગી જતો. ઘણીવાર બે પ્લેટફૉર્મ વચ્ચેના પુલ પર ઊભો રહીને એને જોયા કરતો.

"તારી નજર જળોની જેમ એના પર ચોંટી છે ?" પર્વ મારી નજર બરાબર ઓળખી ગયો. એ પણ આજે મારી સાથે પુલ પર ઊભો હતો. એનું ઘર પાટા ઓળંગીને પેલેપાર બે કિલોમીટર જેટલું જ દૂર હતું.

"તું જોયા કર એને, હું જાઉં છું."
"હા. કાલે કૉલેજમાં મળીએ."

ગુરુવારે તેણે પીળા રંગની ઓઢણી અને વાદળી રંગની કુર્તી પહેરી હતી. આજે શુક્રવાર છે. નક્કી તે પેલા ગુલાબી રંગના ડ્રેસમાં આવી હશે. એ મેઘધનુષના બધાજ રંગો હું ઓળખી ગયો હતો. એના પર્સથી માંડીને ચપ્પલ સુધીની બધીજ વસ્તુઓનો રંગ અને ડિઝાઇન મને યાદ હતી.

આજે ક્લાસમાં રંગવાલા સાહેબનું લેક્ચર ખૂબ લંબાયું. મને આવતા સહેજ મોડું થઈ ગયું. હું થાંભલા પાછળ સંતાઈને એને શોધી રહ્યો હતો. પણ એ ક્યાય ન દેખાઈ. રેલ્વેની ટાવર કલૉકમાં પડતાં ડંકાની જેમ મારા મનમાં ફાળ પડી. ફેફસાં શ્વાસ લેવાનું ચૂકી રહ્યાં હતાં. હાથ પગ સુન્ન થઈ રહ્યા હતા.

"આજે ક્યાં ગઈ? એ દેખાતી કેમ નથી ? એને શું થયું હશે ? ક્યાંક એને ? ના ના, એને કંઈ થયું નહીં હોય ?"

હું થાંભલા પાછળથી આગળ આવ્યો. એ ઊભી રહેતી હતી એ જગ્યા પર આવીને ચારે તરફ જોયું. હવાને પૂછ્યું, "એ આજે ક્યાં ગઈ"

હવાએ કોઈ જવાબ ન આપ્યો. થોડી જ વારમાં બૂમો પાડતી, હાંફતી ટ્રેન પ્લૅટફૉર્મ પર આવી ચઢી.

"એય છછૂંદર, પેલી છોડીને શોધે છે ?"

હું અવાજની દિશામાં ફર્યો. આમ તેમ જોયું. પછી ધીમા ડગલે ચાલવા લાગ્યો.

"છોડી ના મલી?"

ફરીથી એ જ અવાજ. મે ધ્યાનથી આસપાસ જોયું. એક અડધી બાયની ગંજી પહેરેલા કાકા માવાની પિચકારી મારીને મને પોતાની પાસે બોલાવી રહ્યા હતા.

"પેલી બૌ ગમે તન.."

હું કઈ બોલ્યો નહીં. ઉદાસી પહેરીને નીચી નજરે ઊભો રહ્યો.

"ઇ છોડી અવ નૈ આવ."
"તમે એને ઓળખો છો?"
"ના.. અઈ ચેટલી છોડીઓ આવ છઅઅ. બધ્યોને હું ચૈથી ઓરખું."
"તો પછી?"
"એવડી ઇ ન તું લાઇન મારસ. હું બધું જોણું છું. પણ એ અવ નૈ આવ."

હું એમની સાથે વધારે વાત કરવાનું ટાળીને ચાલી નીકળ્યો. પગ માંડ માંડ ડગલું ભરતા હતા. હૃદય પર બે મણનો બાજરો મૂક્યો હોય એવું ભારેખમ થઈ ગયું. રેલ્વે સ્ટેશનની બહાર પાર્ક કરેલી મારી સાયકલ પર બેસીને હું ઘરે આવ્યો. સાયકલ મને ચલાવતી કે હું સાયકલને! હું વિચારોના દરિયામાં હાલક ડોલક થઈ રહ્યો હતો.

"એ કોણ હતી ? એનું નામ શું હતું ? હું ક્યાં એને ઓળખું છું ? છતાંય કેમ આ ઉદાસી ?"

હું મારી જાત સાથે વાતો કરતો હતો. આસપાસનો ઘોંઘાટ પણ મારી અંદર ચાલતા ઘોંઘાટ સામે શાંત થઈ ગયો હતો. રેલ્વે સ્ટેશનથી મારૂ ઘર ઘણું દૂર હતું. આજે આ અંતર વધી ગયું.

એ દિવસે મને જમવાનું પણ મન ન થયું. બાનું માન રાખવા થોડું જમીને મારા રૂમના અરીસા સામે આવ્યો. આખા ઘરમાં આજ એક જગ્યા હતી વાતો કરવાની. હું અને મારૂ પ્રતિબિંબ એકબીજાના ગાઢ મિત્રો હતો. આજે અરીસો પણ મારી સાથે વાત કરી રહ્યો હતો.

"એ ન દેખાઈ એમાં આટલા ઉદાસ થઈ જવાનું? એને ખબર છે કે તું એના વીના..."

"ના, એણે તો મને જોયો પણ નથી. એ કેવી સુંદર છે એકદમ ગોરી ગોરી અને હું કોલસાની વખાર જેવો. એને મારામાં શું રસ ? એ મારી સામે શું કામ જુએ ?"

"હમ્મ, તો પછી તું દુઃખી કેમ થઈ ગયો ?"
"એને આજે જોઈ નથી ને, એટલે."

એ રાત હું અગાશીમાં આખી રાત તારા ગણતો રહ્યો. ક્યારેક લાગતું કે તે સપ્તર્ષિમાં છુપાઈને બેઠી હશે. તો ક્યારેક ભ્રમ થતો કે આ ચંદ્રમા એને ગળી ગયો હશે. હું તો એનું નામ પણ જાણતો નથી. એને શું કહીને બોલાવું.

"મિષ્ટિ" મને અંદરથી એક નામ સ્ફુર્યું.

"હા મિષ્ટિ.. એ મારી મિષ્ટિ છે." મારા ચહેરા પર સ્મિત ફરી વળ્યું. તારામંડળ સાથે વાતો કરતાં કરતાં ક્યારે આંખ મીંચાઇ ગઈ મને ખબર પણ ન પડી.

હું ચાંદીના વરખ જેવી રૂપાળી સ્વપ્નસુંદરીની લગોલગ ઊભો હતો. સ્વપ્નમાં એક સ્વપ્ન સુંદરી મને ઉડાવીને જાદુઇ ગ્રહ પર લઈ આવી. અહીં, મૃત્યુનું અસ્તિત્વ જ નહોતું. ચારે તરફ રંગરાગની છોળો ઉછળતી હતી. સ્વપ્નમાં પણ કલ્પી ન શકાય એવા સફેદ રૂ જેવા મુલાયમ વાદળો સાથે અમે સંતાકૂકડી રમતા હતા. ક્યારેક એ ઝરણું બનીને છલકાઈ જતી તો ક્યારેક વીજળીની જેમ ઝબકી જતી. એ મૃગલીની પાછળ હું મૃગ બની ગયો. એ મને આલિંગનમાં જકડીને દૂર ચાલી જતી. અને હું તેના ક્ષણિક વિરહમાં પણ ઝૂરવા લાગતો.

"મિષ્ટિ... મિષ્ટિ.." સવારનો સુરજ મારા માથા પર


ISSN 0976-9609

આવી ગયો હતો. હું હજુય સ્વપ્નમાં ડૂબેલો હતો અને એનું નામ બોલ્યા કરતો.

"ઊભો થા રોયા.. ક્યાં લગી પડ્યો રઈશ." મારી ચાદર ખેંચીને મારી સાવકી માએ છણકો કર્યો.

હું જલ્દી જલ્દી તૈયાર થઈને કૉલેજ પહોચી ગયો. પર્વ મારી બાજુમાં બેઠો હતો. મારી આંખોમાં છવાયેલી ઉદાસી તેના સુધી પહોચી ગઈ.

"શું થયું ? ડાચું કેમ લટકી ગયું છે ?" એ ધીમેથી મારા કાનમાં બોલ્યો.

"કાલે એ ના દેખાઈ ?"

"કોણ ?"

"એ જ."

"કોણ એ જ ?"

"મિષ્ટિ."

"શું બકે છે ? કઈ મિષ્ટિ ? કોની વાત કરે છે ?"

"કઈ નૈ તું ભણવામાં ધ્યાન આપ."

"એ તો હું તને પણ કહું છું. ભણવામાં ધ્યાન આપ. મોઢામાં પર બાર વગાડીને ના બેસ."

"હમ્મ"

"અને આ મિષ્ટિ શું છે ?"

"એ તને નૈ સમજાય."

"કોણ વાતો કરે છે ? મને બધુ સંભળાય છે. કોણ ખૂસર ફૂસર કરે છે?" અમારા સાહેબના કાન કુતરાના કાનથી પણ વધારે તેજ હતા.

થોડીવાર અમે ચૂપચાપ બેઠા પણ મારૂ મન ડામાડોળ હતું.

"કોણ જાણે આ શું પાગલપન છે ? મને તો એનું સ્ટેટસ પણ ખબર નથી. એ પરણેલી છે કે એંગેજ છે ? પણ મારે ક્યાં એની પાસેથી કઈ જોઈએ છે ? કોઈને એમ જ જોયા કરવું એ પાપ તો નથી ને?"

એય, પેલીનું નામ પુછ્યું?"

"કોણ?"

"પેલી અલ્યા!"

"કોણ પેલી ?"

"પેલી ડોબા..તું રોજ કાગડાની જેમ એની રાહ જોતો હોય છે એ."

"મિષ્ટિ ?"

"લે બોલ.. નામ પણ પૂછી લીધું!"

"મેં એની સાથે વાત નથી કરી."

"તો? નામ ?"

"ચલ છોડ એ બધુ. તું આજે વાસી પીઝા જેવો કેમ દેખાય છે એ બોલ?

"કાલે એ ના દેખાઈ ? મેં એને બૌ શોધી."

"બસ આટલી જ વાત."

"તારા માટે આટલી જ હશે. મારા માટે બહુ મોટી."

હું અને પર્વ કેન્ટિનમાં ગયા. ઉકળતા દૂધના ઉભરાની જેમ હું તેની પાસે ઠલવાઇ ગયો. બે હીબકાં પણ ભરી લીધા.

"અઢારમી સદીના કોઈ મજનૂની લવ સ્ટોરી સાંભળતો હોય એવું લાગે છે." પર્વ મારી મશ્કરી કરતાં બોલ્યો.

"પ્રેમ એ પ્રેમ છે પર્વ. એ અઢારમી સદીનો હોય કે બાવીસમી. એના લક્ષણો કોરોનાના લક્ષણોની જેમ સ્પષ્ટ હોય છે. મને નથી જમવામાં સ્વાદ આવતો કે નથી ફરવામાં. બસ એક વિચિત્ર લાગણી થયા કરે છે. ક્યારેક રડવાનું મન થાય છે તો ક્યારેક વગર કારણે નાચવાનું. હું શું કરું પર્વ ?"

"મારૂ માન એક વેક્સિન લઈ લે."

"તને મજાક સૂઝે છે ?"

"નહીં તો બીજું શું ?"

"આટલું બધુ થાય છે તો એને જઈને કહેતો કેમ નથી ?"

"પણ એ ના પાડે તો ?"

"ના પાડે તો જોયું જશે. તું આ પાર કે પેલે પાર કરી જ દે. હું તમને બંનેને પુલ પરથી જોઈશ."

"તું મારી સાથે નૈ આવે ?"

"આવીશ તો તારું પત્તું કપાઈ જશે."
"એટલે?"
"એટલે કઈ નહીં."

પર્વ મને મનની વાત કહેવાની હિમ્મત આપીને ચાલી નીકળ્યો. હું કેટલાય દિવસો સુધી મન મક્કમ કરીને રેલ્વે સ્ટેશન જતો. મારા મનગમતા થાંભલાને પણ મારા સ્પર્શની આદત પડી ગઈ હતી. એ સમય, એ સાંજ, એ સુરજ પણ મને બરાબર ઓળખી જતાં. હું આવતી જતી એક એક ટ્રેનની બારીને ધ્યાનથી જોતો. પાટા પરથી પસાર થતી પ્રત્યેક ટ્રેન મને ટાટા કરીને ચાલી નીકળતી. તેની સાથે ઘસાઈને જતો પવન પણ મારા પર હસી લેતો. હું સંધ્યાના રંગો ઘટ્ટ થાય ત્યાં સુધી એ જ થાંભલાની પાછળ ઊભો રહેતો. પણ એ મને ક્યારેય ના મળી. મારી આંખો એને શોધતી રહી. એક એક દિવસથી બનતું અઠવાડિયું, અઠવાડિયા ના સરવાળા જેવા મહિનાઓ સુધી હું એ થાંભલાની પાછળ ઊભો રહીને એની રાહ જોયા કરતો. આજે આવશે, કાલે આવશે, પણ એ ના આવી. એ મારા મનમાં અમેરિકન ડોલરની વિકટોરિયા રાણીની જેમ છપાઈ ગઈ હતી. એ ઘટના પર વર્ષોની પરત બાઝી ગઈ. હું લગભગ એક વર્ષ સુધી ઠંડી, ગરમી અને વરસાદની વિષમતાઓ ભૂલીને એને શોધતો રહ્યો.

એ પાગલપન માટે પર્વ હંમેશાં મારી મશ્કરી કરતો. અડધી બાંયની ગંજીવાળા કાકા મને જોઈને લુચ્ચું હસી લેતા. પ્લૅટફૉર્મ પર રખડતા કુતરા પણ મને જોઈને પૂંછડી પટપટાવતા. એ પણ મને ઓળખી ગયા હતા. મારી હાલત પૂછપરછની બારી જેવી થઈ ગઈ હતી. આવતા જતાં લોકો મને ટ્રેન વિષે પૂછતાં પણ હું મારી મિષ્ટિ વિષે કોઈને ન પૂછી શકતો. કારણ કે એનું નામ મને ક્યાં ખબર હતી, એનું સરનામું પણ અજાણ હતું. વર્ષોના વરસાદ સાથે અવસાદ ઝાંખો થઈ ગયો પણ તેની નિશાની ન ભુંસાઈ. મારા હૃદયની ડબ્બીમાં એ અકીકની જેમ સચવાયેલી રહી.

એ શહેર છોડીને હું વિદેશ આવી ગયો હતો. મારી પત્ની અને બાળકો સાથે જીવનના કેટલાય વર્ષો પુલ નીચે પસાર થતી ટ્રેનની જેમ પસાર થઈ ગયા. દાયકાઓ વિદેશમાં વિતાવ્યા બાદ ઘર પરિવારની જવાબદારી નિભાવી હું પાછો મારા વતન આવ્યો. નાનકડા શહેરમાં હજુ પણ ટપકતા સરકારી નળ નીચે કબૂતર પાણી પીતા હતાં. મંદિરના પ્રાંગણમાં ભિક્ષુકોની ભીડ થોડી ઓછી થઈ હતી. કદાચ હવે નોકરીની તકો વધી હશે. હું બચપણની યાદો સાથે સફર કરતો ભીડ ભરેલા રસ્તે ચાલી રહ્યો હતો. અચાનક ટાવરમાં ડંકા પડ્યા. પાંચ ડંકા પૂરા થયા અને મે ઘડિયાળ સામે જોયું.

"અરે, આ તો સાચે જ પાંચ વાગ્યા છે."

મદારીના ટોપલામાં સૂતો સાપ સળવળે એમ જૂની યાદો સળવળી. હું દોડીને પ્લૅટફૉર્મ તરફ જવા લાગ્યો. પણ હું ભૂલી ગયો કે હવે આ પગ સાઇઠ વર્ષ જૂના થઈ ગયા છે. એની ક્ષમતા કરતાં વધારે નહીં દોડી શકે. તેમ છતાં હું ઝડપથી પ્લૅટફૉર્મ નંબર ૧ તરફ દોડવા લાગ્યો. એ જૂનો થાંભલો હજુય અડીખમ ઊભો હતો. મારો સ્પર્શ પામીને એ પણ ભીંજાઇ ગયો. એ જ સાંજ હતી, એ જ સ્થળ હતું, એ જ માહોલ હતો, પણ ત્યાં એ ન હતી અને હું, હું ન હતો.

મારી આંખોમાં ખારાશ ઉભરાઇ. આગળના દશ્યો ધૂંધળા થઈ ગયા. મેં ધીરેથી મારા આંસુ લૂછ્યા અને એક ચહેરો સ્પષ્ટ દેખાયો. આજે શુક્રવાર હતો એ ગુલાબી ડ્રેસમાં દેખાઈ. એની આંખો પર પણ ઉંમરનો બદામી રંગ લાગ્યો હતો. ચહેરા પર સમયની રેખાઓ ઉપસી હતી. હું એ ચહેરાને જોઈને હરખાઈ ગયો. પણ થોડી જ વારમાં એક ટ્રેન આવી અને એ ચહેરો ભીડમાં ઓગળી ગયો અને હું ઘર તરફ પાછો ચાલ્યો.

---

આધ્યાપિકા, મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગ
એ.ડી.આઈ.ટી કૉલેજ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર
(મો) ૯૯૦૪૨૩૭૮૪૭


ISSN 0976-9609

॥ વ્યક્તિ-વિશેષ ॥

## નોખા નારલીકરઃ વેધશાળાની બહાર સક્રિય રહેલા 'વિજ્ઞાનધર્મી કર્મશીલ'

**દીપક જોષી**

યોજનાના ૫ જુલાઈ, ૧૯૬૪ના અંકના 'Side Track' કોલમમાં એક ચર્ચા છેડાયેલી. શીર્ષક હતું 'Should We Get Jayant Back ?' એક ભારતીય વિજ્ઞાનીએ ખગોળવિજ્ઞાની ફ્રેડ હોયલ જેવા મોટા માથા સાથે મળી રજૂ કરેલી નવતર થિયરીની વિશ્વભરમાં ચર્ચા હતી. કેમ્બ્રિજના સંશોધક જયંત નારલીકર ત્યારે ૨૬ વર્ષના હતા. આઈન્સ્ટાઈનની જનરલ થિયરી ઓફ રિલેટિવિટીની બરાબર સામે તેના વિકલ્પ તરીકે રજૂ થયેલી હોયલ-નારલીકર થિયરી એક હિંમતભરી વિચારણા હતી. આ થિયરીનાં તારણોએ બ્રહ્માંડની ઉત્પત્તિ સમજાવતી 'બિગ બિન્ગ' થિયરીને તત્સમયે હચમચાવી મૂકી હતી ! આવી પ્રતિભાને સ્વદેશ પરત ફરવા આમંત્રિત કરવાની વિચારણા હતી.

ડૉ.જયંત નારલીકર ૧૯૭૮માં ભારત પરત ફરે છે. ખગોળવિજ્ઞાન ક્ષેત્રે તેમના પ્રદાનથી ભારત ઉજળું બન્યું છે. ખગોળ વિજ્ઞાનનાં તેમના પ્રદાનને તેમની પુરાવા આધારિત શ્રદ્ધા તરીકે મૂલવવું જોઈએ. જીવતપર્યંત વિજ્ઞાન સાથે સંકળાયેલી અનેક બાબતને તર્ક, બુદ્ધિ અને પુરાવાની કસોટી પર ચકાસતા રહ્યા. સાથે જ એક અદના અધ્યાપક, વિજ્ઞાન કથાઓના સર્જક, સંસ્થાઓના વડા અને વિજ્ઞાનના પ્રચારક-પ્રસારક તરીકે પણ તેઓ જાણીતા છે. ૨૦ મે, ૨૦૨૫ ના રોજ તેમનું અવસાન થયું.

તેણે પોતાના જાણીતા પુસ્તક 'The Scientific Edge'માં પ્રાચીન ભારતના વિજ્ઞાન સંબંધિત વારસાનું ગૌરવ કર્યું છે. વરાહમિહિર, આર્યભટ્ટ-૧ અને ભાસ્કર-૨ દ્વારા ખગોળ અને ગણિતક્ષેત્રે થયેલા પ્રદાનને તેમણે બિરદાવ્યું છે. આયુર્વેદમાં સંચિત જ્ઞાનને ઈન્ટેલેક્ચુઅલ પ્રોપર્ટી રાઈટસ અન્વયે જાળવી લેવા અનુરોધ પણ કર્યો છે. ૧૨ મી સદીના મહાન ગણિતશાસ્ત્રી લીલાવતીનું નામ જયંત અને મંગલા નારલીકરની ત્રીજી પુત્રીને અપાયું છે. નીરક્ષીરવૃત્તિથી શાસ્ત્રો-પુરાણો કે અન્ય ગ્રંથોમાં વાંચવા મળતી ભારતીય જ્ઞાન-વિજ્ઞાન સંબંધિત વિગતોને તેમણે ચકાસી છે. જેને માટે આપણે ગૌરવ લેવા ઈચ્છીએ છીએ, તે જ્ઞાન કે શોધખોળો સુધી પહોંચવા માટે જરૂરી તેવા વિજ્ઞાનના મૂળભૂત સિદ્ધાંતોની તત્સમયના ભારતીયોને જાણકારી હતી કે કેમ? યંત્રોના નિર્માણ માટે પરસ્પર અવલંબન ધરાવતી સામગ્રીની શું વ્યવસ્થા હતી ? તેવા પ્રશ્નોથી આકરી ચકાસણી કરી છે.

મરાઠી ઈ-મેગેઝીન 'સંદર્ભ'ના જૂન-૨૦૧૮ના અંકમાં આવા કેટલાક મુદ્દાઓ વિશે તેમણે કરેલી છણાવટ વાંચવા જેવી છે. રામાયણમાં જોવા મળતા પુષ્પક વિમાનના સંદર્ભ સાથે નારલીકરે નોંધ્યું છે કે 'બૃહદ વિમાનશાસ્ત્ર' નામના ગ્રંથમાં કહ્યા મુજબ જ વિમાન બનાવીને કોઈએ સફળતાપૂર્વક ઊડાડી બતાવ્યું નથી. કોઈપણ શોધ કે સિદ્ધાંતની કસોટી તેના સફળ પુનરાવર્તનમાં રહેલી છે, તેવી સ્પષ્ટતા નારલીકર હંમેશાં કરતા રહ્યા છે. ૨૦૧૮માં બીબીસીએ નારલીકરની લીધેલી મુલાકાત દરમિયાન તેમણે પત્રકારને કરેલો પ્રતિપ્રશ્નઃ 'જો બ્રહ્માસ્ત્ર' હતું, તો શું રામરાજ્યમાં વીજળી પણ હતી ? આપણા ભવ્ય વારસાના ગૌરવ સાથે તેની હેતુલક્ષી તપાસ કરવા પ્રેરણા આપે છે.

વૈજ્ઞાનિક સંશોધનો સિવાય વિજ્ઞાનને લોકાભિમુખ બનાવવા માટેની સક્રિયતા એક વિજ્ઞાનધર્મી કર્મશીલ તરીકે પણ તેમને પ્રસ્થાપિત કરે છે. નહેરુના જન્મદિવસ ૧, નવેમ્બર, ૧૯૭૬ના રોજ તેમણે રેડિયો વાર્તાલાપ આપેલો. અંધશ્રદ્ધાઓ અને ચમત્કારી બાવાઓને ખુલ્લા પાડી જનમાનસમાં વૈજ્ઞાનિક દષ્ટિકોણ કેળવવા માટેના તેમના સુદીર્ઘ પ્રયત્નોની તે શરૂઆત હતી. પદ્ધતિસરનાં સંબોધન દ્વારા તેનાં પરિણામો પ્રસિદ્ધ કરી લોકમાનસમાં વ્યાપેલ અવૈજ્ઞાનિક ખ્યાલો

અને અંધશ્રદ્ધાને પડકારવાનો નાગરિક ધર્મ વખતોવખત બજાવ્યો છે. ફળ જ્યોતિષની ખરાઈ કરવા તેમણે એક આંકડા શાસ્ત્રીય પ્રયોગ હાથ ધર્યો હતો. આ સંશોધન કરન્ટ સાયન્સના માર્ચ, ૨૦૦૯ના અંકમાં પ્રસિદ્ધ પણ થયું છે.

પાનસરે, ડાભોલકર અને કુલબુર્ગી જેવા રેશનાલીસ્ટ અને ગારી લંકેશ જેવાં પત્રકારના પસંદ કરેલા લેખોનું પુસ્તક છે. 'The Republic of Reason' ૨૦૧૮માં પ્રસિદ્ધ થયેલા તે પુસ્તકની પ્રસ્તાવના નારલીકરે લખી છે. નારલીકરે વૈજ્ઞાનિક અભિગમ માત્ર વ્યકિતના જીવનમાં જ નહીં પણ ભારતની વર્તમાન સમસ્યાઓના ઉકેલ માટે પણ કેટલો ઉપયોગી છે તેની સ્પષ્ટતા કરી છે. તેમના મતે દેશમાં વૈજ્ઞાનિક માનસના વિકાસ માટે વિજ્ઞાનીઓએ પણ એકત્ર થવું પડશે. પ્રાચીન પરંપરાઓ અને માન્યતાઓનું બુદ્ધિગમ્ય રીતે વિશ્લેષણ કરી, તંદુરસ્ત ચર્ચાઓ દ્વારા અંધશ્રદ્ધાઓનું નિમૂલન કરવા જનમાનસનો શિક્ષિત કરવાની જરૂરત પર તેમણે વખતોવખત ભાર મૂક્યો છે.

સમાજશાસ્ત્રી વિભૂત પટેલે નોંધ્યું છે કે નારલીકર પાયાની ચળવળો સાથે પણ સંકળાયેલા હતા. સિમોન દ બુવાની કૃતિ 'The Second Sex' ની ચર્ચા માટે બેઠકો યોજતા નારલીકરમાં મહિલાઓના સ્વાતંત્ર્યનો આગ્રહ છતો થાય છે. ભૃણના લિંગ પરીક્ષણ અને લિંગ પસંદગીનો વિરોધ કરતા મંડળને નારલીકરનો ટેકો પ્રાપ્ત થયેલો ટૅકનૉલૉજીની આગેકૂચ કે પ્રગતિના અમાનવીય ચહેરાથી દાક્તરોને દૂર રાખવા એક મૂલ્યનિષ્ઠ બૌદ્ધિક તરીકે તેમણે બજાવેલી ફરજની પણ નોંધ લેવી રહી.

વિજ્ઞાનના સમાજ સાથેના આદાનપ્રદાનના આગ્રહી નારલીકર જણાવે છે કે સાહિત્યકારો વિજ્ઞાનના મુદ્દાઓ સમજવાની કોશિશ કરે તો ભારતમાં 'Science Fiction'નું ધોરણ ઊંચું આવી શકે તેમ છે. 'Science Fiction'ને સાહિત્યના અન્ય સ્વરૂપ જેટલાં જ આદર પ્રતિષ્ઠા મળે તે જરૂરી હોવાનો અભિપ્રાય તેમણે વ્યક્ત કર્યો છે. વૈજ્ઞાનિક અભિગમ નારલીકરે વ્યાખ્યાયિત કરી છે. મરાઠી વિજ્ઞાન પરિષદના પ્રમુખ તરીકે તેમણે આ દિશામાં મહત્વનું કામ કર્યું છે. તેમની મરાઠી આત્મકથાને કેન્દ્રીય સાહિત્ય અકાદમીનું પારિતોષિક ૨૦૧૪માં પ્રાપ્ત થયું હતું. મરાઠી સાહિત્ય પરિષદનાં પ્રમુખ તરીકે ૧૯૭૪ માં જ દુર્ગા ભાગવતે નારલીકરના વિજ્ઞાન વિષય સાહિત્યિક પ્રદાનની પ્રશંસા કરી હતી. એક અધ્યાપક તરીકે અને રાષ્ટ્રીય સંસ્થાના વડા તરીકે તેઓ પૂર્ણ લોકશાહીવાદી હતા. જૂન ૧૯૯૫માં કેમ્બ્રિજની ઈન્સ્ટિટ્યૂટ ઓફ એસ્ટ્રોનોમીના ૮૦મા સ્થાપના દિવસે હોયલએ કહેલું. "બીજાઓ કરતાં હું લાંબુ જોઈ શક્યો હોઉં વિચારી શક્યો હોઉં, તો તે એક જયંતના ખભાઓ પર ઊભા રહીને !" ન્યૂટોનિયન સ્ટાઈલનું આ વિધાન એક શિષ્યના પોતાના ગુરુ પરના પ્રભાવ વિશે ઘણું બધું કહી જાય છે. તેમના અભિપ્રાયોમાં મનસ્વીપણાની ગેરહાજરી હતી. મુખ્યધારાની થિયરી સામે પ્રશ્નો તો પૂછાતા રહેવા જોઈએ, તેવું તેઓ દઢપણે માનતા હતા અને તેથી જ તેમનાં સંશોધનનાં તારણોની ટીકા કરનારાઓ સાથે જીવનભર તેમણે ખેલ, દિલી દાખવી હતી.

રેશનલિસ્ટ અવાજોને દાબી દેવા પ્રયત્નશીલ પરિબળોની ટીકા કરવાની હિંમત ભાગ્યે જ કોઈ વિજ્ઞાનીએ દાખવી હશે. ૨૧મી સદીમાં ભારતીય જનમાનસમાં વૈજ્ઞાનિક વિચારસરણીના પ્રચારપ્રસારની જરૂરત વિશે તેમના જેટલી સ્પષ્ટતા ઓછા વિજ્ઞાનીમાં જોવા મળે છે. રૂઢિગત જનમાનસના કારણે નવા વિચારો પ્રત્યેની અસહિષ્ણુતાની પરખ તેમને પહેલેથી જ હતી. તેથી જ વિજ્ઞાનીઓ સહિત સમાજના અગ્રણીઓ દ્વારા તર્કસંગત એપ્રોચના તેઓ આગ્રહી હતા. જ્યોતિષનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવાનો વિરોધ કરવાની નારલીકરની હિંમતને ડૉ.માશેલકરે "That's a very rare quality to stand up to authority" તરીકે ઓળખાવી છે. આજે તો વિજ્ઞાન


ISSN 0976-9609

અને ટેક્નોલોજી ક્ષેત્રનાં આપણાં રાષ્ટ્રીય પ્રતિષ્ઠાનોના વડાઓ પાસેથી પણ તેની 'Rare Quality'ની અપેક્ષા રાખવી મુશ્કેલ છે. શાળામાં ભણતાં બાળકોથી જ શરૂઆત કરી સમાજમાં વૈજ્ઞાનિક દષ્ટિકોણનો વ્યાપ વધારી શકાય તેવા પ્રયત્નોને એંસીના દાયકાથી સરકારોનું પણ અનુમોદન મળતું રહ્યું હતું. યુનેસ્કો તરફથી એનાયત થયેલા વિજ્ઞાનના પ્રચાર-પ્રસાર માટેના કલિંગ પ્રાઈઝના પ્રમાણપત્રમાં નારલીકરને 'Indian Einstein' તરીકે ઓળખાવવામાં આવ્યા છે. પદ્મવિભૂષણ સહિતનાં અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સન્માનો તેમને પ્રાપ્ત થયેલાં. જે છે તે પરિસ્થિતિ કેમ છે ? તે સમજવા વિશ્લેષણનો પ્રયાસ વૈજ્ઞાનિક અભિગમના પાયામાં રહેલો છે. દેશની સમસ્યાઓ હલ કરવા ધાર્મિક કે બોધાત્મક ઉપાયોની મર્યાદિત સફળતાથી નારલીકર જેવા વિજ્ઞાનીઓ સુપેરે વાકેફ છે. નિરક્ષરતા, અસમાનતા કે કુપોષણ જેવી સમસ્યાઓ માટે અજમાવવાના થતા સામૂહિક, ન્યાયી અને વાસ્તવિક ઉપાયોનું આવા વૈજ્ઞાનિકોએ હંમેશાં સમર્થન કર્યું છે. આમ, ડૉ. જયંત નારલીકર વિખ્યાત વિજ્ઞાની હોવાની સાથે સાથે પ્રયોગશાળા કે વેધશાળાની બહાર સક્રિય રહેનાર એક કર્મશીલ 'Public Intellectual' પણ હતા.

સ્રોત : નવગુજરાત સમય, જૂન-૨૦૨૫
(સૌજન્ય શ્રી ડંકેશ ઓઝા)

## ।। વિદ્યાવૃત્ત ।।

**ચારુતર વિદ્યામંડળની વિવિધ સંસ્થાઓમાં ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઉજવાયો. : આઈ.બી.પટેલ સ્કૂલ (ગ્રાન્ટેડ):** આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારી જાગૃતીબેન, બ્રહ્માકુમારી વર્ષાબેન વગેરે હાજર રહીને બાળકોને આશીર્વાદ આપ્યા હતા. આ કાર્યક્રમમાં સી.આર.સી કોર્ડીનેટર શ્રી દીપકભાઈ પટેલ પણ હાજર રહીને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા અને આશીર્વાદ આપ્યા હતા. કાર્યક્રમમાં વડોદરાથી ખાસ પધારેલા એનસીસી એર વિંગના કમાન્ડર સત્યેન્દ્રસિંહ પણ ખાસ હાજરી આપી હતી. શાળાના આચાર્ય શ્રી ભાવેશભાઈ ભટ્ટે આવેલા મહેમાનોનું સ્વાગત કર્યું હતું. શાળાના સુપરવાઇઝર શ્રીમતી રેખાબેને ગુરુનું મહત્વ સમજાવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકોનું કુમકુમ તિલકથી પૂજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગૌરીવ્રત નિમિત્તે વિવિધ સ્પર્ધાઓનાં વિજેતાઓને ઇનામો પણ આપવા માં આવ્યા હતા.

બ્રહ્માકુમારી જાગૃતીબેન પોતાના વક્તવ્યમાં ગુરુને કેવી રીતે માન સન્માન આપી શકાય અને ગુરુનું પોતાના જીવનમાં શું મહત્વ છે તે જ ઉપર સુંદર સમજ આપી હતી. હેમાંગીનીબેન પરમારે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષિકા શ્રીમતી ભાવનાબેન દલવાડી, શ્રીમતી સોનાલીબેન પટેલ અને શ્રીમતી ભાવનાબેન પવારે કર્યું હતું.

**એસ. એસ. પટેલ કૉલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશનઃ** ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની એસ.એસ.પટેલ કૉલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશનમાં તા.૧૦-૦૭-૨૦૨૫ના રોજ ગુરુપૂર્ણિમાની હર્ષોઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કૉલેજના તમામ વિદ્યાર્થીઓએ પોતાના માર્ગદર્શક શિક્ષકોનું સન્માન કર્યું હતું. કાર્યક્રમમાં પ્રિન્સિપાલ ડૉ. બી. એલ. નાગર તથા કૉલેજના તમામ શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા.

**એમ.યુ. પટેલ ટેકનિકલ હાઈસ્કૂલ :** ચારૂતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત એમ.યુ. પટેલ ટેકનિકલ હાઇસ્કૂલ, વલ્લભ વિદ્યાનગર ખાતે આજે ગુરૂપૂર્ણિમાના તહેવારની ઉજવણી કરવામાં આવી, જેમાં મુખ્ય મહેમાન તરીકે શાળાનાં ભૂતપૂર્વ આચાર્યશ્રી સુરેશભાઇ પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે બાળકોને ગુરૂપૂર્ણિમાના તહેવારનું મહત્વ અને જીવનમાં ગુરૂઓનું મહત્વ સમજાવ્યું.

## ।। ચિંતન કણિકા ।।

**Shakespeare Quote :** "Frailty thy name is woman". (Hamlet Act:I Scene:II)

---

**આર. કે. માંડલિયા**

વિલિયમ શેક્સપિયરની ચાર મહાન કરુણાંતિકાઓમાં સૌથી વધુ નોંધપાત્ર કરુણાંતિકા હેમલેટનાં પ્રથમ અંકનાં બીજા દશ્યમાં રાજકુમાર હેમલેટ પોતાના દ્વારા બોલાયેલી એકોક્તિમાં આ વાક્ય બોલે છે. એકોક્તિ એટલે જ્યારે રંગમંચ ઉપર કોઈ એક જ પાત્ર પોતાની મનોવેદનાઓ કે મનોભાવોને શબ્દોમાં વાચા આપે ત્યારે તે એકોક્તિ કહેવાય છે. તે સમયે નાટકનાં અન્ય પાત્રો રંગમંચ ઉપર હાજર હોતા નથી. એકોક્તિ માત્ર પ્રેક્ષકો માટે હોય છે, અન્ય પાત્રો માટે નહીં. હેમલેટ જર્મનીની વિટનબર્ગ યુનિવર્સિટીમાં ફિલોસોફી વિષયનો વિદ્યાર્થી છે. પોતાના પિતાના નિધનના દુઃખદ સમાચાર સાંભળીને પિતાની દફનવિધિમાં સામેલ થવા પોતાના મિત્ર હોરેશિઓને સાથે લઈને આવે છે. પરંતુ આ શું ? હજુ તો પોતાના પિતાનો શોક પુરો નથી થયો અને માતા ગરટ્રુડે હેમલેટનાં કાકા કલોડીયસ સાથે લગ્ન કરી લીધા છે. હેમલેટ માટે આ એક કારમો આઘાત અને અચંબો છે. ન માની શકાય કે ન સ્વીકારી શકાય તેવી આ હકીકતનો સામનો કરવાની ક્ષણે હેમલેટ દિગ્મુઢ થઈ જાય છે.

પ્રથમ અંકમાં જ હેમલેટનો આમનો સામનો પિતાના ભૂત સાથે થાય છે. અકાલે અપમૃત્યુ પામેલ પિતાનું ભૂત હેમલેટને સૂચન કરે છે કે કાકા કલોડીયસને મારીને તું પિતાના મોતનો બદલો લેજે અને તારી માતાને કોઈ નુકસાન પહોંચાડી નહીં. હેમલેટનો મિત્ર હોરેશિઓ એક ફિલોસોફીનો વિદ્યાર્થી હોવાના નાતે અને વૈજ્ઞાનિક અભિગમ ધરાવતો હોવાથી તેને ભૂતના અસ્તિત્વમાં કોઈ વિશ્વાસ નથી અને પોતાના મિત્ર હેમલેટને પણ આવી બાબતોમાં વિશ્વાસ ન રાખવા કહે છે. પરંતુ હેમલેટનું માનવું છે કે એવી ઘણી બાબતો કે જે ફીલોસોફીનાં પુસ્તકોમાં નથી હોતી તે વાસ્તવિક દુનિયામાં હોઈ શકે છે. હેમલેટ ભૂતના અસ્તિત્વને સ્વીકારે છે અને પોતાના પિતાની હત્યામાં બન્ને-પોતાની માતા અને કાકાને સરખા ભાગે જવાબદાર માને છે.

પોતાના પિતાના ભૂત સાથે થયેલ વાતચિત અને માતા તેમજ કાકાનું શંકાસ્પદ વાણી-વર્તન હેમલેટને એ નિર્ણય ઉપર લાવવા માટે પૂરતું છે કે પિતાની હત્યા તે બન્નેએ જ કરી છે.

આવી કારમી અને આઘાતજનક હકીકત હેમલેટની જે સ્ત્રીત્વ અને માતૃત્વ પ્રત્યેની શ્રદ્ધા છે. તેને ખંડિત કરી નાખે છે. હેમલેટની સ્ત્રી વિશેની માન્યતા અને વિશ્વાસ ધરમૂળથી હચમચી જાય છે. અને તે પ્રસ્તુત એકોકિતમાં રજૂ થાય છે. પોતાના અંતઃકરણ પર પડેલા ઉઝરડાનો ચિત્કાર એટલે આ એકોક્તિ. હેમલેટને લાગે છે કે કદાચ પ્રાણી કે પશુ જગતમાં પણ કોઈના જીવનસાથીના મૃત્યુ બાદ આટલુ ત્વરિત બીજા સંબંધ માટે કોઈ પશુ પણ વિચારી નહીં શકે જે તેની માતાએ કરી બતાવ્યું છે.

પ્રસ્તુત વાક્યમાં હેમલેટ એ બાબતને સંપૂર્ણતઃ સ્વીકારી લેતો અને દઢપણે માની લેતો દશ્યમાન થાય છે કે સ્ત્રી અને દગાબાજી બન્ને એકબીજાના પર્યાય છે. દગાબાજીનું બીજું કોઈ નામ જો હોય તો એ સ્ત્રી શબ્દ છે. શેક્સપિયર પોતાની અલંકૃત ભાષાનો પરિચય એ લખીને કરાવે છે કે, સ્ત્રીનું બીજું નામ દગાબાજી નહીં પણ દગાબાજીનું બીજું નામ એટલે સ્ત્રી. આમ લખીને ઉપમા અને ઉપમેયના સ્થાન બદલી નાંખ્યા છે.

આ વાકયને લઈને ઘણા વિવેચકોનું એવું માનવું છે કે શું શેકસપિયર સ્ત્રીઓને ધિક્કારતો હતો ? કેટલાક આ વાક્યને તેનાથી આઠ વર્ષ મોટી તેની પત્નિ એન હેવે સાથેના તેના લગ્નજીવનને જોડીને પણ જોવાની કોશિશ કરે છે. જોકે એક સર્જક તરીકે તેના અંગત જીવનને તેની આ કૃતિથી અળગી રાખીને કૃતિને કૃતિ તરીકે મુલવીયે તો એ બાબત ચોક્કસ


ISSN 0976-9609

કહેવી પડે કે સ્ત્રી પ્રત્યેનો હેમલેટનો વિશ્વાસ અને શ્રદ્ધા ચકનાચૂર થઈ ગયા છે તેની પ્રતીતિ આ વાક્યમાં દેખાય છે. અને આ જ કારણસર આગળ જતાં તે પોતાની પ્રિયતમા ઓફીલીઆને પણ પોતાનાથી દૂર કરી દે છે જે ઓફીલીઆની આત્મહત્યા માટે મુખ્ય કારણ બને છે. હેમલેટના મનમાં શક છે કે જેવું મારી માતાએ મારા પિતા સાથે કર્યું તેવું ઓફીલીઆ મારે સાથે કરે તો !!!

(મો) ૮૩૨૦૧૯૫૨૮૨

## ।। વિદ્યાવૃત્ત ।।

### આઈ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલ ગ્રાન્ટેડ વિભાગમાં ધોરણ-૯ માટે પ્રવેશોત્સવ ઉજવાયો.

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત આઈ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલ (GIA)માં તા. ૨૮ જૂન, ૨૦૨૫ના રોજ ધો.૯ માટે પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો. કાર્યક્રમના પ્રમુખ તરીકે ચારૂતર વિદ્યામંડળના માનદ મંત્રી ડૉ. એસ. જી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે શ્રીમતી કેતકીબેન ઠાકર (ડિસ્ટ્રિક્ટ કોઓર્ડિનેટર - વ્યવસાયિક માર્ગદર્શન) અને ગેસ્ટ ઓફ ઓનર તરીકે ડીઈઓ ઓફિસના એઇઆઈ શ્રી દીવાન સાહેબે ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભા વધારી હતી.

કાર્યક્રમ દરમ્યાન ગયા વર્ષના ધોરણ-૯ ના વાર્ષિક પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓને ઍવોર્ડ અને ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકોનું વિતરણ પણ કરવામાં આવ્યું.

આણંદ જિલ્લામાં માત્ર આઈ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલ એવી શાળા છે જ્યાં વ્યવસાયિક શિક્ષણ અંતર્ગત "સ્પૉર્ટ્સ" વિષય ભણાવવામાં આવે છે. કાર્યક્રમ દરમિયાન આ વિષય માટે તૈયાર કરવામાં આવેલી આધુનિક લેબોરેટરીનું ઉદ્ઘાટન ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કરાયું હતું.

પ્રમુખ ડૉ. એસ. જી. પટેલે વિદ્યાર્થીઓને આશીર્વાદ આપીને ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી. શ્રીમતી કેતકીબેન ઠાકરે વ્યવસાયિક શિક્ષણના ફાયદા અને કારકિર્દીમાં તેના મહત્વ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું. શ્રી દીવાન સાહેબે બાળકોને સરકારી યોજનાઓથી મળતા લાભ અને દેશના પ્રગતિશીલ નાગરિક બનવા માટે પ્રોત્સાહિત કર્યા.

શાળાના આચાર્ય શ્રી ભાવેશભાઈ ભટ્ટે મહેમાનોનું હાર્દિક સ્વાગત કર્યું હતું અને શાળાની શિક્ષણપ્રદ પ્રવૃત્તિઓ વિશે વિસ્તૃત માહિતી આપી. શાળાનાં સુપરવાઇઝર શ્રીમતી રેખાબેન સાધુએ બાળકોને પ્રેરણાદાયી સંદેશ આપ્યો.

કાર્યક્રમનું સંચાલનું કાર્ય શ્રીમતી હેમાંગીનીબેન પરમાર અને શ્રીમતી ભાવનાબેન દલવાડીએ ખૂબ સુંદર રીતે સંભાળ્યું. કાર્યક્રમમાં વાલીઓએ પણ ઉત્સાહભેર હાજરી આપી અને બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો. કાર્યક્રમના અંતે સૌએ મળી વૃક્ષારોપણ કરીને પર્યાવરણ પ્રત્યે સંકલ્પબદ્ધતા દર્શાવી.

## વૈશ્વિક વસ્તીના પ્રવાહો, પડકારો અને સંભાવનાઓ

**ભાનુ એમ. પરમાર**

૧૧ જુલાઈ ૧૯૮૭ના રોજ વિશ્વની વસ્તીએ ૫ અબજનો આંક પાર કર્યો એ અનુસંધાને દર વર્ષે ૧૧ જુલાઈના રોજ, આપણે 'વિશ્વ વસ્તી દિવસ' તરીકે ઉજવીએ છીએ, જેનો ઉદ્દેશ્ય વિશ્વભરમાં વસ્તી સંબંધિત મુદ્દાઓ અને તેના પડકારો વિશે જાગૃતિ લાવવાનો છે. ૨૦૨૫માં, આ દિવસ આપણને વર્તમાન વૈશ્વિક વસ્તીના પ્રવાહો, તેના ભવિષ્યના પડકારો અને અનંત સંભાવનાઓ વિશે ઊંડાણપૂર્વક વિચારવાનો અવસર પૂરો પાડે છે.

**વર્તમાન વૈશ્વિક વસ્તી પરિદૃશ્ય :** વિશ્વની વસ્તી સતત વધી રહી છે. સંયુક્ત રાષ્ટ્ર (UN)ના અંદાજ મુજબ, નવેમ્બર ૨૦૨૨માં વૈશ્વિક વસ્તી ૮ અબજને પાર કરી ગઈ છે. યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (UNFPA)ના ૨૦૨૪ના ઓફ વર્લ્ડ પોપ્યુલેશન રિપોર્ટ મુજબ, વર્ષ ૨૦૨૪માં વૈશ્વિક વસ્તી આશરે ૮.૧ અબજ સુધી પહોંચી ગઈ છે. આ આંકડો દર્શાવે છે કે વિશ્વ દર વર્ષે આશરે ૮ કરોડ લોકોનો ઉમેરો કરી રહ્યું છે, જે એક સદી પહેલાની સરખામણીમાં નોંધપાત્ર વૃદ્ધિ છે.

આ વસ્તી વૃદ્ધિનો મોટો હિસ્સો વિકાસશીલ દેશો, ખાસ કરીને સબ-સહારન આફ્રિકા અને એશિયાના કેટલાક ભાગોમાં જોવા મળે છે. UNFPAના આંકડા દર્શાવે છે. કે વૈશ્વિક વસ્તી વૃદ્ધિ દર ધીમો પડ્યો છે, જે ૧૯૬૦ના દાયકાના મધ્યમાં ૨.૧થી ઘટીને હાલમાં ૧ થી પણ ઓછો થઈ ગયો છે. તેમ છતાં, કુલ સંખ્યામાં વધારો ચાલુ જ છે.

**વસ્તી વૃદ્ધિના પડકારો :** વધતી જતી વસ્તી અનેક પડકારો ઊભા કરે છે, જેના માટે તાત્કાલિક અને લાંબા ગાળાના ઉકેલોની જરૂર છે.

વધતી વસ્તી કુદરતી સંસાધનો જેમકે પાણી, ખોરાક, ઉર્જા અને જમીન પર અત્યંત દબાણ લાવે છે. વર્લ્ડ રિસોર્સ ઈન્સ્ટિટ્યૂટ (WRI)ના અહેવાલો દર્શાવે છે કે, વિશ્વના ઘણા પ્રદેશો પાણીની તીવ્ર અછતનો સાધનો કરી રહ્યા છે, અને ૨૦૫૦ સુધીમાં વૈશ્વિક ખાદ્ય માંગમાં ૫૦થી વધુનો વધારો થવાની સંભાવના છે.

**પર્યાવરણીય અધોગતિ :** વધુ વસ્તી એટલે વધુ વપરાશ, વધુ કચરો અને વધુ પ્રદુષણ, જળવાયુ પરિવર્તન, જૈવ વિવિધતાનો ઘટાડો અને વન નાબૂદી જેવા મુદ્દાઓ વસ્તી વૃદ્ધિ સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. ઈન્ટરગવર્નમેન્ટલ પેનલ ઓન ક્લાઈમેટ ચેન્જના અહેવાલો સ્પષ્ટપણે દર્શાવે છે કે માનવીય પ્રવૃત્તિઓ, જેમાં વસ્તી વૃદ્ધિ અને વપરાશ પેટર્ન મુખ્ય છે, તે જળવાયુ પરિવર્તનના મુખ્ય કારણો છે.

**શહેરીકરણ અને માળખાકીય સુવિધાઓ :** સંયુક્ત રાષ્ટ્રના અંદાજ મુજબ, ૨૦૫૦ સુધીમાં વિશ્વની ૬૮% વસ્તી શહેરી વિસ્તારોમાં વસશે. આનાથી શહેરી આયોજન, પરિવહન, આવાસ, સ્વચ્છતા અને અન્ય મૂળભૂત માળખાકીય સુવિધાઓ પર જબરદસ્ત દબાણ આવશે. ઝૂંપડપટ્ટીનો વિકાસ અને અપૂરતી સેવાઓ સામાજિક અસમાનતામાં વધારો કરી શકે છે.

**આરોગ્ય અને શિક્ષણ :** ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ અને શિક્ષણ સુલભ બનાવવું એ વધતી વસ્તી માટે એક મોટો પડકાર છે. ખાસ કરીને વિકાસશીલ દેશોમાં, માતા મૃત્યુદર, બાળ મૃત્યુદર અને ચેપી રોગોનો સામનો કરવો એ અગ્રતા છે. UNCEFના આંકડા મુજબ હજુ પણ વિશ્વભરમાં લાખો બાળકો શિક્ષણથી વંચિત છે.

**ગરીબી અને અસમાનતા :** ઝડપી વસ્તી વૃદ્ધિ ધરાવતા ઘણા દેશોમાં, સંસાધનોના અપૂરતા વિતરણ અને આર્થિક તકોના અભાવને કારણે ગરીબી અને અસમાનતા વધુ ઘેરાય છે.


ISSN 0976-9609

વસ્તી વૃદ્ધિની સંભાવનાઓ અને તકો પડકારો હોવા છતાં, વધતી વસ્તી નવી તકો પણ પૂરી પાડે છે.

**યુવા શ્રમબળ :** વિશ્વના ઘણા ભાગોમાં, ખાસ કરીને ભારત જેવા દેશોમાં, યુવા વસ્તીનો મોટો હિસ્સો છે. ભારતની ૨૦૨૧ની વસ્તી ગણતરી (અંદાજિત આંકડા) મુજબ, દેશની લગભગ ૬૫% વસ્તી ૩૫ વર્ષથી ઓછી વયની છે. આ વિશાળ યુવા શ્રમબળ આર્થિક વૃદ્ધિ અને નવીનતા માટે અસાધારણ સંભાવનાઓ ધરાવે છે, જેને "ડેમોગ્રાફિક ડિવિડન્ડ" તરીકે ઓળખવામાં આવે છે.

**માનવ સંસાધન અને નવીનતા :** વધુ લોકો એટલે વધુ વિચારો, વધુ નવીનતાઓ અને વધુ ઉકેલો, શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને સંશોધનમાં રોકાણ કરીને, આપણે માનવ સંસાધનનો મહત્તમ ઉપયોગ કરી શકીએ છીએ.

**વૈશ્વિકીકરણ અને સહયોગ :** વૈશ્વિક વસ્તી આપણને એકબીજા સાથે જોડવા અને સામાન્ય પડકારોનો સામનો કરવા માટે સહયોગી પ્રયાસો કરવા માટે પ્રોત્સાહિત કરે છે. જ્ઞાન અને ટૅકનૉલૉજી વહેંચણી દ્વારા, આપણે વધુ ટકાઉ અને ન્યાયપૂર્ણ વિશ્વનું નિર્માણ કરી શકીએ છીએ.

**ટકાઉ વિકાસ લક્ષ્યો :** સંયુક્ત રાષ્ટ્રના ૧૭ ટકાઉ લક્ષ્યો, વસ્તી સંબંધિત પડકારોને પહોંચી વળવા અને સૌના માટે વધુ સારા ભવિષ્યનું નિર્માણ કરવા માટે એક વ્યાપક માળખું પૂરું પાડે છે. ગરીબી નાબૂદી, સારું સ્વાસ્થ્ય અને સુખાકારી, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને લિંગ સમાનતા જેવા લક્ષ્યો સીધા વસ્તીના કલયાણ સાથે જોડાયેલા છે.

**આગળનો માર્ગ :** ૨૦૨૫માં વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરતી વખતે, આપણે નીચેના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું અનિવાર્ય છે.

**પરિવાર આયોજન અને પ્રજનન, સ્વાસ્થ્ય :** સ્વૈચ્છિક પરિવાર નિયોજન સેવાઓની સુલભતા સુનિશ્ચિત કરવી એ વસ્તી વૃદ્ધિને સંતુલિત કરવા અને મહિલાઓના સશક્તિકરણ માટેનું મુખ્ય પગલું છે. UNFPA અનુસાર, આશરે ૨૫૭ મિલિયન મહિલાઓ આધુનિક ગર્ભ નિરોધકની જરૂરિયાત ધરાવે છે. આ જરૂરિયાતને પૂરી કરવી અતિ મહત્ત્વપૂર્ણ છે.

**શિક્ષણ અને કૌશલ્ય વિકાસ :** ખાસ કરીને યુવાનો અને મહિલાઓ માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ અને કૌશલ્ય વિકાસના કાર્યક્રમોમાં રોકાણ કરવું જરૂરી છે જેથી તેઓ આર્થિક રીતે સક્ષમ બની શકે.

**ટકાઉ શહેરી આયોજન :** શહેરોને વધુ રહેવા યોગ્ય, પુનર્જીવનીય ઉર્જાનો ઉપયોગ અને ટકાઉ વપરાશની પેટનને પ્રોત્સાહન આપવું એ ભવિષ્યની પેઢીઓ માટે અનિવાર્ય છે.

**પર્યાવરણીય સંરક્ષણ :** કુદરતી સંસાધનોનું સંરક્ષણ, પુનર્જીવનીય ઉર્જાનો ઉપયોગ અને ટકાઉ વપરાશની પેટર્નને પેટર્નને પ્રોત્સાહન આપવું એ ભવિષ્યની પેઢીઓ માટે અનિવાર્ય છે.

**આંતરરાષ્ટ્રીય સહયોગ :** વસ્તી સંબંધિત પડકારો વૈશ્વિક છે, અને તેનો  સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે સહયોગ અને સંયુક્ત પ્રયાસો આવશ્યક છે.

નિષ્કર્ષમાં, ૧૧ જુલાઈ, ૨૦૨૫નો વિશ્વ વસ્તી દિવસ આપણને માત્ર વસ્તીના આંકડાઓ જ નહીં, પરંતુ દરેક વ્યકિતના જીવનની ગુણવત્તા, સમાનતા અને ટકાઉ ભવિષ્ય માટેની જવાબદારી વિશે વિચારવાની પ્રેરણા આપે છે. આ પડકારોને તકોમાં બદલીને આપણે સૌના માટે વધુ સમૃદ્ધ અને ન્યાયપૂર્ણ વિશ્વનું નિર્માણ કરી શકીએ છીએ.

---

પ્રિન્સિપાલ,
નલિની-અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આર્ટ્સ કૉલેજ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

**બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે આંતરરાષ્ટ્રીય યોગદિવસની ઉજવણી કરવામાં આવી.**

ચારૂતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જિ. ભીખુભાઇ પટેલના વડપણ તથા માર્ગદર્શન હેઠળ ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે બીવીએમ સેન્ટ્રલ કમિટી, નેશનલ સર્વિસ સ્કીમ તથા NCC અંતર્ગત આંતરરાષ્ટ્રીય યોગદિવસની ઉજવણી કરવામાં આવી

આ પ્રસંગે યોગા ઇન્સ્ટ્રક્ટર ડૉ.ઝંખના શાહ અને ડૉ. મહેફુઝા હોલીયાએ ચક્રાસન, તાડાસન, કોણાસન, વજાસન, સલભાસન જેવા વિવિધ આસનો તથા પ્રાણાયામ માટે અનુલોમ-વિલોમ વિશે તમામ સહભાગીઓને માર્ગદર્શન આપ્યું તથા તેના લાભ વિશે જણાવ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન. પટેલે જણાવ્યું હતું કે યોગનો હેતુ લવચીકતા, તાકાત, સંતુલન અને સહનશક્તિ વધારીને એકંદર શારીરિક સુખાકારીમાં સુધારો કરવાનો છે. મુદ્રાઓ (આસનો) અને પ્રાણાયામ મનને શાંત કરવા અને હતાશા, તાણ, ચિંતા અને ઘટાડવાનો પ્રયાસ કરે છે. ધ્યાન એ માનસિક સ્પષ્ટતા, ભાવનાત્મક સ્થિરતા અને આંતરિક ભાવનાને પ્રોત્સાહન આપે છે. યોગ એ આંતરિક સ્વતંત્રતા, સશક્તિકરણને પ્રોત્સાહન આપે છે. તથા આધ્યાત્મિક માર્ગે પ્રગતિ તરફ મદદરૂપ નીવડે છે.

**શાળા પંચાયતની મંત્રી તથા સહમંત્રીની ચૂંટણી :** ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો. શારદા મંદિર, કન્યા શાળામાં ગુરુપૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે તા.૧૦-૦૭-૨૦૨૫ને ગુરુવારે શાળા પંચાયતની મંત્રી તથા સહમંત્રીની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં શાળાની ધોરણ ૬ થી ૧૦ ની તમામ વિદ્યાર્થીની બહેનોએ ડિજિટલ માધ્યમથી વોટિંગ કર્યું હતું. અને શાળાની દરેક વિદ્યાર્થીનીએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. વોટીંગના અંતે ડિજિટલ રીતે જ મતગણતરી દ્વારા મંત્રી તથા સહમંત્રીના નામ જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં પ્રાથમિક વિભાગમાં ધો. ૬ થી ૮ માં મંત્રી તરીકે ચિલમન આચાર્ય અને સહમંત્રી તરીકે કાવ્યા મકવાણા તેમજ માધ્યમિક વિભાગમાં મંત્રી તરીકે ધો.૧૦ની વિદ્યાર્થીની વિશ્વા ધીરજલાલ હડિયા તથા ધો.૯ની વિદ્યાર્થીની કીર્તિ અવધરામ ગોયલ સહમંત્રી તરીકે બહુમતીથી ચૂંટાઈ આવ્યા હતા.

**નલિની કૉલેજમાં વિશ્વ વસ્તી દિન નિમિત્તે તજજ્ઞ વ્યાખ્યાન યોજાયું :** ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી. વી. પટેલ આટ્ર્સ કૉલેજમાં 'વિશ્વ વસ્તી દિન' નિમિત્તે તજજ્ઞ વ્યાખ્યાન યોજાયું. તજજ્ઞ વક્તા તરીકે આટ્ર્સ કૉલેજ ભાદરણના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ. રાકેશ પંડ્યાએ વિશ્વની વસ્તી અંગેના વિવિધ પાસાંઓ આંકડાકીય સંદર્ભ સહિત વિદ્યાર્થીઓ સમક્ષ રસપ્રદ શૈલીમાં રજૂ કર્યા હતા. સાથે સાથે વૈશ્વિક પરિપ્રેક્ષમાં ભારત તથા ગુજરાતની વસ્તી સ્થિતિ સ્પષ્ટ કરી હતી. અધ્યક્ષ સ્થાનેથી કૉલેજના આચાર્ય ડૉ.બી.એમ.પરમાર કહે છે કે વસ્તી વૃદ્ધિથી અનેક સમસ્યાઓ ઊભી થાય છે. તેમણે સ્નાતક કક્ષાએ આવા અભ્યાસોનું મહત્વ વિદ્યાર્થીઓને સદૃષ્ટાંત સમજાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ.મહેશ પરમારે કર્યું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક અને પરિચય અર્થશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ શ્રી ડી. એ. સોલંકીએ કરાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સમાજશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓ સહભાગી થયા.

---

***A story communicates fear, hope, and anxiety, and because we can feel it, we get the moral not just as a concept, but as a teaching of our hearts. That's the power of story.***



ISSN 0976-9609

## Charutar Vidya Mandal - Vallabh Vidyanagar

## Secondary & Higher seondary schools Board Exam Result **(March & July 2025 Combined Result)**

| Sr. No. | Name of School | Appeared in Exam | Pass in March | Fail | Grade | | | | | | | | Pass in July | Total Pass | School Result % | Board Result % |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | A1 | A2 | B1 | B2 | C1 | C2 | D | E | | | | |
| | **Secondary Section** | | | | | | | | | | | | | | | |
| 1. | I.B.Patel English School (GIA) | 159 | 141 | 13 | 6 | 22 | 31 | 45 | 33 | 4 | 0 | 0 | 5 | 146 | 91.82 | 83.08 |
| 2. | I.B.Patel English School (SF) | 135 | 135 | 0 | 22 | 42 | 33 | 27 | 10 | 0 | 0 | 1 | 0 | 135 | 100.00 | 83.08 |
| 3. | G. J. Sharda Mandir | 234 | 222 | 5 | 7 | 23 | 32 | 55 | 71 | 34 | 0 | | 7 | 229 | 97.86 | 83.08 |
| 4. | M. U. Patel Technical | 151 | 102 | 37 | 1 | 8 | 15 | 25 | 27 | 21 | 5 | 0 | 12 | 114 | 75.50 | 83.08 |
| 5. | S. D. Desai High School | 76 | 58 | 6 | 0 | 1 | 9 | 12 | 16 | 18 | 2 | 18 | 12 | 70 | 92.11 | 83.08 |
| 6. | M. S. Mistry High School | 37 | 35 | 0 | 1 | 6 | 8 | 13 | 4 | 3 | 0 | 2 | 2 | 37 | 100.00 | 83.08 |
| 7. | V & C Patel English School (C.B.S.E.) | 118 | 118 | 0 | | | | | | | | | | 118 | 100.00 | 93.66 |
| | **Total** | 910 | 810 | 61 | 37 | 102 | 128 | 177 | 161 | 80 | 7 | 21 | **39** | 849 | 93.30 | |
| | **Higher Secondary Section** | | | | | | | | | | | | | | | |
| 1. | R. P. T. P. HSC (Science Stream) | 545 | 456 | 48 | 4 | 39 | 91 | 94 | 99 | 89 | 38 | 2 | 41 | 497 | 91.19 | |
| 2. | S. M. Patel HSC (Home Science) | 67 | 63 | 2 | 0 | 6 | 19 | 22 | 8 | 7 | 1 | 4 | 2 | 65 | 97.01 | |
| 3. | T. V. Patel HSC (Com.- Arts Stream) | 383 | 352 | 15 | 5 | 28 | 73 | 101 | 104 | 39 | 2 | 0 | 16 | 368 | 96.08 | |
| 4. | V & C Patel English School (Sci.) (CBSE) | 91 | 90 | 1 | | | | | | | | | 0 | 90 | 98.90 | |
| 5 | I.B.Patel English School (SF) | 23 | 23 | 0 | | | | | | | | | 0 | 23 | 100.00 | |
| | **Total** | 1109 | 984 | 66 | | | | | | | | | **59** | 1043 | 94.05 | |


BOOK POST
August 2025

V-Vidyanagar 27 (08)
Published on 05/08/2025
No. of Pages 44 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2024-26
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month

## લંડન (U.K) ખાતે બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ નું ‘‘ગેટ ટુ ગેધર'' યોજાયું.




ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તથા સીવીએમ યુનિવર્સીટીના પ્રેસિડેન્ટ એન્જિનીયર ભીખુભાઇ પટેલ ના વડપણ તથા માર્ગદર્શન હેઠળ લંડન (U.K ) ખાતે બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું ‘‘ગેટ ટુ ગેધર'' યોજાયું. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જિનીયર ભીખુભાઇ પટેલ, ડૉ. ઈંદ્રજિત એન. પટેલ (પ્રિન્સિપાલ,બીવીએમ ), બીવીએમ ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શ્રી અવિનાશભાઈ પટેલ, શ્રી ભૈરવભાઈ ત્રિવેદી, શ્રી રાજેશ જૈન, શ્રી પંકિત શાહ, શ્રી દિલીપ પટેલ, શ્રી બ્રિજેશ પટેલ તથા અન્ય ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જિનીયર ભીખુભાઇ પટેલે હર્ષ ની લાગણી સાથે જણાવ્યું હતું કે ઉપરોક્ત ‘‘ગેટ ટુ ગેધર'' નું સફળ આયોજન એ ખુબ સરાહનીય છે. તેમણે બીવીએમ સાથે ચારુતર વિદ્યામંડળ ની ભગિની સંસ્થાઓને સાથે રાખી યુ.કે અને યુરોપમાં આગવું સ્થાન પ્રાપ્ત કરવા માટે સૌને પ્રેરિત કર્યા હતા જેથી દરેક સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એકબીજાનો પરિચય કેળવે તથા વલ્લભ વિદ્યાનગરના સર્વાંગી વિકાસ માટે બહોળા ફલક પર કાર્ય કરી શકે.

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )